૨૦૩ વર્ષ

દૈનિક

# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 310 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માર્ગશીર્ષ વદ-30 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 30 December 2024, Monday ■ REGD.No. MCS/058/2024-26

સોમવાર, ૩૦ ડિસેમ્બર ૨૦૨૪, (૧૦ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# દ. કોરિયામાં વિમાન દુર્ઘટનામાં ૧૭૯નાં મોત






▸ અઠવાડિયાનો રાષ્ટ્રીય શોક ▸ બેંગકોકથી આવેલું વિમાન એરપોર્ટની બાઉન્ડ્રી સાથે અથડાઈને સળગ્યું

સૉલ (દક્ષિણ કોરિયા): બેંગકોકથી આવેલા જેજુ ઍરના વિમાનને દક્ષિણ કોરિયાની રાજધાનીથી દક્ષિણમાં અંદાજે ૨૯૦ કિલોમીટર દૂર મુઆન વિમાનમથકે નડેલા અકસ્માતમાં ઓછામાં ઓછા ૧૭૯ લોકો માર્યા ગયા હતા. દક્ષિણ કોરિયાની સરકારે ચોથી જાન્યુઆરી સુધી એટલે કે અઠવાડિયાનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો હતો.

વિમાન બોઇંગ ૭૩૭-૮૦૦ જેટ પંદર વર્ષ જૂનું હતું અને વિમાનમથકે સવારે ૯.૦૩ વાગ્યે ઉતરાણના થોડાં સમય પહેલાં તેની સાથે પક્ષીઓનું ઝૂંડ અથડાયું હોવાથી તેનું લૅન્ડિંગ ગિયર ખરાબ થઇ ગયું હોવાનું કહેવાય છે. વિમાનનાં પૈડાં ઉતરાણ વખતે ખૂલી નહોતા શક્યા અને વિમાન ઍરપોર્ટની બાઉન્ડ્રી સાથે અથડાઇને સળગી ગયું હતું. વિમાનમાંના બે કર્મચારી આ દુર્ઘટનામાંથી ઉગરી ગયા હતા.

વિમાનમાં ઓછામાં ઓછા ૮૩ મહિલા, અંદાજે ૮૨ પુરુષ હતા, જ્યારે અન્ય મુસાફર પુરુષ હતા કે મહિલા, તે અંગે સ્પષ્ટતા નહોતી કરાઇ.

દક્ષિણ કોરિયાના મુલકી ઉડ્ડયનના ઇતિહાસની સૌથી ખરાબ દુર્ઘટનામાંની આ એક હતી. વિમાનમાંની આગ ઓલવવા મોટી સંખ્યામાં અગ્નિશામક દળ, પોલીસ, સૈનિકો અને અન્ય કર્મચારીએ નવ કલાકથી વધુ સમય મહેનત કરી હતી. વિમાન આખું સળગી (જુઓ પાનું ૨) ▸▸



**વિમાનમાં આગઃ** દક્ષિણ કોરિયાના મુઆનના આંતરરાષ્ટ્રીય વિમાનમથકે રવિવારે સવારે સળગતું પ્રવાસી વિમાન. પક્ષીઓનું ઝૂંડ વિમાન સાથે અથડાયું તે પછી વિમાનના લૅન્ડિંગ ગિયરમાં ખામી સર્જાઇ હતી અને ઉતરાણ વખતે પૈડાં નહોતા ખુલ્યા અને વિમાન રનવે પરથી સરકીને ઍરપોર્ટની બાઉન્ડ્રી સાથે ભટકાયું હતું. આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૧૭૯ લોકો માર્યા ગયા હતા. (એપી / પીટીઆઇ)






## દેશના બંધારણે સમયની દરેક કસોટી પાસ કરી છેઃ મોદી

▸ મહાકુંભ કા સંદેશ, એક હો પૂરા દેશઃ વડા પ્રધાન

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે વર્ષ ૨૦૨૪ના અંતિમ 'મન કી બાત' કાર્યક્રમમાં જણાવ્યું હતું કે દેશનું બંધારણ આપણા સૌ માટે 'દીવાદાંડી' બની રહ્યું છે અને તેણે સમયની દરેક કસોટી પાસ કરી છે. આગામી પ્રજાસત્તાક દિને બંધારણના અમલની ૭૫મી જયંતી ઊજવાશે.

મોદીએ આગામી 'કુંભમેળા'ને 'એકતાનો મહાકુંભ' ગણાવ્યો હતો અને લોકોને આ ધાર્મિક મેળાવડામાં દ્વેષભાવ અને ભાગલાવાદનો અંત લાવવા અનુરોધ કર્યો હતો તેમ જ જણાવ્યું હતું કે 'મહાકુંભ કા સંદેશ, એક હો પૂરા દેશ'.

મોદીએ ભારતીય સિનેમાના ચાર અગ્રણી - રાજ કપૂર, મહંમદ રફી, અક્કિનેની નાગેશ્વર રાવ (એએનઆર) અને તપન સિંહાને યાદ કર્યા હતા.

મોદીએ જનતાને વૅબસાઇટ constitution75.com જોવા અનુરોધ (જુઓ પાનું ૨) ▸▸

## દહેજની કંપનીના પ્લાન્ટમાં ગેસ લીકેજ થતાં ચાર કામદારનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભરૂચના દહેજ સ્થિત જીએફએલ કંપનીમાં સીએમએસ પ્લાન્ટમાં ગેસ ગળતર થતાં ચાર કામદારોને અસર પહોંચી હતી. ચારેય કામદારોને સારવાર માટે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનાં મોત નીપજ્યાં હતાં. ઘટનાની જાણ થતાં જ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ ખાતે ખસેડી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. પ્રાપ્ત વિગતો પ્રમાણે દહેજ સ્થિત (જુઓ પાનું ૨) ▸▸

## મહાકુંભમાં જડબેસલાક સુરક્ષા

▸ હવા અને પાણીમાં ડ્રોનની ચકોર નજર

મહાકુંભનગર : મહાકુંભમાં સુરક્ષા વ્યવસ્થા એકદમ ચુસ્ત રાખવામાં આવી છે અને પાણીની નીચે ૧૦૦ મીટર અને જમીનથી ૧૨૦ મીટર ઉપર નજર રાખી શકે એવા ડ્રોન તહેનાત કરવામાં આવ્યા છે. આ ભવ્ય મેળામાં ૪૫ કરોડથી વધારે લોકો આવે એવી અપેક્ષા છે. ઉત્તર પ્રદેશમાં પહેલી વાર સંગમ વિસ્તારમાં અંડરવૉટર ડ્રોન ગોઠવવામાં આવ્યા છે. બીજી બાજુ ટેથર્ડ ડ્રોનનો ઉપયોગ આકાશ પરથી સુરક્ષા માટે કરવામાં આવશે. મહાકુંભમેળો ૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી યોજાશે. આ વર્ષે અયોધ્યામાં રામમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા સમારોહ દરમિયાન ગોઠવવામાં આવેલી એન્ટિડ્રોન સિસ્ટમ મહાકુંભ મેળામાં પણ ગોઠવવામાં આવી છે.

ઉત્તર પ્રદેશ સરકારે ગયા અઠવાડિયાની શરૂઆતમાં કહ્યું હતું કે સંગમસ્નાન દરમિયાન દરેક શ્રદ્ધાળુની સુરક્ષાની કાળજી લેવા સુરક્ષાના વિવિધ ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવશે.

અન્ડરવોટર ડ્રોન ચોવીસ કલાક જાપ્તો રાખશે અને ઝાંખા પ્રકાશમાં પણ કામગીરી બજાવશે. આ ડ્રોન ૧૦૦ મીટરની ઊંડાઈ સુધી કાર્યરત રહેશે અને કોઈ પણ સંજોગોમાં સચોટ મહિતી આપશે, એવી માહિતી (જુઓ પાનું ૨) ▸▸

## ભારતની કૉનેરુ હમ્પી રૅપિડ ચેસમાં વર્લ્ડ ચૅમ્પિયન

ન્યૂ યૉર્કઃ ભારતની ૩૭ વર્ષીય ચેસ ગ્રૅન્ડમાસ્ટર કૉનેરુ હમ્પી ફરી એકવાર રૅપિડ ચેસ સ્પર્ધામાં વિશ્વ વિજેતા બની છે. તેણે ઇન્ડોનેશિયાની ઇરીન સુકન્દરને હરાવીને ફિડે વિમેન્સ વર્લ્ડ રૅપિડ ચેસ ચૅમ્પિયનશિપ જીતી લીધી હતી.

હમ્પીએ સૌથી વધુ ૮.૫ પૉઇન્ટ સાથે ટ્રોફી પર કબજો કરી લીધો હતો. તેના પછી બીજા સ્થાને છ પ્લેયર એવી હતી જેમના ૮.૦૦ પૉઇન્ટ હતા અને એ છ ખેલાડીઓમાં ભારતની ડી. હરિકા પણ હતી.



હમ્પી આ પહેલાં ૨૦૧૯માં આ સ્પર્ધા જીતી હતી અને હમ્પી ચીનની જુ વેન્જુન પછીની બીજી એવી મહિલા ચેસ ખેલાડી છે જે રૅપિડ ચેસનું વિશ્વ વિજેતાપદ એક કરતાં વધુ વખત જીતી છે.

આ મહિનાની ૧૨મી તારીખે ચેન્નઈનો ૧૮ વર્ષની ઉંમરનો ડી. ગુકેશ ચીનના ડિન્ગ લિરેનને હરાવીને યંગેસ્ટ ચેસ વર્લ્ડ ચૅમ્પિયન બન્યો ત્યાર બાદ હવે હમ્પીએ ચેસ જગતમાં ભારતનું નામ રોશન કર્યું છે.

સપ્ટેમ્બરમાં ભારત બુડાપેસ્ટ ખાતેની ચેસ ઑલિમ્પિયાડમાં પહેલી જ વખત ચેસ ઑલિમ્પિયાડની ઓપન અને મહિલાઓની કૅટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યું હતું.

હમ્પી અહીં ન્યૂ યૉર્કની સ્પર્ધાનો પ્રથમ રાઉન્ડ હારી ગઈ હતી, પરંતુ ત્યાર પછી તેણે એવું જબરદસ્ત કમબૅક કર્યું કે ૧૧મા અને અંતિમ રાઉન્ડમાં એકમાત્ર તે વિજેતા તરીકે બાકી રહી હતી.

હમ્પીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એકવાર રૅપિડ ચેસમાં વિશ્વ વિજેતાપદ હાંસલ કરવા બદલ સોશિયલ મીડિયામાં અભિનંદન પાઠવ્યા હતા. ■






## ટેક્સાસ અને મિસિસિપીમાં વાવાઝોડુંઃ બેનાં મોત, છ ઘાયલ

હ્યુસ્ટનઃ અમેરિકાના ટેક્સાસ અને મિસિસિપીમાં શનિવારે ફૂંકાયેલા વાવાઝોડામાં ઓછામાં ઓછા બે જણ માર્યા ગયાં હતાં અને છથી વધુ લોકો ઘાયલ થયા હતા.

વાવાઝોડાને લીધે અનેક ઘરને નુકસાન થયું હતું અને ઘણાં વાહનો ઊંધા થઇ ગયા હતા અથવા ઘસડાયા હતા.

હ્યુસ્ટનના દક્ષિણમાં આવેલા લિવરપુલમાં વાવાઝોડાએ એક જણનો ભોગ લીધો હતો, જ્યારે અન્ય ચાર જણ ઘાયલ થયા હતા. લિવરપુલ અને હિલક્રેસ્ટ ગામ તેમ જ એલ્વિનની વચ્ચેના વિસ્તારમાં વાવાઝોડાનું જોર વધું હતું.

મિસિસિપીમાં એડમ કાઉન્ટીમાં એક જણનું વાવાઝોડાને સંબંધિત ઘટનામાં મૃત્યુ થયું હતું, જ્યારે ફ્રન્કલિન કાઉન્ટીમાં બે જણ ઘાયલ થયા હતા.

મિસિસિપીમાં બડ અને બ્રેન્ડન ખાતે વાવાઝોડાની માઠી અસર જોવા મળી હતી અને અનેક ઇમારતની છત ઊડી ગઇ હતી. ઉત્તર હ્યુસ્ટનમાં કેટી અને પોર્ટર હાઇટ્સ ખાતે અનેક હરતાંફરતાં ઘરને વાવાઝોડાથી નુકસાન થયું હતું.

મિસિસિપીમાં અંદાજે ૭૧,૦૦૦ લોકોને ત્યાં વીજ પુરવઠો ખોરવાયો હતો.

હ્યુસ્ટનના બે વિમાનમથક - બુશ ઇન્ટરકોન્ટિનેન્ટલ અને હોબી ખાતે વિમાનોના આગમન અને પ્રસ્થાનમાં ભારે વિલંબ થયો હતો. (એજન્સી)■






## ચોથી ટેસ્ટઃ ઑસ્ટ્રેલિયા ફેવરિટ, મેઘરાજા ડ્રૉ કરાવી શકે અને ચમત્કાર ભારતને જિતાડી શકે

▸ ૨૦૨૧માં ગૅબામાં ભારત આવી જ સ્થિતિમાં જીતેલુંઃ બુમરાહની ૨૦૦ વિકેટ ભારતીયોમાં ફાસ્ટેસ્ટ, ૧૯.૫૬ની ઍવરેજ વિશ્વમાં સર્વશ્રેષ્ઠ

મેલબર્નઃ બૉર્ડર-ગાવસકર ટ્રૉફીની પહેલી ત્રણ ટેસ્ટ બાદ ભારત અને ઑસ્ટ્રેલિયા ૧-૧ની બરાબરીમાં હતા, પણ ચોથી ટેસ્ટ-મૅચ (સવારે ૫.૦૦ વાગ્યાથી) સિરીઝને નવું સમીકરણ આપી શકે. રવિવારના ચોથા દિવસે ઑસ્ટ્રેલિયાના ૧૦૫ રનની સરસાઈ સહિત કુલ ૩૩૩ રન હતા અને એનો બીજા દાવનો સ્કોર ૨૨૮/૯ હતો. આ મૅચમાં ત્રણમાંથી કોઈ પણ એક પરિણામ સંભવ છે. જસપ્રીત બુમરાહ માટે રવિવારનો દિવસ વિક્રમજનક રહ્યો હતો. તેણે માત્ર ૧૯.૫૬ની સુંદર સરેરાશે કુલ ૨૦૦ ટેસ્ટ-વિકેટની સિદ્ધિ મેળવી છે. તે સૌથી ઝડપી ૨૦૦ ટેસ્ટ વિકેટ લેનાર ભારતીય પેસ બોલર તો બન્યો જ છે, તેની ૧૯.૫૬ની ઍવરેજ ૨૦૦ કે વધુ ટેસ્ટ વિકેટ લઈ ચૂકેલા વિશ્વભરના બોલર્સમાં સર્વશ્રેષ્ઠ છે.



માની લઈએ કે ભારતને ૩૫૦ રન જેટલો લક્ષ્યાંક મળશે જે મેલબર્ન જેવા મેદાન પર ચોથી ઇનિંગ્સમાં હાંસલ કરવો કઠિન કહેવાય. બીજું, આ મૅચમાં વરસાદનાં વિઘ્નો આવી ચૂક્યાં હોવાથી સોમવારના છેલ્લા દિવસે મેઘરાજા મૅચને ડ્રૉ કરાવી શકે. ત્રીજું, ભારતનો ટૉપ બૅટિંગ-ઑર્ડર આ શ્રેણીમાં સારો નથી રહ્યો એ જોતાં ભારતને નીતીશ રેડ્ડીના પ્રથમ દાવના ૧૧૪ રન જેવો કોઈ ચમત્કારિક બૅટિંગ પર્ફોર્મન્સ સાથે સિરીઝમાં ૨-૧થી સરસાઈ અપાવી શકે. રિષભ પંત તેમ જ બીજા સિનિયર બૅટર્સે આ કટોકટીના સમયે ફરી ફૉર્મમાં આવવું જ પડશે. બૅટિંગ માટે પિચ સારી છે, પરંતુ બહારના બૉલને છેડવા જતાં કૅચ આપી દેવાની ભૂલ ભારતીય બૅટર્સને હવે જરાય નહીં પરવડે. ૨૦૨૧માં બ્રિસ્બેનના ગૅબામાં અજિંક્ય રહાણેના સુકાનમાં ભારતને જીતવા ૩૨૮ રનનો લક્ષ્યાંક મળ્યો હતો અને શુભમન (જુઓ પાનું ૨) ▸▸



એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પાકિસ્તાન આર્મી બાંગ્લાદેશમાંથી ભારતમાં આતંક ફેલાવી શકે

**બાંગ્લાદેશમાંથી** શેખ હસીનાને ભગાડ્યા પછી નવી રચાયેલી મુહમ્મદ યુનુસની સરકાર એક તરફ ભારત તરફ આકરું વલણ અપનાવી રહી છે ત્યારે બીજી તરફ પાકિસ્તાનના ખોળામાં બેસવા માંડી છે. નોબલ પ્રાઈઝ વિજેતા મુહમ્મદ યુનુસની સરકાર ભારત સાથેના સંબંધોમાં કાપ મૂકી રહી છે ત્યારે પાકિસ્તાનને અછોવાનાં કરી રહી છે. તેના ભાગરૂપે ઢાકાથી-ઈસ્લામાબાદ વચ્ચેની ડાયરેક્ટ ફ્લાઈટ ફરી શરૂ કરી દેવાઈ અને પછી પાકિસ્તાનીઓ માટે વિઝામાં પણ રાહત જાહેર કરી દેવાઈ.

હવે બાંગ્લાદેશના લશ્કરને પાકિસ્તાન આર્મીના અધિકારીઓ ટ્રેનિંગ આપવાના છે અને બાંગ્લાદેશ નેવી પાકિસ્તાન નેવી સાથે મળીને સંયુક્ત કવાયત પણ કરવાનું છે. પાકિસ્તાન દર ૨ વર્ષે સાથી દેશો સાથે કવાયત કરે છે. આ વખતે ૨૦૨૫ના ફેબ્રુઆરીમાં કરાચી બંદરથી પાકિસ્તાન અને બાંગ્લાદેશ નૌકાદળની સંયુક્ત કવાયત શરૂ થવાની છે. આ સંયુક્ત કવાયતને અમન-૨૦૨૫ નામ આપવામાં આવ્યું છે. .બાંગ્લાદેશ નેવી દોઢ દાયકા પછી પહેલી વાર આ કવાયતમાં જોડાશે.

બાંગ્લાદેશમાં જનરલ ઈરશાદનું શાસન હતું ત્યારે પાકિસ્તાન અને બાંગ્લાદેશનાં લશ્કર સંયુક્ત કવાયત કરતાં હતાં. બેગમ ખાલીદા ઝિયાના શાસનમાં પણ આ સિલસિલો ચાલુ રહ્યો હતો પણ શેખ હસીનાને પાકિસ્તાન માટે નફરત હતી. શેખ હસીનાના ૧૫ વર્ષના કાર્યકાળ દરમિયાન બાંગ્લાદેશે પાકિસ્તાન આર્મીથી દૂર રહેવાનું પસંદ કરેલું ને કોઈ પણ કવાયતમાં ભાગ લીધો ન હતો. શેખ હસીના તો એ હદે પાકિસ્તાનનાં વિરોધી હતાં કે ૨૦૨૨માં પાકિસ્તાનના યુદ્ધ જહાજ તૈમૂરને ફ્યુઅલ ભરાવવા માટે ચટગાંવ બંદરે રોકાવાની મંજૂરી પણ આપી ન હતી. તૈમુરે ફ્યુઅલ ભરાવવા માટે છેક મ્યાનમાર સુદી લાંબું થવું પડેલું અને મ્યાનમારના ક્યોકફૂ પોર્ટ પર રોકાવું પડ્યું હતું.

શેખ હસીના પાકિસ્તાન સાથે કોઈ પણ પ્રકારના સહકારની વિરુદ્ધ હોવાથી પાકિસ્તાનીઓ તેમનાથી દૂર ભાગતા હતા. આ કારણે જ પાકિસ્તાનીઓએ હસીનાને ઊથલાવવામાં સક્રિય ભૂમિકા ભજવી અને શેખ હસીના ખસ્યાં કે તરત જ પાકિસ્તાનીઓએ બાંગ્લાદેશમાં આવનજાવન શરૂ કરી દીધી. આઘાતની વાત એ છે કે, બાંગ્લાદેશની મુહમ્મદ યુનુસ સરકાર પણ પાકિસ્તાનની બગલમાં ભરાઈ રહી છે અને તેના ભાગરૂપે જ પાકિસ્તાની લશ્કર સાથે ૫૩ વર્ષ પછી બાંગ્લાદેશ ફરી સંબંધો સ્થાપિત કરીને બેસી ગયું છે.

પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ હમણાં બાંગ્લાદેશ ગયા ત્યારે યુનુસે શરીફને લાલ જાજમ પાથરીને આવકાર્યા હતા. આ યાત્રા દરમિયાન પાકિસ્તાન આર્મીના જોઈન્ટ ચીફ ઓફ સ્ટાફ કમિટીના ચેરમેન જનરલ સાહિર શમશાદ મિર્ઝાએ મોકલેલા બાંગ્લાદેશ આર્મીને ટ્રેનિંગના પ્રસ્તાવ પર પણ ચર્ચા થઈ હતી. મિર્ઝાઓ નવેમ્બરમાં બાંગ્લાદેશને ટ્રેનિંગનો પ્રસ્તાવ મોકલ્યો હતો. યુનુસ તો લશ્કરની કઠપૂતળી છે તેથી બાંગ્લાદેશના આર્મી ચીફ જનરલ વકાર-ઉઝ-ઝમાને આ પ્રસ્તાવને સ્વીકાર્યો એટલે તેમણે પણ લીલી ઝંડી આપી દીધી.

યુનસે લીલી ઝંડી આપતાં જનરલ વકારે પાકિસ્તાન આર્મીને ટ્રેનિંગ માટે ઔપચારિક આમંત્રણ આપ્યું છે. પાકિસ્તાન તો ટાંપીને જ બેઠું છે એટલે તરત કાર્યક્રમ બનાવી દેવાયો. આ કાર્યક્રમ પ્રમાણે, પાકિસ્તાન આર્મીના મેજર જનરલ રેન્કના અધિકારીની આગેવાનીમાં એક વિશેષ ટીમ ૨૦૨૫ના ફેબ્રુઆરીથી બાંગ્લાદેશી લશ્કરને તાલીમ આપશે. ફેબ્રુઆરીમાં શરૂ થનારી ટ્રેનિંગનો પ્રથમ તબક્કો મૈમનસિંહ કેન્ટોનમેન્ટમાં આર્મી ટ્રેનિંગ એન્ડ ડોક્ટ્રિન કમાન્ડ (ATDC) હેડક્વાર્ટર ખાતે યોજાવાનો છે ને આશ્ચર્યજનક વાત એ છે કે, ટ્રેનિંગનો પહેલો તબક્કો એક વર્ષ સુધી ચાલવાનો છે. આર્મીમાં ભરતી કરાય ત્યારે પણ છ મહિનાની તાલીમ હોય છે ને છ મહિનામાં તો કોઈ પણ નવો નિશાળિયો સૈનિક તરીકે તૈયાર થઈ જાય. હવે બાંગ્લાદેશ આર્મી કંઈ નવા નિશાળિયાઓનું બનેલું તો છે નહીં કે તેને વરસ લગી તાલીમ આપવી પડે.

આ સંજોગોમાં પાકિસ્તાન આર્મીની એક વરસ લગી બાંગ્લાદેશમાં હાજરી ભારત માટે ખતરાની ઘંટડી છે. મહત્ત્વની વાત પાછી એ છે કે, આ વરસની તાલીમ પછી પાકિસ્તાન આર્મી બાંગ્લાદેશ આર્મીના તમામ ૧૦ કમાન્ડમાં તાલીમ આપવાની છે. હવે દરેક કમાન્ડમાં એક-એક વરસ તાલીમ આપે તો બાંગ્લાદેશમાં ૧૦ વરસ લગી તો પાકિસ્તાન આર્મીના ધામા પાકા જ થઈ ગયા.

ભારત માટે ખતરાની ઘટંડી એ રીતે છે કે, મૈમનસિંહ કેન્ટોનમેન્ટ ભારતના મેઘાલયની એકદમ નજીક છે. ભારતનાં ઉત્તર-પૂર્વનાં રાજ્યોની એકદમ નજીક પાકિસ્તાની લશ્કરની ટુકડી હોય એ ભારતની સુરક્ષા સામે ખચરો જ કહેવાય. બીજું એ કે, પાકિસ્તાનના ઇરાદા પણ શંકાસ્પદ છે. પાકિસ્તાન ખરેખર બાંગ્લાદેશના આર્મીને ટ્રેનિંગ આપવા આવી રહ્યું છે કે, ભારતમાં ઘૂસાડવા માટે આતંકવાદી કેમ્પો બનાવવા આવી રહ્યું છે એ સવાલ છે. ભૂતકાળમાં આ વિસ્તારમાં કટ્ટરવાદી મુસ્લિમ સંગઠન હુજીના આતંકવાદી કેમ્પો ધમધમતા જ હતા.

શેખ હસીનાએ આ કેમ્પોનો સફાયો કરી નાંખ્યો પછી એ બધા કેમ્પ મ્યાનમારમાં જતા રહેલા. આ આતંકવાદી કેમ્પોના કારણે ભારતની સુરક્ષા સામે મોટો ખતરો ઊભો થઈ ગયેલો તેથી કેન્દ્રમાં નરેન્દ્ર મોદીની સરકાર આવી પછી સૌથી પહેલી સર્જિકલ સ્ટ્રાઈક ૨૦૧૬માં મ્યાનમારમાં જ કરવી પડેલી. આ સર્જિકલ સ્ટ્રાઈક પછી આપણાં ઉત્તર-પૂર્વનાં રાજ્યોમાં આતંકવાદ બંધ થયો પણ હવે ફરી પાકિસ્તાનની એન્ટ્રી થતાં આ આતંકવાદ પાછો ભડકી શકે છે.

પાકિસ્તાન પાસે ભલે ખાવા માટે અનાજ ના હોય પણ ભારતમાં આતંકવાદ ફેલાવવા એ ગમે તે હદે જાય તેમ છે એ જોતાં આ ખતરાને નજરઅંદાજ ના કરી શકાય. બાંગ્લાદેશ આર્મીને ટ્રેનિંગ માટે બાંગ્લાદેશને પાકિસ્તાનથી દારૂગોળાના બે કન્સાઈનમેન્ટ મંગાવ્યા છે. બાંગ્લાદેશે ૪૦ હજાર રાઉન્ડ દારૂગોળા, ૨ હજાર રાઉન્ડ ટેન્ક દારૂગોળો અને ૪૦ ટન આરડીએક્સ મંગાવ્યું છે પણ ખરેખર તેનો ઉપયોગ ટ્રેનિંગ માટે થશે કે ભારત સામે થશે એ શંકા છે.

સંરક્ષણ નિષ્ણાતો માને છે કે, બાંગ્લાદેશ અને પાકિસ્તાનની વધતી જતી નિકટતા ભારતના ૮૦ કિમી પહોળા સિલિગુડી કોરિડોર એટલે કે ચિકન નેક સામે બહુ મોટો ખતરો ઊભો કરી શકે છે. આ કોરિડોર ભારતના ઉત્તર-પૂર્વનાં રાજ્યોને દેશના બાકીના ભાગો સાથે જોડે છે. ભૂતાનનું ડોકલામ ચિકન નેક કોરિડોરની નજીક છે અને ચીનનો તેના પર ડોળો છે. પાકિસ્તાનની હાજરથી ચીનની મેલી મુરાદ પાર પડવામાં મદદ મળશે. બાંગ્લાદેશમાં પાકિસ્તાનના પ્રવેશ પછી ઉત્તર-પૂર્વના કટ્ટરપંથી જૂથો વધુ સક્રિય થશે અને ભારતમાં ઉત્તર-પૂર્વમાં મેથી મારશે. અત્યારે ઉત્તર-પૂર્વમાં શાંતિ છે પણ ભવિષ્યમાં સળગશે એ જોતાં ભારતે તેના માટે અત્યારથી વિચારવું જોઈએ.

બાંગ્લાદેશનું ભૌગોલિક સ્થાન ભારત માટે મહત્ત્વનું છે કેમ કે ભૂતાનનું ડોકલામ પણ ચિકન નેક કોરિડોરની નજીક છે. ચીન તેને કબજે કરવા માગે છે. બાંગ્લાદેશમાં યુનુસ સરકાર અને હવે પાક આર્મીના પ્રવેશ બાદ ચીન માટે સ્થિતિ અનુકૂળ છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ/સૌર શિશિર ઋતુ, સોમવાર, તા. ૩૦-૧૨-૨૦૨૪, સોમવતી અમાસ, પાવાગઢ યાત્રા, કાલબાદેવી યાત્રા

- ભારતીય દિનાંક ૯, માહે પૌષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માર્ગશીર્ષ વદ - ૩૦
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માર્ગશીર્ષ, તિથિ વદ-૩૦
- પારસી શહેનશાહી રોજ ૧૮મો રશ્ને, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૮મો રશ્ને, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૪મો ગોશ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૮મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૯મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર મૂળ રાત્રે ક. ૨૩-૫૬ સુધી, પછી પૂર્વાષાઢા.
- ચંદ્ર ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ.૧૨ અમદાવાદ ક. ૦૭ મિ. ૨૨, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૨, સ્ટા. ટા.

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

- ભરતી : સવારે ક. ૧૧-૨૧, મધ્યરાત્રે ક. ૦૦-૧૭
- ઓટઃ સાંજે ક. ૧૭-૨૧, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૨૬ (તા. ૩૧)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ‘‘ક્રોધી’ નામ સંવત્સર, માર્ગશીર્ષ કૃષ્ણ - અમાવસ્યા. દર્શઅમાસ, સોમવતી અમાસ, પાવાગઢ યાત્રા, કાલબાદેવી યાત્રા (મુંબઈ) અન્વાધાન.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ ચંદ્ર-કેતુ ગ્રહદેવતાનું પૂજન, સોમવતી અમાસનો મહિમા, તીર્થયાત્રા, ગંગા, ગોદાવરી, નર્મદા, સરૈયુ, કાવેરી, ક્રિષ્ના ઈત્યાદિ નદી સ્નાનનો મહિમા. કુંભ સ્નાનો મહિમા, શિવપાર્વતી પૂજા, રુદ્રાભિષેક, તીર્થમાં સ્નાન, દાન, જપ, તપ, તર્પણ, શ્રાદ્ધ, બ્રાહ્મણ ભોજન, સંત, સાધુ, ભોજન, દાન, દક્ષિણા અર્પણ
- આચમનઃ ચંદ્ર-રાહુ ચતુષ્કોણ ઉદ્યોગોમાં સંભાળવું, ચંદ્ર-સૂર્ય યુતિ આધ્યાત્મિક વિષયમાં રુચિ દાખવે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ ચતુષ્કોણ, ચંદ્ર-સૂર્ય યુતિ (તા. ૩૧) માર્ગશીર્ષ અમાસ યોગ, ચંદ્ર વિષુવવૃત્તની મહત્તમ દક્ષિણે ૨૮ અંશ ૨૪ કળાના અંતરે રહે છે. ચંદ્ર ક્રાંતિવૃત્તથી મહત્તમ દક્ષિણે ૪ અંશ ૫૯ કળાના અંતરે રહે છે.
- ગોચરગ્રહોઃ સૂર્ય-ધનુ. વક્રી મંગળ-કર્ક, માર્ગી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- કુંભ, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# અઝરબૈજાનનું વિમાન રશિયાએ તોડી પાડ્યું હોવાનો આક્ષેપ

### મોસ્કો માફી માગે અને વળતર ચૂકવેઃ પ્રમુખની માગણી

બાકુ: અઝરબૈજાનના પ્રમુખ ઇલહામ અલીયેવે રવિવારે આક્ષેપ કર્યો હતો કે રશિયાએ ગયા અઠવાડિયે અઝરબૈજાનનું વિમાન અજાણતાથી તોડી પાડ્યું હતું.

તેમણે અઝરબૈજાનના સરકારી ટેલિવિઝન પર જણાવ્યું હતું કે હું દાવા સાથે કહું છું કે અઝરબૈજાનનું વિમાન ગયા સપ્તાહે રશિયાએ જ તોડી પાડ્યું હતું. અમે એવું નથી કહેતા કે આ વિમાન રશિયાએ ઇરાદાપૂર્વક તોડી પાડ્યું હતું, પરંતુ રશિયાએ તેને અજાણતાથી જ તોડ્યું હતું.

અઝરબૈજાનના પ્રમુખે જણાવ્યું હતું કે રશિયાની ભૂમિ પરથી છોડાયેલા રૉકેટ કે તોપગોળાને લીધે બુધવારે કઝાખસ્તાનમાં આ વિમાન તૂટી પડ્યું હતું. રશિયા ત્યારથી આ આખા મામલાને શાંત પાડવા પ્રયાસ કરી રહ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે રશિયા અત્યાર સુધી આ કિસ્સામાં માત્ર અર્થહીન દલીલ કરે છે.

અઝરબૈજાનના વિમાનની આ દુર્ઘટનામાં અંદાજે ૪૨ જણ માર્યા ગયાં હતાં.

અઝરબૈજાનના પ્રમુખે જણાવ્યું હતું કે રશિયાએ સૌપ્રથમ અઝરબૈજાનની માફી માગવી જોઇએ. બીજું (વિમાન તોડી પાડવાનો) ગુનો કબૂલ કરવો જોઇએ. ત્રીજું રશિયાએ વિમાન તોડી પાડનારા લોકોને સજા કરવી જોઇએ તેમ જ મરનારા, ઘાયલ થયેલા લોકોને અને અઝરબૈજાનને વળતર ચૂકવવું જોઇએ. (એજન્સી)

# રોપ વે યોજનાના વિરોધમાં કટરા સતત પાંચમા દિવસે બંધ, ભૂખ હડતાળની ભાજપ ધારાસભ્યની ધમકી

*સુરેશ એસ. ડુગ્ગર*

રિયાસી/જમ્મુઃ જમ્મુ અને કાશ્મીરમાં વૈષ્ણોદેવી તીર્થયાત્રાના આધાર શિબિર કટરાના કપાટ ત્રિકૂટ પહાડીઓમાં પ્રસ્તાવિત રોપ વે પ્રોજેક્ટના વિરોધને કારણે રવિવારે સતત પાંચમા દિવસે બંધ પાળવામાં આવ્યું હતુ. દરમિયાન ભાજપના ધારાસભ્ય બલદેવ રાજ શર્માએ અટકાયત કરવામાં આવેલા લોકોને ૨૪ કલાકમાં છોડવામાં નહીં આવે તો ભૂખ હડતાળ પર ઊતરવાની ધમકી આપી હતી. દરમિયાન શહેરમાં અગાઉના વિરોધ પ્રદર્શન દરમિયાન અટકાયતમાં લેવાયેલા લોકોને મુક્ત કરવાની માગ સાથે પાંચ લોકોની ભૂખ હડતાળ યથાવત છે.

બંધનું આહવાન કરનાર શ્રી માતા વૈષ્ણોદેવી સંઘર્ષ સમિતિએ કહ્યું કે બંધ દરમિયાન કટરામાં તમામ પ્રવૃત્તિઓ સ્થગિત રહેશે. સમિતિના બંધના આહવાન બાદ કટરામાં સતત પાંચમા દિવસે દુકાનો, રેસ્ટોરન્ટ્સ અને વ્યવસાયિક સંસ્થાઓ બંધ રહી હતી અને રસ્તાઓ સૂમસામ જોવા મળ્યા હતા. બુધવારથી શરૂ થયેલા બંધને કારણે કટરામાં સામાન્ય જીવન ખોરવાઈ ગયું છે, જ્યાં હજારો શ્રદ્ધાળુઓ દરરોજ વૈષ્ણોદેવી ગુફા મંદિરની મુલાકાત લેવા આવે છે.

રવિવારે પ્રદર્શનકારીઓમાં સામેલ થયેલા શર્માએ વહીવટીતંત્રને ચેતવણી આપી હતી કે જો અટકાયત કરવામાં આવેલા સમિતિના સભ્યોને ૨૪ કલાકમાં છોડવામાં નહી આવે તો ભૂખ હડતાલ કરવામાં આવશે. ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યએ પ્રદર્શનકારીઓને કહ્યું હતું કે ‘‘જો વહીવટીતંત્ર અટકાયત કરવામાં આવેલા લોકોને તાત્કાલિક મુક્ત નહી કરે તો હું મારા લોકો સાથે ભૂખ હડતાળ પર બેસીશ. પ્રશાસને તેમને તાત્કાલિક મુક્ત કરવા જોઈએ.’’

શ્રી માતા વૈષ્ણો દેવી શ્રાઈન બોર્ડે ગયા મહિને વરિષ્ઠ નાગરિકો, બાળકો અને અન્ય લોકો માટે મંદિર સુધી પહોંચવાની સુવિધા માટે રોપ વે શરૂ કરવાની યોજનાની જાહેરાત કરી હતી જેને ગુફાથી મંદિર સુધી ૧૩ કિલોમીટરની યાત્રા પુરી કરવા માટે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. લગભગ ૨૫૦ કરોડ રૂપિયાના પ્રસ્તાવિત રોપ વે પ્રોજેક્ટ હેઠળ તારાકોટ માર્ગને રિયાસી જિલ્લામાં ગુફા મંદિર સુધી માટે સાંઝી છત સાથે જોડશે.

# મ.પ્ર.ના ગુનામાં ૧૦ વર્ષના બાળકનું બોરવેલમાં પડી જતાં મોત

ભોપાલઃ મધ્ય પ્રદેશના ગુના જિલ્લામાં ૧૪૦ ફૂટ ઊંડા બોરવેલમાં પડી ગયેલા ૧૦ વર્ષના છોકરાને બચાવવા માટે અનેક એજન્સીઓના ૧૬ કલાકના સઘન પ્રયાસો છતાં તે જીવનની લડાઇ હારી ગયો છે. આ માહિતી અધિકારીઓએ રવિવારે આપી હતી.

ગુના જિલ્લા મુખ્યાલયથી ૫૦ કિમી દૂર રાઘોગઢ વિધાનસભા મતવિસ્તારના પિપલિયા ગામમાં શનિવારે સાંજે લગભગ ૫ વાગ્યે સુમિત મીના નામનો બાળક બોરવેલની ખુલ્લી શાફ્ટમાં પડી ગયો હતો. અધિકારીઓએ જણાવ્યું કે રવિવારે સવારે ૯-૩૦ વાગ્યાની આસપાસ તેને બહાર કાઢવામાં આવ્યો ત્યારે તે બેભાન હતો.

ગુનાના પોલીસ અધિક્ષક સંજીવ સિન્હાના જણાવ્યા મુજબ બાળકને લાઇફ સપોર્ટ સિસ્ટમ પર રાઘોગઢની હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો. ગુના જિલ્લાના મુખ્ય તબીબી અને આરોગ્ય અધિકારી ડૉ. રાજકુમાર ઋષિશ્વરે હૉસ્પિટલમાં પત્રકારોને જણાવ્યું કે દુઃખની વાત છે કે તે હવે આ દુનિયામાં નથી.

રાઘોગઢના કોંગ્રેસ ધારાસભ્ય જયવર્ધન સિંહે સવારે ઘટનાસ્થળેથી જણાવ્યું હતું કે બચાવ ટીમે રાતભર કામ કર્યું હતું. ખાડા અને બોરવેલ વચ્ચેના રસ્તેથી બાળક સુધી પહોંચવા માટે સમાંતર ખાડો ખોદવામાં આવ્યો હતો.

ગુનાના કલેક્ટર સતેન્દ્ર સિંહે જણાવ્યું કે બાળક લગભગ ૧૪૦ ફૂટ ઊંડા બોરવેલમાં ૩૯ ફૂટની ઊંડાઇએ ફસાઇ ગયો હતો. તેણે કહ્યું કે બોરવેલમાં પાણી આવ્યું ન હતું અને તેથી તેના પર કોઇ કવર મૂકવામાં આવ્યું ન હતું.

એનડીઆરએફની ટીમ શનિવારે મોડી સાંજે ભોપાલથી ત્યાં પહોંચી હતી અને ઓપરેશનમાં મદદ કરી હતી.

## પહેલા પાનાનું ચાલુ

### દ. કોરિયામાં

ગયું હતું અને તેની પૂંછડીનો થોડો ભાગ જ ઓળખી શકાય એવો રહ્યો હતો.

વિમાને રનવે પર ઊતરવાની પરવાનગી માગી ત્યારે વિમાનમથકના કન્ટ્રોલ ટાવરે પક્ષીઓ અથડાવાની શક્યતાની ચેતવણી પણ આપી હોવાનું કહેવાય છે, પરંતુ વિમાનની સાથે પક્ષીઓનું ઝૂંડ અથડાતા તે રનવે પરથી સરકીને એરપોર્ટની બાઉન્ડ્રીની દીવાલ સાથે અથડાયું હતું.

વિમાનના બ્લેક બોક્સમાંથી ફ્લાઇટ ડેટા અને કોકપિટ વોઇસ રેકોર્ડર મળ્યું છે અને નિષ્ણાતો તેને તપાસશે. મુઆન વિમાનમથક પહેલી જાન્યુઆરી સુધી વિમાનોના આગમન અને પ્રસ્થાન માટે બંધ કરી દેવાયું છે. દુર્ઘટનાગ્રસ્ત વિમાનમાં થાઇલૅન્ડના બે નાગરિક પણ હોવાનું કહેવાય છે.

દરમિયાન, બોઇંગ કંપનીએ સોશિયલ મીડિયા ‘એક્સ’ પર જણાવ્યું હતું કે અમે જેજુ ઍરના સત્તાવાળાઓના સંપર્કમાં છીએ અને દુર્ઘટનાને લગતી દરેક પ્રકારની તપાસમાં સાથસહકાર આપીશું.

અગાઉ, કોરિયન ઍરલાઇનનું વિમાન ૧૯૯૭માં ગુઆમ ખાતે તૂટી પડ્યું હતું અને તેમાંના ૨૨૮ લોકો માર્યા ગયા હતા. આશિઆના ઍરલાઇન્સનું વિમાન ૨૦૧૩માં સેન ફ્રાન્સિસ્કોમાં તૂટી પડતાં અંદાજે ૨૦૦ જણ માર્યા ગયાં હતાં. (એજન્સી)

### દેશના બંધારણે

કર્યો હતો અને જણાવ્યું હતું કે હવે લોકો વેબસાઇટ પર દેશનું બંધારણ વિવિધ ભાષામાં વાંચી શકે છે, તેને લગતા સવાલ કરી શકે છે અને સંબંધિત વીડિયો અપલોડ પણ કરી શકે છે.

વડા પ્રધાને ૧૩ જાન્યુઆરીએ પ્રયાગરાજમાં શરૂ થઇ રહેલા કુંભમેળા અંગે જણાવ્યું હતું કે મહાકુંભની ખાસિયત માત્ર તેમાં ભાગ લેનારી જનસંખ્યા જ નથી, પણ ‘વિવિધતામાંની એકતા’ છે.

મોદીએ ફિલ્મજગતના અગ્રણીઓને યાદ કરતા જણાવ્યું હતું કે રાજ કપૂરે વિશ્વને ફિલ્મ ક્ષેત્રમાંની ભારતની શક્તિ બતાવી હતી, જ્યારે મહંમદ રફીનો જાદુઇ અવાજ દિલને સ્પર્શી જનારો છે. મહંમદ રફીએ ભક્તિનાં ગીતો, રૉમેન્ટિક ગીતો અને દરદભર્યાં ગીતો પણ ગાયા હતાં. તેમણે જણાવ્યું હતું કે અક્કિનેની નાગેશ્વર રાવ તેલુગુ સિનેમાને નવી ઊંચાઇએ લઇ ગયા હતા. તેમની ફિલ્મોમાં ભારતીય પરંપરા અને મૂલ્યો ઝલકતા હતા. વડા પ્રધાને જણાવ્યું હતું કે તપન સિંહાજીની ફિલ્મો રાષ્ટ્રીય એકતા અને સામાજિક જાગૃતિના સંદેશ આપતી હતી. (એજન્સી)

### દહેજની કંપનીના

જીએફએલ કંપનીના પ્રોડક્શન વિભાગમાં આવેલા ક્લોરો મિથેઇલ પ્લાન્ટના ગ્રાઉન્ડ ફ્લોરમાં કોલમ ટોમ કન્ડેન્સર પાઈપ લાઈન છે. જેમાં સીટી ક્લોરોફોમ, મિથાઇલ ક્લોરાઇડ અને એચસીએલ વેપર નામના ગેસનું મિશ્રણ કરવામાં આવે છે. શનિવારે રાત્રે બે ગેસ પાઈપ લાઈનમાંથી ગેસ ગળતર થયું હતું. એ સમયે કામ કરતા કર્મચારીઓને ગેસ ગળતરની અસર થઈ હતી.

તેમને પ્રાથમિક સારવાર માટે કંપનીના ઓ.એચ.સી. ખાતે ખસેડાયા હતા. જ્યાંથી તેમને વધુ સારવાર અર્થે ખાનગી હૉસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં કામદારોની હાલત ગંભીર જણાતાં કામદારોને આઈસીયુમાં દાખલ કરાયા હતા. સારવાર પહેલાં તેમનાં મોત નીપજ્યાં હતાં. આ બનાવ અંગે એસડીએમ મનીષા મનાણી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, આ બનાવ અંગે સવારે જાણ થઈ હતી. જાણ થતાં જ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જીએફએલ કંપનીના ડેપ્યુટી જનરલ મૅનેજર જિજ્ઞેશ પરમારે જણાવ્યું હતું કે, આ દુર્ઘટનામાં કંપનીના ચાર કામદારોનાં મોત નીપજ્યાં છે. કંપની તરફથી મૃતકોના પરિવારજનોને ૨૫ લાખ રૂપિયાનું વળતર આપવાનું નક્કી કરાયું છે. વહીવટી તંત્ર દ્વારા જે નક્કી કરાશે તે પ્રમાણે સહયોગ કરીને વળતર ચૂકવાશે. આ દુર્ઘટના કઈ રીતે બની તેની અમારા દ્વારા પણ તપાસ હાથ ધરાઈ છે. દહેજની જીએફએલ કંપનીમાં ગેસ લિકેઝને કારણે થયેલી દુર્ઘટનામાં ત્રણ કામદાર અને એક કર્મચારીનું મોત માત્ર એક ઘટના નથી, પરંતુ ભરૂચ જિલ્લામાં રોજ બનતા ઔદ્યોગિક અકસ્માતોની કડીનો ભાગ છે. મૃતકોના પરિવારજનોને તાત્કાલિક ન્યાય મળે અને પૂરતું વળતર આપવામાં આવે તે માટે કલેક્ટર અને વહીવટી તંત્ર જવાબદાર છે. રાજ્ય સરકાર અને મુખ્ય પ્રધાન કાર્યાલયને આ બાબતને ગંભીરતાથી લેવા અને ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓ અટકાવવા માટે તાત્કાલિક પગલાં લેવાં કોંગ્રેસે રજૂઆત કરી હતી.

### મહાકુંભ

પોલીસ અધિકારીએ આપી હતી.

ઈન્સ્પેક્ટર જનરલ ઑફ પોલીસ (પૂર્વઝોન, પ્રયાગરાજ) રાજીવ નારાયણ મિશ્રે તાજેતરમાં વધારે ઝડપવાળા અન્ડરવોટર ડ્રોન લોન્ચ કર્યા હતા.

આ આધુનિક અન્ડરવોટર ડ્રોન પાણીની ૧૦૦ મીટર અંદર સુધી જઈ શકે અને ઈન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરને વાસ્તવીક સમયમાં પ્રવૃત્તિનો અહેવાલ મોકલશે. આ ડ્રોન અમર્યાદિત અંતર સુધી કામ કરી શકે. જો કોઈ શંકાસ્પદ વસ્તુ દેખાય તો એ તત્કાળ એ કમાન્ડ સેન્ટરને જાણ કરશે.

પાણીમાં નજર રાખવા ૭૦૦ હોડીમાં પીએસી, એનડીઆરએફના જવાનો તહેનાત કરવામાં આવશે. રીમોટથી ચાલતા લાઈફબુયોને પ્રેક્ષકોની સુરક્ષા માટે મુકવામાં આવ્યા છે.

એક અધિકારીએ નામ ન જણાવાની શરતે કહ્યું હતું કે એન્ટિડ્રોન સિસ્ટમ રડારની મદદથી હવાઈક્ષેત્રમાં કોઈ અજાણી શંકાસ્પદ વસ્તુ સહેલાઈથી પકડી શકાશે.

પોલીસના બીજા અધિકારીએ કહ્યું હતું કે સારી કામગીરી માટે હાઈ ડેફિનિશન કેમેરાથી સજ્જ ડ્રોન કંટ્રોલ સેન્ટરને જીવંત ફોટા મોકલશે. આનાથી અધિકારી પ્રેક્ષકોના પ્રવાહને અંકુશમાં રાખી શકશે, ક્યાં ભીડ જમા થઈ એના પર નજર રાખી શકશે અને તાકીદની પરિસ્થિતિમાં ત્વરિત જવાબ આપશે. કેમેરાની રેન્જ મેલા વિસ્તારથી વધારે છે અને આની મદદથી રેલવે સ્ટેશન, બસ ટર્મિનલ અને એરપોર્ટ વગેરેમાં જમા થયેલી ભીડ પર નિયંત્રણ રાખી શકશે. ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે સુરક્ષા જાળવવા અને ઓપરેશનની કાર્યક્ષમતા સુધારવા આધુનિક તંત્રજ્ઞાનનો ઉપયોગ કરવા પર ભાર મૂક્યો છે. (એજન્સી)

### ચોથી ટેસ્ટ

ગિલના ૯૧ રન તેમ જ ખાસ કરીને ૧૮૧ મિનિટ સુધી ક્રીઝમાં ટકી રહેલા રિષભ પંતના અણનમ ૮૯ રન અને વૉશિંગ્ટન સુંદરના બાવીસ રનની મદદથી ભારતે છેલ્લી ક્ષણોમાં સાત વિકેટના ભોગે ૩૨૯ રન બનાવીને યાદગાર વિજય હાંસલ કર્યો હતો.

વર્લ્ડ નંબર-વન ટેસ્ટ બોલર અને વર્તમાન સિરીઝમાં સૌથી વધુ ૨૯ વિકેટ લઈ ચૂકેલો જસપ્રીત બુમરાહ (૨૪-૭-૫૬-૪) ફરી એકવાર કાંગારુંઓને ભારે પડ્યો હતો, પરંતુ ઑસ્ટ્રેલિયાના વનડાઉન બૅટર માર્નસ લાબુશેન (૭૦ રન, ૧૩૯ બૉલ, ત્રણ ફોર) તેમ જ પૂંછડિયા બૅટર્સ ભારતને ભારે પડ્યા હતા. ઘણી વાર ભારતને હરીફ ટીમના ટૉપ-ઑર્ડરના મિડલ-ઑર્ડરના નહીં, પણ ટેઇલ-એન્ડર્સ નડી જતા હોય છે અને મેલબર્નમાં એનું પુનરાવર્તન થયું.

કૅપ્ટન પૅટ કમિન્સ (૪૧ રન, ૯૦ બૉલ, ચાર ફોર) તેમ જ નૅથન લાયન (૪૧ નૉટઆઉટ, ૫૪ બૉલ, પાંચ ફોર) અને સ્કૉટ બૉલેન્ડ (૧૦ નૉટઆઉટ, ૬૫ બૉલ, એક ફોર)એ ભારતીય બોલર્સને ખૂબ હંફાવ્યા હતા. ૯૧ રનમાં ઑસ્ટ્રેલિયાની છ વિકેટ પડી ચૂકી હતી અને ૧૫૬ રનના સ્કોર પર આઠમી વિકેટ પડી હતી, પણ ત્યાર બાદ આ નીચલા ક્રમના બૅટર્સે ટીમનો સ્કોર ૨૨૮/૯ સુધી પહોંચાડી દીધો હતો.

ટૂંકમાં, ઑસ્ટ્રેલિયાના ૮, ૧૦ અને ૧૧મા નંબરના બૅટર્સ કુલ મળીને ૩૫ ઓવર રમી ગયા હતા. ઓપનર યશસ્વી જયસ્વાલથી ત્રણ કૅચ છૂટ્યા હતા જે ભારતની સંભવિત હાર માટે જવાબદારી બની શકે. જોકે પૂંછડિયાઓની આ ૩૫ ઓવરની બૅટિંગ પણ ભારતને કારણરૂપ બની શકે.

બુમરાહ ટેસ્ટ-ક્રિકેટમાં ૨૦૦ વિકેટ લેનાર ભારતનો ફાસ્ટેસ્ટ પેસ બોલર બન્યો છે. તેણે ૪૪મી ટેસ્ટમાં ૨૦૦ વિકેટની સિદ્ધિ મેળવી છે. કપિલ દેવે ૫૦મી ટેસ્ટમાં આ સિદ્ધિ મેળવી હતી અને રવિવાર પહેલાં ભારતીય રેકૉર્ડ તેમના (કપિલના) નામે હતો. રવિવારે ટ્રેવિસ હેડ (૧ રન) બુમરાહનો ૨૦૦મો શિકાર બન્યો હતો. રવીન્દ્ર જાડેજાએ પણ ૪૪મી ટેસ્ટમાં ૨૦૦મી વિકેટ લીધી હતી. જોકે ભારતના તમામ બોલર્સમાં સૌથી ઝડપે (સૌથી ઓછી ટેસ્ટમાં) ૨૦૦ વિકેટ લેનારાઓમાં રવિચન્દ્રન અશ્વિન મોખરે છે. તેણે ફક્ત ૩૭મી ટેસ્ટમાં ૨૦૦મી વિકેટ લીધી હતી.

બુમરાહની ૧૯.૫૬ની બોલિંગ-સરેરાશ ૨૦૦ કે વધુ વિકેટ લઈ ચૂકેલા વિશ્વભરના બોલર્સમાં બેસ્ટ છે. માલ્કમ માર્શલે ૨૦.૯૪ની સરેરાશે ૩૭૬ વિકેટ તથા જોએલ ગાર્નરે ૨૦.૦૦ની ઍવરેજે ૨૫૯ વિકેટ લીધી હતી. ગ્લેન મૅકગ્રા (૨૧.૬૪) અને જેમ્સ ઍન્ડરસન (૨૬.૪૫) પણ બુમરાહથી પાછળ છે.

બુમરાહે રવિવારે બીજા દાવમાં પણ ઑસ્ટ્રેલિયાની ચાર વિકેટ લીધી હતી. તેને પાંચ વિકેટની (ફાઇવ-ફૉરની) વધુ એક સિદ્ધિ મેળવવાનો સુવર્ણ મોકો હતો, પરંતુ સ્લિપમાં જ્યારે કેએલ રાહુલે મહા મહેનતે નૅથન લાયનનો કૅચ પકડ્યો ત્યારે બીજી જ ક્ષણે જાણ થઈ હતી કે બુમરાહનો એ નો-બૉલ હતો. અધૂરામાં પૂરું, છેલ્લા બૉલમાં લાયને ફોર ફટકારી હતી.

બુમરાહ પરફેક્ટ લાઇન ઍન્ડ લેન્ગ્થમાં બૉલ ફેંકતો હતો. તેના વિચિત્ર બાઉન્સમાં બૅટર્સ વિકેટ ગુમાવી બેસતા અથવા આઉટ થતાં બચી જતા હતા. તેના બૉલની લેટ મૂવમેન્ટથી પણ બૅટર્સ ત્રસ્ત હતા. જોકે છેલ્લા સત્રમાં ભારતીય ટીમે ખરાબ ફીલ્ડિંગને લીધે બાજી હરીફોના હાથમાં જવા દીધી હતી. સવારે બુમરાહે પહેલાં તો ટીનેજ ઓપનર સૅમ કૉન્સ્ટેસ (૮ રન)નું સ્ટમ્પ ઉડાડ્યું હતું. ત્યાર બાદ તેણે ટ્રેવિસ હેડ (૧), મિચલ માર્શ (૦) અને ઍલેક્સ કેરી (૨)ને પણ આઉટ કર્યા હતા.

બુમરાહને આ સિરીઝમાં પહેલી વાર સામા છેડેથી પેસ બોલર્સનો પૂરતો સપોર્ટ મળ્યો હતો. આકાશ દીપને ૫૩ રનમાં વિકેટ નહોતી મળી, પણ તેની બોલિંગમાં છૂટેલા કૅચને લીધે તેને નુકસાન જરૂર થયું હતું. મોહમ્મદ સિરાજે ૬૬ રનમાં ત્રણ અને રવીન્દ્ર જાડેજાએ ૩૩ રનમાં એક વિકેટ લીધી હતી. નીતીશ કુમાર રેડ્ડીને ફક્ત એક અને ઑફ-સ્પિનર વૉશિંગ્ટન સુંદરને માત્ર ચાર ઓવર બોલિંગ મળી હતી જેમાં તેણે સાત રન આપ્યા હતા.

# મહારાષ્ટ્ર - ગોવામાં વીડિયો કૉન્ફરન્સિંગની સુનાવણી માટે નવા નિયમો

મુંબઈઃ બૉમ્બે હાઇકોર્ટે રાજ્યની અદાલતો અને ટ્રિબ્યુનલ્સની ન્યાયિક કાર્યવાહીને આધુનિક બનાવવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. મહારાષ્ટ્રમાં અદાલતી સુનાવણી માટે વીડિયો કૉન્ફરન્સિંગ (વીસી)ના નવા નિયમો લાગુ કરવામાં આવ્યા છે. આ નિયમો ઑનલાઈન સુનાવણીની સુરક્ષા અને પ્રામાણિકતાની ખાતરી કરશે. સાથે જ અદાલતો ટેક્નોલૉજી સાથે તાલમેલ વધારશે. નવા નિયમો હેઠળ વીસી હેઠળ થનારી તમામ સુનાવણીને સત્તાવાર ન્યાયિક કાર્યવાહી તરીકે ગણવામાં આવશે.

નવા નિયમો 'કોર્ટ ૨૦૨૨ના વીસી માટે બૉમ્બે હાઈકોર્ટના નિયમ' શીર્ષક તરીકે ઓળખાશે. આ નિયમ મહારાષ્ટ્ર, ગોવા, દાદરા અને નગર હવેલી, દમણ અને દીવમાં ૨૯ ડિસેમ્બરથી ૨૦૨૪થી અમલમાં આવ્યા છે.

ઉપરોક્ત નિયમો રાજ્યની તમામ ફૅમિલી કોર્ટ, લેબર કોર્ટ, ઔદ્યોગિક કોર્ટ, કો-ઓપરેટિવ કોર્ટ, મોટર એક્સિડન્ટ ક્લેઈમ્સ ટ્રિબ્યુનલ અને સ્કૂલ ટ્રિબ્યુનલમાં લાગુ પડશે. નિયમોમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે અદાલતની બહારથી સુનાવણી દરમિયાન સુરક્ષા જાળવવા માટે ન્યાયિક કાર્યવાહીની અનધિકૃત રેકોર્ડિંગ પૂર્ણતયા પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

નિયમો અનુસાર, ઑનલાઈન સુનાવણીમાં ભાગ લેવા ઇચ્છતા લોકોએ ઇમેઇલ દ્વારા સરકાર દ્વારા જારી કરાયેલું માન્ય પ્રમાણપત્ર અદાલતમાં રજૂ કરવું પડશે. આવા દસ્તાવેજો નહીં હોય તો તેમણે અંગત વિગતો આપવાની રહેશે. અદાલતે આ માટે એક ફોર્મેટ નક્કી કર્યું છે. વીસીની સુચારુ સુનાવણી માટે કો-ઓર્ડિનેટરની નિમણૂક કરવામાં આવશે, જે ટેક્નિકલ પાસાઓ અને ટેક્નિકલ સિસ્ટમની દેખરેખ માટે જવાબદાર રહેશે. ■




**મેગા બ્લૉકની હાડમારીઃ** રવિવારે સેન્ટ્રલ રેલવેની મેઈન લાઈન અને હાર્બર લાઈનમાં મેગા બ્લૉકને કારણે પ્રવાસીઓ રઝળી પડ્યા હતા. નવી મુંબઈના પ્રવાસીઓએ બસ પર મદાર રાખવો પડ્યો હતો, જેને કારણે બસ સ્ટોપ પર પ્રવાસીઓની લાંબી લાઈનો નજરે પડી હતી. (અમય ખરાડે)

# ખેડૂતો માટે કેન્દ્ર સરકાર વધુ સ્કીમ અંગે કાર્યરતઃ શિવરાજસિંહ ચૌહાણ

પુણેઃ ખેડૂતોને તેનાં ઉત્પન્નની આંતરરાજ્ય સ્તરની બજારોમાં હેરફેર કરવા માટે મદદરૂપ થવા માટે કેન્દ્ર તથા રાજ્ય સરકાર તેની સ્કીમ અંગે કાર્ય કરી રહી હોવાનું કેન્દ્રીય કૃષિ પ્રધાન શિવરાજસિંહ ચૌહાણે આજે જણાવ્યું હતું.

અત્રે ગોખલે ઈન્સ્ટિટ્યૂટ ઑફ પોલિટિક્સ ઍન્ડ ઈકોનોમિક્સ (એઈઆરસી)ના પ્લેટિનમ જ્યુબિલિ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે ખેડૂતો તેનાં ઉત્પન્નની લાંબા અંતર સુધી ડિલિવરી કરી શકે તે માટે કેન્દ્ર સરકાર નવી સ્કીમ પર કાર્ય કરી રહી છે.

તેમણે જણાવ્યું હતું કે દેશના કુલ જીડીપી (ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ)માં કૃષિ ક્ષેત્રનો હિસ્સો ૧૮ ટકા જેટલો બહોળો છે અને કૃષિ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા માટે સરકાર ઘણી દિશામાં કાર્ય કરી રહી છે.

સંબોધનમાં તેમણે કુદરતી સ્રોતના ન્યાયિક વપરાશ પર ભાર મૂકવાની સાથે પેસ્ટિસાઈડ્સનો આડેધડ થતો ઉપયોગ બંધ કરવા અનુરોધ કરતાં જણાવ્યું હતું કે હવે કુદરતી ખેતી તરફ વળવાની તાતી આવશ્યકતા છે અને તેને માટે આપણી પાસે પૂર્ણ ક્ષમતા પણ છે. તેમણે જણાવ્યું હતું કે ૨૫ ડિસેમ્બરના રોજ લોન્ચ થનારા રિવર લિન્કિંગ પ્રોજેક્ટ અંગે કહ્યું હતું કે તેનો ખેડૂતોને લાભ થશે. તેમ જ ઓછાં પાણી સાથે વધુ સિંચાઈ થાય તેવી ટેક્નોલૉજી વિકસાવવા હાકલ કરવાની સાથે પ્રયોગશાળાને ખેતર સુધી લઈ જવાની સાથે સંશોધકોને માત્ર પ્રયોગશાળા સુધી સીમિત ન રહેવા અનુરોધ કર્યો હતો. કિસાન અને સંશોધકો વચ્ચેની ખાઈ પૂરી કરવા માટે તાજેતરમાં ડીડી કિસાન ચેનલ પર 'મોર્ડન કૃષિ ચૌપાલ' શરૂ કરવામાં આવ્યો છે. ■

# હોમિયોપથી ડૉક્ટરોને એલોપથી દવા લખી આપવાની મંજૂરીનો વિરોધ

મુંબઈઃ મહારાષ્ટ્રના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)એ શુક્રવારે એક નિવેદન બહાર પાડીને હોમિયોપેથી ડૉક્ટરોને એલોપેથિક દવાઓ લખી આપવાની (પ્રિસ્ક્રાઈબ કરવાની) મંજૂરી આપી છે. આ નિર્ણયથી એલોપથીની પ્રૅક્ટિસ કરતા ડૉક્ટરોમાં વ્યાપક સ્તરે રોષ અને નારાજગી ફેલાયેલાં છે. રાજ્યના ડૉક્ટરોની સર્વોચ્ચ સંસ્થા ઇન્ડિયન મૅડિકલ ઍસોસિયેશન (આઈએમએ)એ આ નિર્ણયને સખ્ત શબ્દોમાં વખોડી કાઢ્યો છે અને એફડીએના આ પગલાંને અદાલતમાં પડકારવાનું નક્કી કર્યું છે.

થોડાં વર્ષો પહેલાં આયુર્વેદ શાખાના ડૉક્ટરોએ પણ બ્રિજ કોર્સ દ્વારા એલોપથીની પ્રૅક્ટિસ કરવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે પણ આઇએમએએ તેની સામે કડક વલણ અપનાવ્યું હતું. ઘણાં વર્ષોથી, અન્ય તબીબી શાખાઓના ડૉક્ટરો એલોપથીની પ્રૅક્ટિસ કરવાની મંજૂરી માટે સરકાર સમક્ષ રજૂઆત કરી રહ્યા છે. આ પ્રયાસને આગળ વધારવા માટે આરોગ્ય પ્રધાન સાથે અનેક બેઠકો થઈ ચૂકી છે. સરકારે હવે આને મંજૂરી આપી દીધી છે, ત્યારે હોમિયોપેથી ડૉક્ટરોને એલોપથીની પ્રૅક્ટિસ કરવાની તક આપવામાં આવી હોવાના અહેવાલ છે.

આઇએમએ સતત રાષ્ટ્રીય સ્તરે ક્રોસપથી (એક શાખા દ્વારા બીજી શાખાની પદ્ધતિનો ઉપયોગ)નો વિરોધ કરે છે. દરેક શાખાના ડૉક્ટરોએ માત્ર તેમના સંબંધિત ક્ષેત્રોમાં જ પ્રૅક્ટિસ કરવી જોઈએ, સંશોધન કરવું જોઈએ અને તેમની દવાની શાખાના વિકાસ તરફ કામ કરવું જોઈએ. આ પ્રકારના એક વર્ષના કોર્સથી અધૂરું જ્ઞાન ધરાવતા ડૉક્ટરો પેદા થશે, જે સમાજને નોંધપાત્ર નુકસાન પહોંચાડી શકે છે. આધુનિક ચિકિત્સાનો અભ્યાસ કરવા માટે વર્ષોનાં સખત શિક્ષણની જરૂર પડે છે.

આઇએમએ (મહારાષ્ટ્ર)ના પ્રમુખ ડૉ. સંતોષ કદમે જણાવ્યું હતું કે 'હોમિયોપેથી ડૉક્ટરોને પરવાનગી આપવાનો મુદ્દો પહેલી વાર ઉપસ્થિત થયો હતો ત્યારે અમે અદાલતમાં ગયા હતા. આ મામલો હાલમાં ન્યાયાધીન છે. અદાલતે તેમને આવી પ્રૅક્ટિસ માટે કોઈ પરવાનગી આપી ન હતી, ફક્ત તેમને અભ્યાસક્રમ કરવાની મંજૂરી આપી હતી. અદાલતે તેમને એલોપથીની પ્રૅક્ટિસ કરવાની સત્તા આપી નથી. હવે અમે એફડીએના આ નિર્ણયને કોર્ટમાં પણ પડકારીશું.' ■

# ઝવેરીને પોલીસ કેસમાં સપડાવવા કર્મચારીએ ઘડ્યું કાવતરુંઃ ત્રણ પકડાયા

## ઝવેરીની હત્યાનો પણ પ્રયાસ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈના ઝવેરીબજાર ખાતેના જાણીતા ઝવેરીને પોલીસ કેસમાં સપડાવવા માટે તેના જ કર્મચારીએ કાવતરું ઘડ્યું હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી હતી. ક્રાઈમ બ્રાન્ચે આ કેસમાં ઝવેરીના એકાઉન્ટન્ટ સહિત ત્રણ આરોપીની ધરપકડ કરી હતી. ઝવેરીનાં બૅન્ક ખાતાંમાંથી કરાયેલી ૭૦ લાખ રૂપિયાની ઉચાપતનો મામલો છતો ન થાય તે માટે તેની હત્યાનો પ્રયાસ પણ કરાયો હતો.

ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૯ના અધિકારીઓએ ગેરકાયદે શસ્ત્રોની માહિતીને આધારે કેતન પારેખ અને સુદર્શન ગુપ્તાને તાબામાં લીધા હતા. તેમની પાસેથી દેશી બનાવટની પિસ્તોલ અને નવ કારતૂસ મળી આવી હતી. પિસ્તોલ અને કારતૂસ બાબતે આરોપીઓની પૂછપરછ કરતાં પોલીસને ચોંકાવનારી માહિતી મળી હતી.

પોલીસ તપાસ અનુસાર આરોપી કેતન પારેખ દક્ષિણ મુંબઈના ઝવેરીની દુકાનમાં એકાઉન્ટન્ટ તરીકે કામ કરતો હતો. કંપની અને ઝવેરીના પરિવારજનોનાં બૅન્ક ખાતાંના આર્થિક વ્યવહાર પર દેખરેખ રાખવાની જવાબદારી પારેખની હતી. કહેવાય છે કે ઝવેરીની જાણબહાર પારેખે લગભગ ૭૦ લાખ રૂપિયા અન્ય ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. આ નાણાંમાંથી તેણે સોનું પણ ખરીદ્યું હતું. ઓડિટ દરમિયાન આ ઉચાપતની જાણ ઝવેરીને ન થાય તે માટે પારેખે કાવતરું ઘડ્યું હતું.

આરોપીઓ પાસેથી મળેલી પિસ્તોલ અને કારતૂસો ઝવેરીની દુકાનમાં સંતાડીને તેની માહિતી પોલીસને આપવાની યોજના હતી. ■

# હૉસ્પિટલના સિક્યોરિટી ગાર્ડની હત્યા પ્રકરણે એકાઉન્ટન્ટની ધરપકડ

લાતુરઃ લાતુર શહેરમાં આવેલી હૉસ્પિટલના સિક્યોરિટી ગાર્ડની હત્યા સાથે સંકળાયેલા એકાઉન્ટન્ટની પોલીસે ધરપકડ કરી હતી.

એકાઉન્ટન્ટ પકડાતાં આ કેસમાં ધરપકડ કરાયેલા આરોપીઓની સંખ્યા ત્રણ પર પહોંચી હતી. અગાઉ મુખ્ય આરોપી ડૉક્ટર અને તેના ભાણેજની પણ ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા મુજબ બેરહેમીથી મારપીટને કારણે ૧૧ ડિસેમ્બરે હૉસ્પિટલના સિક્યોરિટી ગાર્ડ બાલુ ભરત ડોંગરે (૩૫)નું મૃત્યુ થયું હતું. આ પ્રકરણે શિવાજી નગર પોલીસે હૉસ્પિટલના માલિક ડૉ. પ્રમોદ ઘુગે અને તેના ભાણેજ અનિકેત મુંડે વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ પ્રકરણે તપાસ હાથ ધરી પોલીસે ઉત્તરાખંડના આશ્રમમાંથી ૨૩ ડિસેમ્બરે ઘુગેને પકડી પાડવામાં આવ્યો હતો, જ્યારે ૨૫ ડિસેમ્બરની રાતે મુંડેની ધરપકડ કરવામાં આવી હતી.

આરોપીઓની પૂછપરછમાં હૉસ્પિટલમાંની મેડિકલ શૉપમાંના એકાઉન્ટન્ટ જયરામ દેવીદાસ કાંબળે (૪૬)નું નામ સામે આવ્યું હતું. પોલીસે રાજીવ ગાંધી ચોક નજીકથી શનિવારે તેને તાબામાં લીધો હતો.

પોલીસે જણાવ્યું હતું કે લિફ્ટ કોન્ટ્રાક્ટરનું કથિત અપહરણ કરવામાં ઘુગેએ ડોંગરેની મદદ લીધી હતી, પરંતુ બાદમાં નાણાં ચૂકવવાનો ઇનકાર કરી દીધો હતો. આ વાતને લઈ ઘુગે અને ડોંગરે વચ્ચે ઝઘડો થયો હતો, જેમાં ડોંગરેએ જીવ ગુમાવ્યો હતો. ઘુગે અને મુંડેને કોર્ટે ૩૦ ડિસેમ્બર સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. (પીટીઆઈ) ■

# મહાનગરોમાં ઘર મોંઘાં થયાં, વેચાણમાં ઘટાડો

મુંબઈઃ દેશનાં સાત મોટાં મહાનગરોમાં ૨૦૨૪માં ફ્લેટના વેચાણમાં ચાર ટકાનો ઘટાડો થયો હોવા છતાં એના વેચાણ ભાવમાં ૧૬ ટકાનો વધારો થયો છે. વર્ષ દરમિયાન સાત મહાનગરોમાં ૫.૬૮ લાખ કરોડ રૂપિયાના મૂલ્યના ૪ લાખ ૫૯ હજાર ૬૫૦ ફ્લેટનું વેચાણ થયું હતું. ૨૦૨૩માં ૪ લાખ ૭૬ હજાર ૫૩૦ ફ્લેટ વેચાયા હતા, જેની કિંમત ૪.૮૮ લાખ કરોડ રૂપિયા હતી. મુંબઈમાં સૌથી વધુ ૧ લાખ ૫૫ હજાર ૩૩૫ ફ્લેટ વેચાયા હતા અને પુણેમાં ૮૧ હજાર ૯૦ ફ્લેટ વેચાયા હતા.

હાઉસિંગ સેક્ટરમાં ૨૦૨૪માં ૪ લાખ ૧૨ હજાર ૫૨૦ નવા ફ્લેટ ખરીદવા માટે ઉપલબ્ધ હતા. ૨૦૨૩માં આ સંખ્યા ૪ લાખ ૪૫ હજાર ૭૭૦ હતી. ઘટાડો ૭ ટકા નોંધાયો હતો. મુંબઈ મહાનગર અને બેંગલુરુમાં સૌથી વધુ નવા પ્રોજેક્ટ જોવા મળ્યા. ૨૦૨૪માં નવા હાઉસિંગ સ્ટોકમાં દોઢ કરોડ રૂપિયાના ઉચ્ચ શ્રીમંત વર્ગનો હિસ્સો ૩૦ ટકા હતો. ત્યાર પછીના ક્રમે ૪૦-૮૦ લાખ રૂપિયાની કિંમતના ઘર (૨૮ ટકા) હતા. ૮૦ લાખથી દોઢ કરોડ રૂપિયા સુધીના ઘરની ટકાવારી સૌથી ઓછી ૧૬ ટકા હતી. મુંબઈમાં ઘરના વેચાણમાં ૧ ટકાનો વધારો જોવા મળ્યો છે, જ્યારે બેંગલુરુમાં ૨ ટકાનો વધારો નોંધાયો છે.

### ક્યા શહેરમાં કેટલા ઘરનું વેચાણ?

એનસીઆર ૬૧,૯૦૦ - ૬૫,૬૨૫ - ૬% ઘટાડો
મુંબઈ મેટ્રોપોલિટન રિજન ૧,૫૫,૩૩૫ - ૧,૫૩,૮૭૦ ૧% વૃદ્ધિ
બેંગલુરુ ૬૫,૨૩૦ - ૬૩,૯૮૦ ૨% વૃદ્ધિ
પુણે ૮૧,૦૯૦ - ૮૬,૬૮૦ ૬% ઘટાડો
ચેન્નઇ ૧૯,૨૨૦ માઇનસ - ૨૧,૬૩૦ ૧૧ % ઘટાડો
હૈદરાબાદ ૫૮,૫૪૦ - ૬૧,૭૧૫ ૫% ઘટાડો
કુલ ૪,૫૯,૬૫૦ ૪,૭૬,૫૩૦ ૪% ઘટાડો ■


તેરમી પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ
આપના પૂણ્ય આત્માને શાશ્વત શાંતિ બક્ષે એજ
અંતઃકરણની પ્રાર્થના
સ્વ. ડૉ. પંકજ - ડૉ. સ્મીતા - કૃષ્ના
વિદ્યુત્ત - નીલા - હર્ષદિવ - તન્વી
વર્ષાબેન - બીપીન ઠક્કર - જયદીપ - જયરાજ અને
ડૉ. ખીમજી ઉકાભાઇ રામજી નરમનો સમસ્ત પરીવાર
આયુશક્તિ આયુર્વેદ હેલ્થ સેન્ટર
નરમસ ફૂડ પ્રોડક્ટસ (રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ)
બોમ્બે શેક્ કું (મિલ્ક્ શેક્ બાર એન્ડ મોર)
કે. આર. નરમ પરીવાર ટ્રસ્ટ
(સ્વાસ્થ્ય, શિક્ષણ, જીવદયા, સામાજીક જાગૃતી)

શ્રીમતી રૂકમણીબેન ખીમજી નરમ
ગામ : નરેડા (બરંધા) - તા. લખપત - કચ્છ
(સ્વાતંત્ર સેનાની - સાત્વીક પાકકળા નિષ્ણાત)
જન્મ કરાંચી : ૧૬-૦૪-૧૯૨૭
સ્વર્ગવાસ કાંદિવલી - મુંબઇ : ૩૦-૧૨-૨૦૧૧


# મુંબઈ-નાશિક હાઈવે પર અકસ્માતમાં બે જખમીઃ કલાકો સુધી ટ્રાફિક જામ

થાણેઃ મુંબઈ-નાશિક હાઈવે પર થાણે નજીક બે ભારે વાહનો ટકરાતાં થયેલા અકસ્માતમાં બે જણ ઘવાયા હતા. આ ઘટનાને કારણે હાઈવે અને તેને જોડતા માર્ગો પરના વાહનવ્યવહારને કલાકો સુધી અસર થઈ હતી.

ડિઝાસ્ટર મૅનેજમેન્ટ સેલના ચીફ યાસીન તડવીએ જણાવ્યું હતું કે ઘટના રવિવારની સવારે ૭.૩૦ વાગ્યે બની હતી. સિમેન્ટ બલ્કર આગળ જઈ રહેલી ટ્રક સાથે ભટકાયું હતું, જેને પગલે બે જણ ગંભીર રીતે ઘવાયા હતા. આ ઘટનામાં બન્ને વાહનને ઘણું નુકસાન થયું હતું.

અકસ્માતમાં જખમી થયેલાઓની ઓળખ મૂકેશ યાદવ (૩૦) અને પંકજ (૨૫) તરીકે થઈ હતી. બન્ને સિમેન્ટ મિક્સર ટ્રકના ડ્રાઈવર અને હેલ્પર હોવાનું પોલીસે જણાવ્યું હતું. સારવાર માટે તેમને હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા.

બનાવની જાણ થતાં પોલીસ અને ટ્રાફિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. બન્ને વાહનને રસ્તાને કિનારે ખસેડવામાં આવ્યાં હતાં. અકસ્માતને કારણે લગભગ બેથી ત્રણ કલાક સુધી અમુક કિલોમીટર સુધી વાહનોની લાઈન લાગી હતી. વાહનો ખસેડાયા બાદ વાહનવ્યવહાર પૂર્વવત્ કરી શકાયો હતો.

અકસ્માત થવા પાછળનું કારણ તાત્કાલિક જાણી શકાયું નહોતું. જોકે પ્રથમદર્શી સિમેન્ટ મિક્સર ટ્રકના ડ્રાઈવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવવાને કારણે ઘટના બની હોવાનું માનવામાં આવે છે. (પીટીઆઈ) ■

# ટ્રેડિંગ કંપનીમાં રોકાણ સામે આકર્ષક વળતરની લાલચે ૧૦૦ રોકાણકારને ચૂનો ચોપડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ટ્રેડિંગ કંપનીમાં રોકાણ કરવા સામે આકર્ષક વળતરની લાલચે ૧૦૦ જેટલા રોકાણકાર પાસેથી ૧.૮૫ કરોડ રૂપિયા પડાવી કથિત છેતરપિંડી કરવા બદલ પોલીસે ચાર જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

ભાયંદર પશ્ચિમમાં રહેતા ભીમસિંહ ભુલની ફરિયાદને આધારે દહિસર પોલીસે શુક્રવારે અમિત ભોસલે, અમોલ ડોકે, લક્ષ્મણ ચૌહાણ અને સુજિત જાધવ વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર એક મિત્રના માધ્યમથી ફરિયાદીની ઓળખાણ આરોપી લક્ષ્મણ ચૌહાણ સાથે થઈ હતી. ચૌહાણે ટ્રેડિંગ કંપનીમાં રોકાણ કરવા પર રોજેરોજ વળતર અપાવવાની લાલચ આપી હતી. આ માટે ફરિયાદીને દહિસરની ઑફિસમાં બોલાવવામાં આવ્યો હતો, જ્યાં ચૌહાણ સાથે સુજિત જાધવ પણ હતો.

શરૂઆતમાં ફરિયાદીને સારું વળતર મળતાં તેણે સ્કીમ બાબતે સગાંસંબંધી અને મિત્રોને જાણ કરી હતી. એપ્રિલ, ૨૦૨૨ સુધી રોકાણકારોના ખાતામાં સમયસર વળતર જમા થયું હતું, પરંતુ માર્ચ, ૨૦૨૨થી તેમને વળતર આપવાનું બંધ કરી દેવાયું હતું. વળી, આરોપીની કંપની દ્વારા લિંક પૂરી પાડી એક ઍપ ડાઉનલોડ કરવાનું કહેવામાં આવ્યું હતું. આ ઍપ પણ પછીથી બંધ કરી દેવામાં આવી હતી. દહિસરની ઑફિસને તાળું લગાવી દેવામાં આવતાં રોકાણકારોએ આરોપીનો સંપર્ક કર્યો હતો.

વિવિધ કારણો રજૂ કરી આરોપીએ રકમ ચૂકવવા સમય માગ્યો હતો. જોકે જૂન, ૨૦૨૨થી આરોપીના મોબાઈલ સ્વિચ ઑફ આવતા હતા. તપાસ દરમિયાન ૧૦૦ જેટલા રોકાણકારોને છેતરવામાં આવ્યા હોવાનું જણાતાં પોલીસ ફરિયાદ નોંધાવાઈ હતી. ■


શ્રદ્ધાંજલી
જન્મ ૦૧-૦૬-૧૯૨૭

સ્વર્ગવાસ ૨૭-૧૨-૨૦૨૪
સ્વ. ચંપાબેન નંદલાલ ઠક્કર
સ્મરણોનુ વિસ્મહણ તમારૂં કદી થાશે નહિં,
હૃદય પર ચિત્ર તમારૂં કદીય ભુંસાસે નહીં
ધુપસળી સ્વયં સળગીને સુવાસ પ્રસરાવે છે.
તેમ જીવનમાં અનેક સુકૃત્યો કરીને જીંદગીને તમે મહેકાવી છે
સાથે સાથે અમારા સૌના જીવનમાં પણ સુગંધ પ્રસરાવી ગયા.
સાદગી, સરળતા અને સમર્પણ સાથે પરિશ્રમ ધરાવતા
ચંપાબા ના દિવ્ય આત્માને પરમાત્મા શાંતિ આપે અવી પ્રાર્થના.
શ્રદ્ધાસુમન
સ્વ. નંદલાલ મણીલાલ ઠક્કર અને પરિવાર
સ્વ. મણીલાલ પુરષોત્તમ ઠક્કર અને પરિવાર
લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.


# 'લાડકી બહેન યોજના'માં બાંગ્લાદેશી મહિલાઓની ઘૂસણખોરી?

મુંબઈઃ કથાકાર દેવકીનંદન ઠાકુરે ભાગવત કથા દરમિયાન સનાતન ધર્મ, સામાજિક મુદ્દાઓ અને સરકારની નીતિઓ પર નિવેદનો આપ્યાં હતાં. તેમણે હિન્દુ સમુદાયના અધિકારો, ધર્મની સુરક્ષા અને સરકારી યોજનાઓ પર સવાલ ઉઠાવ્યા હતા. આ વખતે તેમણે મહારાષ્ટ્રની લોકપ્રિય 'લાડકી બહિણ યોજના' અંગે સરકારને અપીલ કરી છે. આ સરકારી યોજનામાં બાંગ્લાદેશી મહિલાઓને ઘુસાડવામાં આવી હોવાની આશંકા છે. ફડણવીસ સરકારને આ મુદ્દા પર નજર રાખવા તેમણે જણાવ્યું છે.

'લાડકી બહિણ યોજના' મહારાષ્ટ્ર સરકારની સૌથી મોટી યોજના છે. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં આ અંગે ઘણી ચર્ચા થઈ હતી. વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના વિજયમાં સૌથી મોટો શ્રેય આ યોજનાનો છે. ઘણા નેતાઓએ પણ પોતાની જીતનો શ્રેય યોજનાને આપ્યો છે.

દેવકીનંદન ઠાકુરે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને અપીલ કરી કહ્યું છે કે 'બાંગ્લાદેશમાં હિન્દુઓ વિરુદ્ધ ષડયંત્ર રાચતા લોકો પર આપણા દેશવાસીઓના ટેક્સના પૈસા ખર્ચ ન કરવા જોઈએ.' ૨૭ જાન્યુઆરીએ તેમણે જાહેરાત કરી હતી કે પ્રયાગરાજના મહાકુંભ મેળામાં સનાતન ધર્મ સંસદનું આયોજન કરવામાં આવશે.

દેવકીનંદન ઠાકુરે બાંગ્લાદેશમાં ચોખા અને અન્ય સહાય મોકલવા સામે પણ વાંધો ઉઠાવ્યો હતો. 'જ્યાં સુધી બાંગ્લાદેશ હિંદુઓ પર થતા અત્યાચારને સ્વીકારે નહીં અને તેમની સલામતીની બાંયધરી ન આપે ત્યાં સુધી તેમને કોઈ મદદ ન કરવી જોઈએ.' ■

# નવા વર્ષની શરૂઆત ડ્રગમુક્ત અને દુર્ઘટનામુક્ત કરવાની પોલીસની અપીલ

થાણેઃ થર્ટીફર્સ્ટની રાતે દારૂ અને ડ્રગ્સનું સેવન કરીને વાહન નહીં ચલાવવાની નાગરિકોને અપીલ કરી નવી મુંબઈ પોલીસે જણાવ્યું હતું કે નવા વર્ષની સુરક્ષિત શરૂઆત માટે પોલીસે પૂરતી તૈયારી કરી લીધી છે.

હૉટેલ્સ, ફાર્મહાઉસ અને અન્ય સ્થળોએ વિવિધ કાર્યક્રમો અને પાર્ટીઓનું આયોજન કરવામાં આવ્યું છે. નવી મુંબઈના પોલીસ કમિશનર મિલિંદ ભારંબેએ જણાવ્યું હતું કે ખાસ કરીને ૩૧ ડિસેમ્બરની રાતે મહિલા અને બાળકો સહિત પરિવારો માટે સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવા માટે મુખ્ય રસ્તાઓ અને જંક્શનો પર પોલીસ અધિકારીઓને તહેનાત કરવામાં આવશે.

ડ્રગ્સ કે દારૂના નશામાં વાહન ન ચલાવવાનો નાગરિકોને અમારો અનુરોધ છે. નવા વર્ષની ઉજવણી જવાબદારીથી કરીએ. પોતાના તથા અન્યોની સુરક્ષાનું ધ્યાન રાખીએ. અમારું લક્ષ્ય ૨૦૨૫ની શરૂઆત ડ્રગમુક્ત અને દુર્ઘટનામુક્ત કરવાનું છે, એમ કમિશનરે જણાવ્યું હતું.

ડ્રન્ક ડ્રાઈવ અને નાર્કોટિક્સના ઉપયોગ સામે કડક પગલાં લેવા સહિત અમે માર્ગ સુરક્ષા કાયદાનો અમલ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. ઉજવણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે અંડરકવર પોલીસ સહિત ઠેર ઠેર ચાંપતો બંદોબસ્ત રાખવામાં આવશે. પનવેલ, ઉરણ સહિતના અન્ય વિસ્તારોમાં મોટી ઉજવણીઓ અને પાર્ટીઓ પર ખાસ નજર રાખવામાં આવશે, એમ તેમણે જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# ધારાવી પ્રોજેક્ટનું નવું નામ નવભારત મેગા ડેવલપર્સ પ્રાઈવેટ લિમિટેડ

મુંબઈઃ ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ પ્રાઈવેટ લિમિટેડ, એ ધારાવીને સુધારવાની મહત્ત્વાકાંક્ષી યોજના હાથ ધરતી કંપનીનું નામ છે, પરંતુ હવે તેમણે આ પ્રોજેક્ટના હેતુને લક્ષમાં લઈને પોતાનું રિબ્રાન્ડિંગ કરવાનું નક્કી કર્યું છે. રિબ્રાન્ડિંગના કેન્દ્રમાં કંપનીનું નામ બદલીને નવભારત મેગા ડેવલપર્સ પ્રાઈવેટ લિમિટેડ (એનએમડીપીએલ) કરવામાં આવ્યું છે - જે કંપનીના આધુનિક, સમાવિષ્ટ અને વાઇબ્રન્ટ સમુદાયના નિર્માણના વચન સાથે મેળ ખાય છે, એમ કંપનીએ એક નિવેદનમાં જણાવ્યું છે.

નવભારત નામ, જેનો અર્થ થાય છે નવું ભારત, આ પ્રોજેક્ટ ભવિષ્યને વધુ ઉજ્જ્વળ બનાવવાની વિશાળ સંભાવના દર્શાવે છે. મેગા હાથ ધરવામાં આવેલા કામના તીવ્ર સ્કેલ અને અસરને હાઈલાઈટ કરે છે, જ્યારે ડેવલપર્સ એક સમૃદ્ધ સમુદાયના નિર્માણમાં કંપની જે ભૂમિકા ભજવવા માગે છે તે તરફ નિર્દેશ કરે છે.

એનએમડીપીએલ એ મહારાષ્ટ્ર સરકાર, ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ (ડીઆરપી), સ્લમ રિહેબિલિટેશન ઑથોરિટી (એસઆરએ) અને અદાણી ગ્રૂપ વચ્ચેની કડી છે. ડીઆરપી (ધારાવી રિડેવલપમેન્ટ ઑથોરિટી), એ ધારાવીના પુનઃવિકાસ સાથે કામ કરતી મહારાષ્ટ્ર સરકારની વિશેષ આયોજન સત્તા છે. તેથી આ નામ અને ધારાવી રિડેવલપમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ વચ્ચે કોઈ ગૂંચવણ ઊભી ન થાય તે માટે પણ નામમાં બદલાવ જરૂરી હોવાનું કંપનીના ધ્યાનમાં આવ્યું હતું. કેમકે પ્રોજેક્ટમાં મહારાષ્ટ્ર સરકારની ભૂમિકા અને ડીઆરપી મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટે દેખરેખની સત્તા તરીકે યથાવત છે.

આ પ્રોજેક્ટ ધારાવીકરો માટે આધુનિક આવાસ પ્રદાન, તેમની સહજ ઉદ્યોગસાહસિક ભાવના જાળવીને તેમના જીવનમાં પરિવર્તન, માનવ-કેન્દ્રિત જગ્યાઓનું પુનઃનિર્માણ, પરિવહન કનેક્ટિવિટી, વીજળી, પાણી અને ઇન્ટરનેટની અત્યાધુનિક આવશ્યકતાઓ પૂરી કરશે. ■


કપોળ
જન્મ તા. ૧૬-૦૬-૧૯૩૧

શ્રીજીચરણ તા. ૨૭-૧૨-૨૦૨૪
સ્વ. કાંતાબેન અનંતરાય દેસાઈ
ઉ.વર્ષ-૯૪ અમરેલીવાળા હાલ અંધેરી-મુંબઈ
પ્રાર્થનાસભા :
સોમવાર તા. ૩૦ ડિસેમ્બર ૨૦૨૪, સાંજે ૫.૦૦ થી ૭.૦૦ કલાકે
જલારામ હોલ, જેવીપીડી રોડ નં-૬, વિલે પાર્લા વેસ્ટ, મુંબઈ
શ્રધ્ધાસુમન :
માતા-પિતા :
ગં.સ્વ. મંછાબેન ભાઈલાલભાઈ કાનજીભાઈ ચીતલીયા
પ્રફુલ્લ અનંતરાય દેસાઈ | જ્યોતી પ્રફુલ્લ દેસાઈ
દિલીપ અનંતરાય દેસાઈ | દેવ્યાની દિલીપ દેસાઈ
પંકજ અનંતરાય દેસાઈ | પ્રિતી પંકજ દેસાઈ
પ્રિયંકા દર્શન દેસાઈ | જ્યોતી નવીનચંદ્ર મહેતા
ભુમિકા સુમીત દેસાઈ | સુધા કિરીટ ચીતલીયા
નિરલ નીરવ દેસાઈ | સ્નેહા સમીર મહેતા
વૃંદા મિતેષ દોશી | ડિમ્પલ ભાવિક મહેતા

# મધ્ય રેલવેમાં એસી ટ્રેનોમાં એસીના જ ધાંધિયા

મુંબઈ: મધ્ય રેલવેની એસી લોકલ ટ્રેનમાં ખામી સર્જાતાં તેની અસર અન્ય એસી લોકલ પર જણાઇ હતી. શુક્રવારે આખા દિવસ દરમિયાન એસી લોકલની ૬ સર્વિસ નોનએસી ચલાવવી પડી હતી, જ્યારે એક સર્વિસને રદ કરવી પડી હતી.

મધ્ય રેલવેની એસી લોકલમાં પ્રવાસ કરનારા પ્રવાસીઓને નોનએસી ટ્રેનમાં પ્રવાસ કરવો પડ્યો હતો. અંબરનાથ-છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસની બપોરે બે વાગ્યાની એસી ટ્રેનમાં ખામી સર્જાઇ હતી, જેને કારણે તેને રદ કરવી પડી હતી. તેની અસર અન્ય એસી લોકલ પર પણ થઇ હોવાથી ૬ સર્વિસને નોનએસી દોડાવવી પડી હતી.

ડાઉન લાઈન પર સીએસએમટી અને પરેલથી છૂટતી ૩, જ્યારે ડોંબિવલી અને કલ્યાણથી છૂટતી ૩ એસી સેવાને આની અસર થઇ હતી. આ ટ્રેનોને બાદમાં નોનએસી તરીકે દોડાવવી પડી હતી. એસીનો પાસ કાઢીને મુસાફરી કરતા પ્રવાસીઓને શુક્રવારે આને કારણે ઘણો ત્રાસ વેઠવાનો વારો આવ્યો હતો.



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) ફાલ્ગુની સહા | ૫૧ | ૨,૭૦,૦૦૦ |
| ૨) ફરીદા ખાતુન | ૬૨ | ૧,૫૦,૦૦૦ |
| ૩) ફિરંગી મહતો | ૫૮ | ૧,૨૦,૦૦૦ |
| ૪) ગણેશ જાના | ૩૩ | ૫૦,૦૦૦ |
| ૫) ગૌતમ પંડિત | ૪૦ | ૧,૭૫,૦૦૦ |
| ૬) ગીતા કુમારી | ૩૨ | ૭૦,૦૦૦ |
| ૭) ગોરાચંદ દેય | ૪૮ | ૧,૨૦,૦૦૦ |
| ૮) ગોત્તમ ઘોષ | ૪૨ | ૧૨,૦૦૦ |
| ૯) ગોકુલ બિસ્વાસ | ૬૬ | ૬૦,૦૦૦ |
| ૧૦) ગજાનન ત્ર્યંમ્બક વાનખેડે | ૩૯ | ૮૦,૦૦૦ |
| ૧૧) ગુણાસિંધુ મંડળ | ૫૫ | ૧,૦૦,૦૦૦ |
| ૧૨) ગોકુલ ડોલાઈ | ૩૦ | ૨,૦૦,૦૦૦ |
| ૧૩) ગીતા જૈન આર્ય | ૪૪ | ૭૫,૦૦૦ |
| ૧૪) ગીતા અગરવાલ | ૫૦ | ૩,૨૦,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧૫) ફૈઝાન ફારુખ શૈખ | ૧૦ | ૩,૦૦,૦૦૦ |
| ૧૬) ફાતિમા પાશ પઠાણ | ૧૧ | ૪,૦૦,૦૦૦ |
| ૧૭) ગોલુ કુમાર મુકેશ તિવારી | ૬ | ૬,૦૦,૦૦૦ |
| ૧૮) ફાતિમા શાહરુખ ગોરી | ૩ | ૪,૫૦,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ હોલી સ્પિરિટ હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧૯) ગોપીનાથ ધુરી | ૪૧ | ૨,૪૨,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ સાયન હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૨૦) ગજાનન ગણપતિ કૂટે | ૫૪ | ૪,૦૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફલેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

# મુંબઈમાં મહિલાઓ સામેના ગુનાઓમાં સામે આવ્યા ચોંકાવનારા આંકડા

મુંબઈ: શહેરમાં મહિલાઓ સંબંધિત ગુનાઓ બાબત ચિંતાજનક અહેવાલ સામે આવ્યો છે. ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે મહિલાઓ સાથે સંબંધિત ગુનાહિત ઘટનાઓમાં ૭.૭ % વધારો થયો હોવાનું નોંધાયું છે. ૨૦૨૪ માં જાન્યુઆરીથી નવેમ્બર વચ્ચે મુંબઈમાં નોંધાયેલા ગુનાના આંકડા અનુસાર, કુલ ૫,૮૨૭ ગુના નોંધાયા હતા, જ્યારે ૨૦૨૩માં આ સંખ્યા ૫,૪૧૦ હતી. સાથે આશ્વાસનરૂપ વાત એ છે કે, તપાસ દરમાં પણ સુધારો નોંધાયો છે.

૨૦૨૪માં, ૯૨.૨% કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો, જ્યારે ૨૦૨૩માં દર ૯૦.૮% હતો. નોંધાયેલા ગુનાઓની માસિક સરેરાશ વિશે વાત કરીએ તો, ૨૦૨૪માં દર મહિને સરેરાશ ૫૩૦ ગુના નોંધાયા છે, જ્યારે ૨૦૨૩માં આ સંખ્યા ૪૯૨ હતી.

મુંબઈ પોલીસના રિપોર્ટ અનુસાર, ૨૦૨૪માં મહિલાઓની છેડતીના ૨૦૧ કેસ જ્યારે ૨૦૨૩માં દર મહિને સરેરાશ ૧૭૯ કેસ નોંધાયા હતા. તે જ સમયે, ૨૦૨૪ માં, મહિને ઉત્પીડનના ૩૫ કેસ નોંધાયા હતા, જ્યારે ૨૦૨૩માં, ૧૪ કેસ નોંધાયા હતા. ૨૦૨૪માં દર મહિને સગીરો પર બળાત્કારના ૫૧ કેસ નોંધાયા હતા જ્યારે ૨૦૨૩માં ૪૮ કેસ નોંધાયા હતા. તે જ સમયે, ૨૦૨૪ માં, પુખ્ત વયના લોકો પર દર મહિને બળાત્કારના સરેરાશ ૩૬ કેસ નોંધાયા હતા અને ૨૦૨૩ માં, ૩૨ કેસ નોંધાયા હતા. અપહરણની ઘટનાઓની માસિક સરેરાશ ૨૦૨૪માં ૧૦૨ અને ૨૦૨૩ માં ૯૭ હતી. જોકે, દહેજને કારણે થતા ગુનાઓમાં ૨૨.૬ ટકાનો ઘટાડો નોંધાયો હતો. તેની માસિક સરેરાશ ૨૦૨૪માં ૨ અને ૨૦૨૩ માં ૩ હતી. પોસ્કો (બાળકો ઉપરના ગુના) વિશે વાત કરીએ તો, ૨૦૨૪ માં દર મહિને સરેરાશ ૧૧૨ અને ૨૦૨૩માં ૯૧ કેસ નોંધાયા હતા.

## મહિલાઓ સામેના ગુનાઓનો હિસાબ

૧. બળાત્કાર (સગીર)
૨૦૨૪ : ૫૬૫ કેસ (ઉકેલ : ૫૩૫)
૨૯૨૩: ૫૩૧ કેસ (ઉકેલ: ૫૨૭)
વૃદ્ધિ: ૬.૪%

૨. બળાત્કાર (પુખ્ત વયના)
૨૦૨૪: ૩૯૩ કેસ (ઉકેલ: ૩૫૪)
૨૦૨૩: ૩૪૭ કેસ (ઉકેલ: ૩૨૦)
વૃદ્ધિ: ૧૩.૩%

૩. અપહરણ (સગીર)
૨૦૨૪ : ૧,૧૨૫ કેસ (ઉકેલ: ૧,૦૨૧ )
૨૦૨૩: ૧,૦૭૧ કેસ (ઉકેલ: ૯૮૮)
વધારો: ૫%

૪. દહેજ સંબંધિત આત્મહત્યા
૨૦૨૪ : ૨૪ કેસ (ઉકેલ : ૨૨)
૨૦૨૩: ૩૧ કેસ (ઉકેલ: ૨૬)
ઘટાડો: ૨૨.૬%

૫.પોસ્કો એક્ટના કેસો
૨૦૨૪ : ૧,૨૩૩, કેસ (ઉકેલ: ૧,૧૭૫)
૨૦૨૩: ૧,૦૦૫ કેસ (ઉકેલ: ૯૭૯)
વૃદ્ધિ: ૨૨.૭%

# વધી રહ્યા છે ન્યુમોનિયાના કેસ

મુંબઈ: મુંબઈમાં છેલ્લા કેટલાક દિવસથી ઠંડી અને પ્રદૂષણને કારણે ન્યુમોનિયાના તાવનું પ્રમાણ વધી રહ્યું છે. ડૉક્ટરોનું કહેવું છે કે પ્રદૂષણને કારણે ન્યુમોનિયા અને અન્ય વિષાણુજન્ય માંદગીનું પ્રમાણ વધી રહ્યું છે. ખાસ કરીને બાળકો અને વૃદ્ધોમાં માંદગી વધી રહી છે. તેથી શિયાળા દરમિયાન ખાણીપીણી અને પરેજી પાળવાનું જરૂરી હોવાની સલાહ ડૉક્ટરો આપી રહ્યા છે.

તાપમાનમાં થયેલો ઘટાડો, વાયુ પ્રદૂષણને કારણે સવારે ઠંડીમાં ધુમ્મસનું પ્રમાણ વધવાને કારણે ફ્લૂ, ન્યુમોનિયા અને શ્વસન સંબંધિત બીમારીઓ વધી રહી છે. નાના બાળકો અને વૃદ્ધોને આવી બીમારીને કારણે ત્રાસ થઇ રહ્યો છે. ધૂળની એલર્જી, દમ અને હાઇ બ્લડપ્રેશર, ડાયાબિટિસ જેવી બીમારીથી પીડાતા લોકોમાં ન્યુમોનિયાનાં ગંભીર લક્ષણો જણાઇ રહ્યા છે. આવા દર્દીઓને સાજા થવામાં ઘણો સમય લાગતો હોય છે. બાળકો, વૃદ્ધો અને ઓછી રોગ પ્રતિકારાત્મક શક્તિ ધરાવતા લોકોને વધુ સંભાળ લેવાની જરૂર છે.

## શું કાળજી રાખવી?

* બાળકોને ફ્લૂ અને ન્યુમોનિયાની રસી અપાવવી.
* ઘરની બહાર નીકળ્યા બાદ માસ્કનો ઉપયોગ કરો.
* તાજું અને ઘરે બનાવેલું જ ભોજન લો.
* સવારના સમયે અને ધુમ્મસમાં બહાર જવાનું ટાળો.
* એલર્જી ધરાવતા અને દમના દર્દીઓએ સાંજે ઘરની બહાર નીકળવાનું ટાળવું.

# લીલા શાકભાજીઓ થયા સસ્તાં

મુંબઈ: ઠંડી શરૂ થવાની સાથે જ શાકભાજીઓ સસ્તી થતી હોય છે. હાલમાં મેથી-પાલક જેવી લીલા ભાજીઓ બજારમાં વધુ આવી રહી છે. ઉત્પાદન સારું થયું હોવાને કારણે આવક પણ સારી થઇ છે. બજારમાં આ ભાજીઓના દર પણ ઓછા હોવાને કારણે ગ્રાહકોની માગ વધી છે. છેલ્લા ત્રણ મહિનામાં લીલા ભાજીઓના દરમાં ઘણો વધારો થયો હતો. આવક ઓછી થઇ હોવાને કારણે દરમાં વધારો થયો હતો. શિયાળો શરૂ થતા જ લીલા શાકભાજીઓની આવક વધુ થવા લાગી છે. તેથી મુંબઈના બજારમાં તાજી લીલી ભાજીઓ જોવા મળી રહી છે. પુણે, નાશિકથી શાકભાજીઓ વાશીની એપીએમસી બજારમાં આવી રહી છે. ગયા મહિના સુધી બજારમાં લીલા શાકભાજીઓની જૂડી ૩૦ રૂપિયાના ભાવે મળી રહી હતી, પરંતુ હવે આ જૂડી ૧૦ રૂપિયામાં મળી રહી છે. મેથી, પાલક, લીલા કાંદા, તાંજલાની ભાજીઓ હોલસેલ બજારમાં ૧૦૦ જૂડીના ૪૦૦થી ૫૦૦ રૂપિયાના ભાવે મળી રહી છે. રિટેલ બજારમાં આ ભાજીઓ ૧૦ રૂપિયાની જૂડીના દરે મળી રહી છે. આ સિવાય ૩૦થી ૪૦ રૂપિયાની કોથમિર પણ હવે ૧૦ રૂપિયાની જૂડી મળી રહી છે.

છેલ્લા પાનાનું ચાલુ

## મુંબઈથી નવી મુંબઈ

આ સમસ્યાનો ઉકેલ આવવાનો છે. વાસ્તવમાં વિજય સિંઘલે માહિતી આપી હતી કે સોલાર વીજળીનો મોટા પાયે ઉપયોગ કરવામાં આવશે.

આ બધા વચ્ચે રવિવારે પહેલી ફ્લાઈટ નવી મુંબઈના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડ થઈ હતી. આ પ્રસંગે એરપોર્ટના કર્મચારીઓએ તાળીઓ પાડીને ખુશી વ્યક્ત કરી હતી. તેથી, નવી મુંબઈની સાથે મુંબઈના લોકો પણ આ હવાઈ સેવાનો આનંદ લઈ રહ્યા છે એવું માનવામાં આવે છે કે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરનો ભાર ઓછો કરવા માટે બનાવવામાં આવેલા આ એરપોર્ટમાં આવતા વર્ષે એટલે કે માર્ચ-૨૦૨૫થી શરૂ થશે. ઈન્ડિગોની પ્રથમ કોમર્શિયલ ફ્લાઈટ એ-૩૨૦નું આ એરપોર્ટ પર રવિવારે બપોરે ૧.૩૦ વાગ્યાની આસપાસ સફળતાપૂર્વક લેન્ડિંગ કરવામાં આવ્યું હતું.

એક મહિના પહેલા એરફોર્સના સી-૨૯૫ અને સુખોઈ-૩૦ એરક્રાફ્ટના સફળ લેન્ડિંગ પછી, હૈદરાબાદના રાજીવ ગાંધી ઇન્ટરનેશનલ એરપોર્ટ પછી, નવી મુંબઈનું એરપોર્ટ દેશનું બીજું સૌથી મોટું એરપોર્ટ છે. આ એરપોર્ટ લગભગ ૫,૯૪૫ એકર વિસ્તારમાં બનાવવામાં આવ્યું છે. આ એરપોર્ટ મુંબઈથી ૪૦ કિમી દૂર પનવેલ નજીક બનાવવામાં આવ્યું છે.

## મુંબઈ આંતરરાષ્ટ્રીય

મુસાફરીમાં ભારે વધારો થવાની ધારણા છે, ત્યારે આ ઈમિગ્રેશન સુવિધા આંતરરાષ્ટ્રીય ફ્લાયર્સ માટે વધારાનો લાભ સાબિત થશે.

### એફટીઆઈ-ટીટીપી શું છે?

એફટીઆઈ-ટીટીપી પહેલા ભારતીય નાગરિકો અને ભારતની વિદેશી નાગરિકતા લોકો(ઓસીઆઈ) માટે ઇમિગ્રેશન ક્લિયરન્સ પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે શરૂ કરવામાં આવી હતી. પાત્ર અરજદારો ઇ-ગેટ્સમાંથી સુવ્યવસ્થિત ઇમિગ્રેશન પ્રક્રિયામાંથી પસાર થઈને પ્રસ્થાન અને આગમન દરમિયાન સમય બચાવી શકે છે જેમાં ફિંગરપ્રિન્ટ અને ચહેરાની છબી સહિત બાયોમેટ્રિક્સ માહિતીનો ઉપયોગ થાય છે.

અરજદારો તેમના બાયોમેટ્રિક્સ ભારતમાં નિયુક્ત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અથવા નજીકના ફોરેનર્સ રિજનલ રજિસ્ટ્રેશન ઑફિસ પર અગાઉથી એપોઇન્ટમેન્ટ દ્વારા નોંધણી કરાવી શકે છે. આ ઈમિગ્રેશન પ્રક્રિયા પર સીધી દેખરેખ રાખનાર બ્યુરો ઓફ ઈમિગ્રેશન અનુસાર, એફટીઆઈ-ટીટીપી માટે નોંધણી પ્રક્રિયામાં એક મહિના જેટલો સમય લાગી શકે છે.

## હીરા પન્ના શોપિંગ

ઈલેક્ટ્રિક વાયરિંગ, ઈલેક્ટ્રિક ઈન્સ્ટોલેશન, કપડાં, લાકડાનું ફર્નિચર, કાચના કેબિનેટ, દસ્તાવેજો, પરફ્યૂમ, ચપ્પલો સહિત મોબાઈલ વગેરે સામાનને નુકસાન થયું હતું. બપોરના મોડેથી આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. જોકે આગમાં મોટા પ્રમાણમાં દુકાનોને નુકસાન થયું હતું. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું.

આ અગાઉ શનિવારે મોડી રાતના લગભગ ૧૨.૧૪ વાગ્યાની આસપાસ ગોરેગામ (પૂર્વ)માં દિંડોશીમાં ઈન્ફીનીટી આઈટી પાર્ક નજીક રહેલા ડુંગરના ઢોળાવ પર લગભગ એકથી દોઢ કિલોમીટરના પટ્ટામાં સૂકા પત્તા, ઝાડ સહિતમાં આગ ફાટી નીકળી હતી. લગભગ ૨.૩૫ વાગે આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું.

## નવી મુંબઈ ઈન્ટરનેશનલ

લૅન્ડિંગને રનવે ૦૮/૨૬ પાસે હાજર મહેમાનો અને અધિકારીઓએ હર્ષોલ્લાસથી વધાવી લીધું હતું. વિમાનને પરંપરાગત વૉટર સેલ્યુટ આપવામાં આવી હતી.

નવી મુંબઈ ઈન્ટરનેશનલ ઍરપૉર્ટ માટે આ એક મહત્ત્વપૂર્ણ દિવસ છે. 'માન્યતા ફ્લાઇટ'ની સફળતાપૂર્વક પૂર્ણતા એ એક મુખ્ય સીમાચિહ્ન છે, અને અમે હવે દરેક પગલાં પર સલામતીને પ્રાથમિકતા આપીને ઍરપૉર્ટને કાર્યરત કરવાની એક પગલું નજીક છીએ. અમે ડીજીસીએ અને માન્યતા ફ્લાઇટ ટ્રાયલને સફળ બનાવવામાં સામેલ તમામ એજન્સીઓના આભારી છીએ. એનએમઆઈએ માત્ર વિશ્વ-કક્ષાની ઉડ્ડયન સુવિધાઓ જ પ્રદાન નહીં કરે, પરંતુ તે પ્રદેશના સર્વાંગી વિકાસને પણ સક્ષમ બનાવશે, એમ અદાણી ઍરપૉર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડના ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર અરુણ બંસલે જણાવ્યું હતું.

જ્યારે વિમાનનું ઉતરાણ થયું ત્યારે ડિરેક્ટોરેટ જનરલ ઑફ સિવિલ એવિએશન (ડીજીસીએ), ઍરપૉર્ટ ઑથોરિટી ઑફ ઈન્ડિયા (એએઆઈ), કસ્ટમ્સ, ઈમિગ્રેશન, સીઆઈએસએફ, સિડકો, આઇએમડી, બીસીએએસ તેમ જ અદાણી ઍરપૉર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડ (એએએચએલ) અને અન્યના વરિષ્ઠ અધિકારીઓ ઍરપૉર્ટ પર હાજર હતા.

## પાલક પ્રધાનપદને

એનસીપીએ પણ નારાજગી વ્યક્ત કરી હતી. હવે મામલો શાંત પડતાં ત્રણેય પક્ષો વચ્ચે પાલક પ્રધાનપદને લઈને વિવાદ શરૂ થયો હોવાનું જાણવા મળે છે.

પ્રધાનપદ બાદ હવે એકનાથ શિંદેની શિવસેના અને અજિત પવારની એનસીપી વચ્ચે પાલક પ્રધાનપદને લઈને વિવાદ શરૂ થયો છે. જેના કારણે કેટલાક જિલ્લાઓમાં સંઘર્ષ વધુ ઉગ્ર બને તેવી શક્યતા છે. ત્રણેય પક્ષો શિવસેના, ભાજપ અને એનસીપી મહારાષ્ટ્રમાં પોતાની પકડ જમાવવા માગે છે અને આવી સ્થિતિમાં ત્રણેય પક્ષોના વરિષ્ઠ નેતાઓને દરેક વિભાગ અને જિલ્લામાં પ્રધાન બનાવવામાં આવ્યા છે. તેથી તમામ પક્ષો પ્રધાનપ્રધાનપદ ઈચ્છે છે.

## તારાપુરમાં એમઆઈડીસીમાં

આગ લાગ્યા બાદ ક્ષણભરમાં આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હોવાનું કહેવામાં આવે છે. આગનું પ્રમાણ એટલું ભીષણ હતું કે બાજુમાં આવેલી શ્રી કેમિકલ નામની કંપની પણ આ આગની ચપેટમાં આવી ગઈ હતી અને તેને પણ આગમાં મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું. સદ્નસીબે એક પણ કંપનીમાં કોઈ કામગાર હાજર ન હોવાથી મોટી દુર્ઘટના ટળી ગઈ હતી.

## મંત્રાલયથી વિધાનભવન

નવી વહીવટી ઇમારત અને વિધાનસભા ભવન મેટ્રો સ્ટેશન વચ્ચે સીધું ભૂગર્ભ જોડાણ પ્રદાન કરશે.

પ્રોજેક્ટ પ્લાનમાં દર્શાવ્યા મુજબ, સબવેમાં માત્ર સરકારી કર્મચારીઓ માટે આરક્ષિત માર્ગ હશે, જેનાથી તેઓ ઈમારતો વચ્ચે સરળતાથી જઈ શકશે. વધુમાં, આ ઓફિસોની મુલાકાત લેતા સામાન્ય લોકો માટે એક અલગ પેસેજ બનાવવામાં આવશે, જેનાથી તેઓ નજીકના મેટ્રો-૩ સ્ટેશન સુધી સરળતાથી પહોંચી શકશે.

## પુણેમાં 'કલર વોર'

કરવામાં આવ્યો ન હતો. દીવાલ એ સંસ્થાના મકાનનો એક ભાગ છે. આ ફેરફારનો મેસેજ ઘણા લોકોએ મને વોટ્સએપ પર મોકલ્યો હતો. અમે તરત લીલા રંગ પર ભગવો રંગનો હાથ ફેરવી દીધો હતો. શનિવાર વાડાની આસપાસ આવી જ કેટલીક ઘટનાઓ બની છે. અમે પોલીસને જાણ કરી હતી.'

અચાનક જ આવો લીલો રંગ કેમ આપવામાં આવી રહ્યો છે એવો સવાલ કરી એની પાછળ કેવી રમત રમાય છે એ તેમણે સમજાવ્યું. આવું બીજે ક્યાં બન્યું છે એ સવાલ ઉઠાવવાની જરૂર છે. મહારાષ્ટ્ર સહિત દેશના ઘણા ભાગોમાં આવું બની રહ્યું છે. ધીમે ધીમે, જગ્યાઓ કબજે કરી તેમને પ્રાર્થના સ્થળમાં ફેરવવામાં આવે છે એવો આરોપ તેમણે કર્યો હતો. મહારાષ્ટ્ર અને દેશમાં લોકો નારાજ છે અને અચાનક વકફ બોર્ડ જમીન પર દાવો કરવામાં આવે છે એના પર તેમણે ધ્યાન દોર્યું હતું.

આ ઘટના પર શિવસેનાના ઉદ્ધવ ઠાકરે જૂથના નેતા સુષ્મા અંધારેએ પ્રતિક્રિયા આપી હતી. તેમણે સંસદસભ્ય પર નિશાન સાધી જણાવ્યું હતું કે 'જો તમે આ જ કરવા માંગતા હો, તો પછી સાધ્વી બની ધર્મ પ્રચારનું કામ કરો. સંસદ સભ્યએ આવું બાલિશ કૃત્ય કરવાને બદલે જિલ્લામાં સગીર છોકરીઓ પર થતા જાતીય અત્યાચારના સ્થળે જવાની અને પીડિતાને ન્યાય મળે એની તત્પરતા દેખાડે તો લોકપ્રતિનિધિ બનવાનો અર્થ સારશે.'

## ભાજપમાં કલહ

રાજકીય સંઘટનપર્વ સમિતિના પ્રદેશ પ્રભારીની જવાબદારી હાલ સોંપવામાં આવી છે.

ચંદ્રશેખર બાવનકુળેને માત્ર સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણી સુધી પ્રદેશાધ્યક્ષપદે રહેવું છે. વિધાનસભા પ્રમાણે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા ચૂંટણીમાં સારી કામગીરી બજાવવાની તેમની ઈચ્છા હોવાનું કહેવાય છે. આ પદ માટે મરાઠવાડાના ભૂતપૂર્વ કેબિનેટ પ્રધાન રાવસાહેબ દાનવે પાટીલનું નામ પણ ચર્ચામાં છે. તેમણે વિધાનસભાની ચૂંટણી ૨૦૨૪માં સંચાલન સમિતિના અધ્યક્ષપદે સફળતાપૂર્વક કામ સંભાળ્યું હતું. તેથી મરાઠવાડ સહિત ઉત્તર મહારાષ્ટ્ર અને પશ્ચિમ મહારાષ્ટ્રમાં ભાજપને ભવ્ય વિજય મેળવવામાં સફળતા મળી હોવાનું માનવામાં આવે છે. આ દરમિયાન આશિષ શેલારને મુંબઈ અધ્યક્ષપદ છોડવું નથી. તેમના નજીકના લોકોના કહેવા મુજબ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં આશિષ શેલારના નેતૃત્વમાં ભાજપની કામગીરી સારી રહી હતી. જોકે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ ભૂતપૂર્વ વિધાનસભ્ય સુનીલ રાણેને મુંબઈ અધ્યક્ષપદ પર નીમવા માગે છે, કારણકે વિધાનસભામાં તેમની ટિકિટ કાપી નાખવામાં આવી હતી. આ દરમિયાન ફડણવીસના નજીકના મનાતા વિધાનપરિષદના સભ્ય પ્રવીણ દરેકર પણ અધ્યક્ષપદ માટે લોબિંગ કરી રહ્યા છે. એ સિવાય પ્રધાનપદ નહીં મળવાથી યોગેશ સાગર પણ ઈચ્છુક હોવાનું કહેવાય છે.

# હિન્દુ મરણ

લાવડિયાવાળા હાલ મુંબઈ ડૉ. હેમલતા પ્રભુલાલ જોશી (ઉ.વ.૮૬) તા.૨૭/૧૨/૨૪ના દેવલોક પામ્યા છે. તે તારાબેન પ્રભુલાલ સોનપાલના દીકરી. જગદીશ, સ્વ.અરુણ, સ્વ.જીતેન્દ્ર, સ્વ.બકુલાબેન અને કુમુદ વિજય કિરીના બેન. જયદત્ત, પ્રણવ, શ્વેતા હરીશના ફઈ. ડૉ. શ્રેયા વિજય કિરીના માસી. પ્રાર્થના સભા ૩૦/૧૨નો ૪થી ૫:૩૦. ઠે.૧લો માળ, વિશ્વેશ્વર ભવન, સન્યાસ આશ્રમ, વિલે પાર્લે (પશ્ચિમ).

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ સુરત, હાલ વસઇ રોડ સ્વ. મહેન્દ્રભાઇ ગુલાબદાસ ઠક્કર (માવાણી) (ઉં. વ. ૯૦) તે ગં. સ્વ. નીલાબહેન ઠક્કરના પતિ. સ્વ. ગુણવંતભાઇના નાનાભાઇ. તથા સંજય, સંદીપ, કવિતાના પિતાજી. ભાવના, નયનાના સસરા. પ્રિયંકા, કરણ, મીરાના દાદા. સ્વ. હરિદાસ પોપટલાલ રાઇચુરાના જમાઇ. તા. ૨૭-૧૨-૨૪ના શુક્રવારે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

કાંદિવલી નિવાસી સ્વ. વસંતભાઇ લક્ષ્મીદાસ ગોકાણીના પત્ની ઇલાબેન (ઇન્દુબેન) (ઉં. વ. ૭૬) રવિવાર, તા. ૨૯-૧૨-૨૪ના શ્રીજીચરણ પામ્યાં છે. તે બીના, દીપુલ, નીતાબેનના માતુશ્રી. દર્શનાબેન, અશ્વિનકુમાર, દેવેનકુમારના સાસુ. તે રમેશભાઇ, સ્વ. પ્રકાશભાઇ, ચંદુભાઇના ભાભી. તે સ્વ. દાસભાઇ, શાંતાબેન તન્નાના સુપુત્રી. તે હરસુખભાઇ, સ્વ. પ્રદીપભાઇ, સ્વ. પ્રફુલભાઇના બેન. સાનિકાના દાદી. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૩૦-૧૨-૨૪ના સાંજે ૪થી ૬. ઠે. લોહાણા મહાજનવાડી, ૨જે માળે, એસ. વી. રોડ, કાંદિવલી (પશ્ચિમ).

**નવગામ ભાટિયા**

ગં. સ્વ. સુધા જયસિંહ ગાંધીના સુપુત્ર તથા સ્વ. જયાબેન નરોત્તમદાસ વેદના જમાઈ શ્રી જગદીપ (ઉં.વ. ૭૧) તા. ૨૭-૧૨-૨૦૨૪ના રોજ શ્રીજીનાચરણ પામ્યા છે. તેઓ હર્ષાના પતિ. ભાર્ગવ તથા ઉર્વીના પિતાશ્રી. માનસી તથા સમીર શેઠના સસરા. ચિ. નંદીનીના દાદા તથા ચિ. દિવીજના નાના. ગ્રીષ્મા આશર, શૈલા ગાયકવાડ તથા નિષિધના ભાઈ.લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુથાર**

ગામ સાવરકુંડલાવાળા સ્વ. ઝવેરભાઈ છગનભાઇ ચુડાસમાના ધર્મપત્ની કાશીબેન (ઉં.વ.૯૯) તા ૨૬/૧૨/૨૪ના દિને રામચરણ પામેલ છે તે મુકેશભાઈ ઝવેરભાઈ ચુડાસમા, નીમુબેન ભગવાનભાઈ પરમાર, હંસાબેન કાંતિલાલ ગોહિલના માતૃશ્રી. શૈલેષ, જીગ્નેશ, બ્રિજેશ, તેજલબેન હેમલભાઈ પાલનના દાદી, ગામ જાળિયાવાળા ભીખાભાઈ નાનજીભાઈ ડોડીયાના બહેન તેમની પ્રાર્થનાસભા તા.૩૦/૧૨/૨૪ને સોમવારે સમય સાંજે ૫ થી ૭. સ્થળ: લુહાર સુથાર વાડી, કાર્ટર રોડ નં ૩, અંબાજી મંદિરની પાસે, બોરીવલી (ઇ).

**લુહાર સુથાર**

ગામ મઢડાવાળા હાલ મલાડ સ્વ. બાબુભાઇ ભીખાભાઇ હરસોરા (ઉં.વ.૭૪) ૨૭/૧૨/૨૪ના રોજ રામશરણ પામ્યા છે. તે સ્વ. દિવાળીબેન ભીખાભાઇ હરસોરાના પુત્ર. સ્વ. ભાગ્યશ્રીબેનના પતિ. શ્રી દામજીભાઇ, સ્વ. વલ્લભભાઇ, સ્વ વિઠ્ઠલભાઈ, સ્વ મગનભાઇ, હેમકુરબેન ભીમજીભાઇ ચુડાસમાના ભાઈ. દિલીપ, સંજય, નીતાબેન (અર્ચના)ના પિતાજી. ઉષા, ભાવના, જીતેન્દ્રકુમાર દામોદરભાઇ પરમારના સસરા. શ્રમિક, અવનિ, નીધી, અભયના દાદા. શ્રેયાના નાના. અશોકભાઈ હરજીવનભાઇ ચુડાસમા સાવરકુંડલાવાળાના બનેવી. તેમની સાદડી સોમવાર ૩૦/૧૨/૨૪ સાંજે ૫ થી ૭ કલાકે લુહાર સુથાર વેલ્ફેર સેંટર, કાર્ટર રોડ ન.૩, બોરીવલી (પૂર્વ).

**લુહાર સુથાર**

ચાંદગઢ નિવાસી હાલ ભાયંદરના સ્વ. દુધિબેન ત્રિકમભાઇ પિત્રોડાના પુત્રી તથા મેયાભાઈના ધર્મપત્ની હીરાબેન (ઉં.વ૭૫) તે

# જૈન મરણ

**ઝાલાવાડ જૈન**

લીંબડી હાલ અમદાવાદ ચક્ષુદાતા (નારંગીબેન) નયનાબેન તે સ્વ.બાબુભાઇ ચુનીલાલ ચોકસીના ધર્મપત્ની તથા ઇલા-સ્વ. અતુલ-રજની-રીટા તથા પીનાના માતુશ્રી. તથા સ્વ. હરજીવનદાસ મોહનલાલ લાલચંદ શાહ (ફેરદાવાળા)ના દીકરી. તા. ૨૯-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. બેસણું-પ્રાર્થના-લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**જામનગર હાલાર વિશા શ્રીમાળી જૈન**

સ્વ. જશુમતી તથા સ્વ. પુનમચંદ પરસોત્તમ પટેલના સુપુત્ર રમેશભાઈ (ઉં.વ.૭૨), તે સ્વ. કલ્પના મહેતાના પતિ, જીગ્નેશ તથા અ.સૌ. ભારતી આશીષ શેઠના પિતાશ્રી, વિનોદભાઈ તથા પ્રકાશભાઈના ભાઈ, અ.સૌ. લીનાના સસરા, પિયરપક્ષે મનહરલાલ કલ્યાણજી મહેતાના જમાઈ તા. ૨૭-૧૨-૨૦૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઘોઘારી દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

તળાજા નિવાસી હાલ વસઇ ભરતભાઇ પ્રતાપભાઇ ફાફડીયાના ધર્મપત્ની કિરણબેન (ઉં. વ. ૫૯) તા. ૨૮-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે રિદ્ધિ નીખીલકુમાર મહેતા, જીનલના માતુશ્રી. તે રંજનબેન ધીરેનભાઇના દેરાણી. તે ગોપાલગ્રામ નિવાસી ગં. સ્વ. જ્યોતિબેન વખતચંદભાઇ ત્રિભુવનદાસ દોશીના દીકરી. તે હિના નિખીલભાઇ કોઠારી, જાગૃતી મનોજભાઇ ખારાના બહેન. તે દૈવિક અને જીયાનાના નાની. ચક્ષુદાન કરેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## બીડમાં સરપંચની હત્યા

સાંગળે ફરાર થઈ ગયા હતા. આ મામલે શનિવારે બીડ જિલ્લામાં રાજકીય નેતાઓ અને નાગરિકોએ મોરચો કાઢ્યો હતો. વાત વણસતાં તપાસ સીઆઈડીને સોંપવાની જાહેરાત મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કરી હતી. આ કેસમાં અત્યાર સુધીમાં ૧૦૦થી વધુ લોકોની તપાસ કરવામાં આવી છે. આરોપીએ ફેંકેલા મોબાઈલ ફોનમાંના કોન્ટેક્ટ નંબરને આધારે પૂછપરછ કરવામાં આવી રહી છે. સીઆઈડીએ કેસને લગતા દસ્તાવેજો પોતાના હસ્તક લીધા હતા.

# પારસી મરણ

પૈરૂસાસ્પ સામ કરકરીઆ તે નરગીશ તથા સામ પીરોજશા કરકરીઆના દીકરા. તે સાયરસ સામ કરકરીઆના ભાઇ. તે વીયાના સાયરસ કરકરીઆના કાકા.તે ખુશનુમા સાયરસ કરકરીઆના જેઠ. તે યાસમીન તથા સોલી વજીફદારના ભાણેજ. તે પરવીન તથા હોમી મીનોચેર હોમજી તથા મરહુમો પેરીન તથા ટેમટન ભાઠેનાના ભત્રીજા. (ઉં. વ. ૪૯) રે. ઠે. એ/૭૦૨, પીપલ્સ કોસમોપોલીટન, સેન્ટ ટેરેસા રોડ, બાંદ્રા (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયા : તા. ૩૦-૧૨-૨૪ને બપોરે ૩.૪૦ કલાકે બાંદ્રા મધે તાતા અગિયારીમાં.

અતુલ, આશિષ, સોનલ, જીજ્ઞાના ભાભુ. વ્રજલાલ, રસિકભાઈ, મનસુખભાઇ, પ્રદીપભાઈના બહેન. રમાબેન તથા મુન્નાભાઈના મોટાબેન. ૨૮/૧૨/૨૪ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૩૦/૧૨/૨૪ના રોજ ૫થી ૭ કલાકે લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબા માતા મંદિર પાસે, બોરીવલી (ઈ).

**મોઢ વણિક**

ધ્રાંગધ્રા નિવાસી હાલ બોરીવલી મિનેષ દિનેશભાઇ દોશી (ઉં.વ.૫૬) તે ૨૯/૧૨/૨૪ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે બીનાબેનના પતિ. હેલી તથા નેહાના પિતા. પ્રસન્ન તથા મિત્તલના સસરા. પૂર્વી કે પરીખના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળગામ જામસલાયાવાળા હાલ કાંદિવલી રમણદાસ રામજીભાઈ રાજા (ઉં.વ.૯૭) તે મોંઘીબેન તથા રામજીભાઈ લધા રાજાના પુત્ર. વિરમતીબેનના પતિ. મંગલા કમલકુમાર મોરઝરીયા, વિષ્ણુદાસ, શોભા મુકેશભાઈ મશરૂના પિતા. સાકારબેન મથુરદાસ રૂઘાણી, જમનાદાસ, કૃષ્ણાબેન નારણદાસ ગોકાણીના ભાઈ. જામખંભાળિયાવાળા હરિદાસ નથુભાઈ બદિયાણીના જમાઈ. વંદનાના સસરા. પૂનમ સાગર કોટેચા તથા ગોકુલના દાદા. ભામીનીના દાદા સસરા. ૨૮/૧૨/૨૪ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા ૩૦/૧૨/૨૪ ના રોજ ૧૦.૩૦ થી ૧૨.૦૦ કલાકે હાલાઇ લોહાણા મહાજનવાડી, બીજે માળે, એસ. વી રોડ, કાંદિવલી વેસ્ટ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

સથરાવાળા (હાલ મીરા રોડ) સ્વ. નવનીતલાલ રતિલાલ મહેતાના સુપુત્ર ચેતનના ધર્મપત્ની - અ.સૌ. પૂજા (પ્રીતિ) (ઉં.વ. ૪૯) તા. ૨૮/૧૨/૨૪ને શનિવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તે મનનના મમ્મી. અજય, પરાશર, રવિનાં ભાઈના પત્ની. તે લંગાળાવાળા ગં.સ્વ. હીનાબેન નવનીતરાય મોદીના દીકરી. સર્વપક્ષીય પ્રાર્થનાસભા તા. ૩૧/૧૨/૨૪ને મંગળવારે સાંજે ૫ થી ૭. સ્થળ : ઇસ્કૉન સ્વામી નારાયણ મંદિર હોલ, સેક્ટર ૧૦, શાંતિ નગર, મીરા રોડ.

**કચ્છી પરજીયા પટ્ટણી**

સોની રાધાબેન, (ઉં.વ.૭૧) ગામ નાની ખાખર, સોની નરોત્તમભાઈ(શંભુભાઈ) લિલાધર થલેશ્વરના ધર્મપત્ની, હિતેશ, જીગ્નેશ તથા હર્ષિકાબેન કિર્તીભાઇ ધકાણના માતુશ્રી. આરતીબેન તથા ફાલ્ગુનીબેનના સાસુમા. સ્વ. લિલાવંતીબેન હિરજીભાઈ ખેતશી ધકાણના પુત્રી તારીખ ૨૮/૧૨/૨૪ના રામશરણ પામેલ છે, તેમની પ્રાર્થનાસભા તારીખ ૩૦/૧૨/૨૪ સોમવારના ૪થી ૫. સોની વાડી, શિંપોલી ક્રોસ રોડ, બોરિવલી (વેસ્ટ).

**કપોળ**

જાફરાબાદવાળા સ્વ. હિરાલક્ષ્મી મગનલાલ મહેતાના સુપુત્ર સ્વ. શામળદાસ (ઉ.વ. ૮૪) હાલ બોરીવલી, તે સ્વ. ભારતીબેનના પતિ, તે તૃપ્તિ, મયુર, સ્વાતી, રાકેશના પિતા, તે કાજલ, સ્વ. અતુલ સંઘવી, કમલેશ દોશીના સસરા, રાજુલાવાળા સ્વ. શામળદાસ દુર્લભદાસ સંઘવીના જમાઈ તા. ૨૯-૧૨-૨૦૨૪ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૩૧-૧૨-૨૪ને મંગળવારના સાંજે ૫ થી ૭ રાખેલ છે. સ્થળ- આંગન બેંકવેટ, કેન્ટ ટાવર, બી વીંગ, પહેલે માળે, ફેક્ટરી લેન, લઘુબંધુ જ્વેલર્સની ઉપર, બોરીવલી વેસ્ટ. લૌકિક ક્રિયા બંધ છે.

**દશા સોરઠિયા વણિક**

ભાવનગર નિવાસી (હાલ કાંદિવલી) વ્રજલાલભાઇ ભાઇચંદભાઇ ડુંગરાણી (ઉં. વ. ૮૩) તા. ૨૮-૧૨-૨૪ના શનિવારે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. પ્રભાબેનના પતિ. ચંદ્રકાન્તભાઇ મહેતાના ભાઇ. તે કલ્પના યતિનભાઇ શાહ, સ્વ. મુકેશભાઇ, મનિષભાઇના પિતાશ્રી. પૂનમ, ઉર્વશીના સસરા. કૈશા, દેવિશાના નાના. વિરલ, શૈલમ, હર્ષના દાદા. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

નલિયાગામ હાલ નાશિક પ્રતાપભાઇ ચંદન (ઉં. વ. ૯૦) તે પુરુષોત્તમભાઇ ડુંગરસિંહ ચંદનના પુત્ર. તે રતનસિંહભાઇ અને પુષ્પાબેન લાલજીભાઇ અનમના ભાઇ. તે કાશીબેનના પતિ. તથા જીતેશ (મહેશ) ધનલક્ષ્મી રાજેશભાઇ દેવાણી, મહાલક્ષ્મી (માલાબેન) ગૌતમભાઇ ચોથાણી, પૂર્ણા (પૂજા) મનિષભાઇ ચોથાણીના પિતાશ્રી. તથા પન્નાબેનના સસરાજી. તે કરસનદાસ માધવજી સચદેના જમાઇ. તે તા. ૨૮-૧૨-૨૪ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા સોમવાર, તા.૩૦-૧૨-૨૪ના સાંજે ૪થી ૫.૩૦. ઠે. જલારામ ભવન, કેવડીવન, તપોવન, નાશિક ખાતે રાખેલ છે.

**લુહાર સુથાર**

ગામ હેમાળ નિવાસી હાલ અંધેરી ધીરજલાલ લાખાભાઇ મકવાણાના પત્ની જયાબેન ધીરજલાલ મકવાણા (ઉં. વ. ૬૮) તા. ૨૬-૧૨-૨૪ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. શાંતાબેન ભીમજીભાઇ ડોડિયાના સુપુત્રી. અતુલભાઇ, રૂપેશભાઇ, વનિતાબેન, બીનાબેનના મમ્મી. રાહુલ સિંગ, દર્શિતાબેન, કવિતાબેનના સાસુ. તે સ્વ. નારણભાઇ, માધવજીભા નાના ભાઇના પત્ની. તે જયંતીભાઇ, દુર્લભભાઇ, ધીરુભાઇ, ચંદ્રકાન્તભાઇ, રમેશભાઇ, લાભુબેન, ધનુબેન, વિમળાબેનના બેન. પ્રાર્થનાસભા સોમવાર તા. ૩૦-૧૨-૨૪ના સાંજે ૫થી ૭. ઠે. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ નં.૩, દત્તપાડા મેન રોડ, અંબાજી મંદિરની બાજુમાં, બોરીવલી (ઇસ્ટ).

**કપોળ**

સિહોરવાળા હાલ કાંદિવલી સ્વ. દિનતાબેન ચંપકલાલ બાલુભાઇ મુનીના પુત્ર નૈષધભાઈ (ઉં.વ. ૬૭) તા. ૨૮-૧૨-૨૦૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે શિલ્પાના પતિ, ધ્રુવ, વિધીના પિતા, ઋતુ અને અંકિતના સસરા, સ્વ. નરેન્દ્રભાઈ, સ્વ. નરેશભાઈ, ઉર્મિલા જે. મહેતા, ઉષા જે. પારેખ, મિનાક્ષી વી. સંઘવીના ભાઈ, નયનાના દિયર, ચલાલાવાળા સ્વ. મનસુખલાલ રતીલાલ ભુવાના જમાઈ, નિરજ, હેતલ, હેતલ ચિરાગ, પૂર્વી મેહુલ, હેમાલી ધરીતના કાકા, લૌકિક પ્રથા બંધ રાખેલ છે.


| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ધર્મતેજ

## મનન

હેમંત વાળા
feedback@bombaysamachar.com

## બ્રહ્મનું નિરૂપણ



વિશ્વનું સૌથી અઘરું કાર્ય બ્રહ્મનું નિરૂપણ કરવાનું છે. જ્યાં બુદ્ધિ પહોંચી ન શકે, જ્યાં મન અસ્તિત્વ ગુમાવી બેસે, જ્યાં ઇન્દ્રિયો શાંત થઈ જાય, ત્યાંની પરિસ્થિતિ વિશેનું વર્ણન કેવી રીતે થઈ શકે. ત્યાં જે પણ હયાતી અનુભવાય તેનું નિરૂપણ કેવી રીતે થઈ શકે. ત્યાં જે પહોંચી જાય તે ભાગ્યે જ કશું કહેવા પરત આવે. પોતાની પૂર્ણતા સાથે તેણે શૂન્યતામાં પ્રવેશ કરી લીધો હોય, પછી ફરીથી અપૂર્ણાતા તરફ ગતિ ક્યાંથી સંભવી શકે. અને તેથી જ કહેવાય છે કે જેમણે વાસ્તવિકતામાં બ્રહ્મની અનુભૂતિ કરી છે તેઓ બ્રહ્મ વિશે વાત કરતા નથી, અને બ્રહ્મ વિશે વાત કરનારને બ્રહ્મ માટે થોડો જ અણસારો હોય છે. અહીં આ અણસારાની વાત છે.

બ્રહ્મ પૂર્ણ છે અને તેનું સર્જન એટલી પૂર્ણતા તો પામી જ ન શકે અને તેથી અપૂર્ણ છે. અપૂર્ણ દ્વારા પૂર્ણનું નિરૂપણ અસંભવ જણાય. પ્રયત્ન થઈ શકે, કંઈક અંશે સફળ પણ થવાય, પરંતુ પૂર્ણતામાં તેનું નિરૂપણ અસફળ જ રહે. છતાં પણ માનવીનો એ સ્વભાવ છે કે અશક્ય જણાતી બાબતો માટે પણ પ્રયત્ન કરતાં રહેવું. આ સારી વાત છે. બ્રહ્મનું નિરૂપણ સમગ્રતામાં ન થઈ શકે પણ આછો-પાતળો ખ્યાલ તો ચોક્કસ ઉદ્ભવે. બ્રહ્મને સમજવા માટે, પ્રારંભિક તબક્કામાં, તે પણ પૂરતું છે. મનના શુદ્ધ સાત્ત્વિક તરંગો, બુદ્ધિની તાર્કિક પહોંચ, ચિત્તમાં સંગ્રહાયેલ સંસ્કારોની મદદ, શાસ્ત્રોનો સથવારો તથા સંતપુરુષ ગુરુજનનું માર્ગદર્શન – આ બધાથી બ્રહ્મ વિશે થોડો અણસારો તો આવી જ શકે.

જે સર્જક દ્વારા સર્જન થયું છે એ સર્જક સુધી સર્જન થયેલું તત્ત્વ ક્યારે પહોંચી ન શકે. સર્જન ક્યારેય સર્જકને પામી ન શકે. સર્જન પાછળ ઘણાં પરિબળો હોય છે જેમાંના કેટલાક સર્જક આધારિત તો કેટલાક થઈ ગયેલા સર્જન આધારિત હોય. આ પરિબળોની સંખ્યા વધુ હોવા સાથે તેમની વચ્ચેનું પરસ્પરનું સમીકરણ પણ જટિલ હોય. સર્જક તથા સર્જનની પ્રક્રિયા માટે સમગ્રતામાં કોઈ નિરૂપણ કરવું મુશ્કેલ જ નથી અશક્ય પણ જણાય છે. હા, સર્જનના પ્રકારના આધારે સર્જકની ક્ષમતા, તેનો અગ્રતાક્રમ, કંઈક અંશે તેનો હેતુ, તેની પાસેનાં સંભવિત સંસાધનો, અને કંઈક અંશે સમગ્ર ઘટનાક્રમ વિશે વિચારી શકાય. પણ આ વિચાર યોગ્ય અને યથાર્થ હશે તેની કોઈ ખાતરી ન હોય કે ન હોય તે ચકાસવાની કોઈ સિદ્ધ પ્રક્રિયા. પોતાની રુચિ પ્રમાણે પોતાની વિચારસરણી પ્રમાણે વ્યક્તિ સર્જક વિશે નિર્ધારણ કરી શકે.

બ્રહ્મ વિશે ઘણું બધું કહેવાય છે. કહેવાય છે કે તે ઘણું બધું છે અને કશું જ નથી. તે સર્વત્ર છે અને કશે જ નથી–

તે કશે જ નથી છતાં બધે જ છે. તે આગળ છે અને પાછળ પણ છે, ઉપર છે અને નીચે પણ છે, ડાબે છે અને જમણે પણ છે, પણ આ બધામાં કેન્દ્રમાં તે છે. તે કેન્દ્રમાં છે એટલે દિશાઓ નક્કી થાય છે, સ્થિતિ અને પ્રગતિ નક્કી થાય છે. તે હોવા છતાં નથી અને ન હોવા છતાં પણ છે. બ્રહ્મની સાપેક્ષતામાં જડ અને ચેતન નિર્ધારિત થાય છે. ચેતનમાં તેની હાજરી છે તો જડ પણ તેનું એક સ્વરૂપ છે. બ્રહ્મના સંકલ્પને આધારે સ્થાન અને સમય નિર્ધારિત થાય છે. બ્રહ્મની સ્ફૂરણાથી કર્મ સાથે તેનું ફળ પરસ્પર સંકળાય છે, કાર્ય-કારણનો સંબંધ સ્થાપિત થાય છે, સૃષ્ટિનું દરેક તત્ત્વ પોતાની પ્રકૃતિ જાળવી રાખે છે અને જરૂર જણાય ત્યાં નિયમોને આધીન રહીને અપવાદ પણ સર્જે છે. બ્રહ્મને કારણે અહંકાર સર્જાય છે અને નાશ પામે છે, માયાનું આવરણ સ્થાપિત થાય છે અને પછી અનુકૂળ સંજોગો ઊભા થતાં નાશ પામે છે, સૃષ્ટિમાં વિવિધતા ઉદભવે છે અને અંતે તે બધું તે એકમાં એકાકાર થઈ જાય છે, સર્જન- સ્થિતિ-પ્રલયનું ચક્ર ચાલ્યા કરે છે; બ્રહ્મની સ્ફૂરણાથી જ લાગે છે કે બધું જ થાય છે અને સાથે સાથે કશું જ નથી થતું.

બ્રહ્મ ભેદી છે. બ્રહ્મ અતિ ગૂઢ છે. બ્રહ્મ અતિ ગહન છે. ઊંડાણની પરાકાષ્ઠાથી પણ વધુ ઊંડાણ તેનામાં છે છતાં પણ તેનામાં કોઈ પ્રકારનું ઊંડાણ નથી. વિસ્તારની કલ્પના બહારનો વિસ્તાર તેનો છે, છતાં પણ એ નાનકડા અણુમાં સંયોજિત રહે છે. સર્વ-સામર્થ્યના પર્યાય સમું તેનું અસ્તિત્વ છે, છતાં પણ તેની નિષ્ક્રિયતા અકલ્પનીય છે. ચૈતન્ય સમાજ તેનો અસ્તિત્વ હોવા છતાં સૃષ્ટિના સઘળા જડમાં પણ તેનું પ્રભુત્વ છે. પોતાના જ સર્જનમાં પ્રવેશ કરી તે સર્જનનો એક ભાગ બની રહે છે. નિયમોનો ઘડનાર હોવા છતાં પોતે પણ નિયમોને આધીન રહે છે. સર્વજ્ઞ હોવા છતાં તે અવતારમાં જ્ઞાની પુરુષનું ગુરુપણું સ્વીકારે છે.


બ્રહ્મને જો સત્ય કહેવામાં આવે તો અસત્ય બહાર રહી જાય. બ્રહ્મને ચૈતન્ય કહેવામાં આવે તો જડ તત્ત્વ બ્રહ્મ સિવાયનું અસ્તિત્વ બને. બ્રહ્મને જો ધર્મ કહેવામાં આવે તો અધર્મ અને અધર્મનું આચરણ કરનાર બંનેની સૃષ્ટિના અસ્તિત્વમાંથી બાદબાકી થઈ જાય. કોઈપણ એક સ્વરૂપે જો બ્રહ્મનું નિરૂપણ થાય તો અન્ય સ્વરૂપ બ્રહ્મના વ્યાપ બહારની ઘટના બની રહે. આ ઇચ્છનીય પરિસ્થિતિ નથી. આવા સંજોગોમાં બ્રહ્મને સમકક્ષ બીજું કંઈક અસ્તિત્વ છે તેમ સ્થાપિત થાય – બે બ્રહ્મ બને, બંને શક્તિમાન હોય. જે ઈશ્વર અને શેતાનની પૂર્વધારણા છે તે આ પ્રમાણેની વિચારધારાનું પરિણામ છે. અને તેથી જ બ્રહ્મ નથી શ્વેત કે નથી શ્યામ. બ્રહ્મ એ પ્રકાશ છે જેમાં બધા જ રંગો સમાઈ જાય છે, પછી તે હકારાત્મક હોય કે નકારાત્મક. દેવ પણ બ્રહ્મના અસ્તિત્વની સાક્ષી છે તો દાનવનું અસ્તિત્વ પણ તે જ બ્રહ્મનું અનુમોદન કરે છે. બ્રહ્મમાંથી કશાની બાદબાકી શક્ય નથી. બ્રહ્મ સમાવેશીય છે. બ્રહ્મ પરસ્પર વિરોધીને પોતાનામાં સમાવી લે છે – અને તેથી કદાચ એમ પણ કહી શકાય કે જે વિરુદ્ધ અનુભવાય છે તે વાસ્તવમાં છે જ નહીં. એકંદરે એમ કહી શકાય કે જે છે તે બ્રહ્મ જ છે. સમગ્ર સૃષ્ટિ બ્રહ્મનું સ્વરૂપ છે, સમગ્ર બ્રહ્માંડ બ્રહ્મનું નિરૂપણ છે, સમગ્ર અનંત બ્રહ્મનું પ્રમાણ છે. બ્રહ્મ નિરૂપણનો નહીં પરંતુ અનુભૂતિનો વિષય છે. બ્રહ્મ સમજવા માટેની ઘટના નથી પરંતુ સમજ વિકસી શકે તે માટેનું માધ્યમ છે. ■

# આખો સમાજ જે કરે તેનું અનુગમન તો સૌ કરે છે પરંતુ જરૂર છે સામા પાણીએ તરનારાઓની

## માનસ મંથન



મોરારિબાપુ
feedback@bombaysamachar.com



કાલે મારી પાસે એક સદ્ગૃહસ્થ આવ્યા. હું બહુ ઓળખતો નથી, મારે બહુ ઓળખવાનું કોઈ કારણ નહીં. પણ મને એણે બહુ સરસ વાત કહી, કે બાપુ ! હું આદિવાસી વિસ્તારમાં કંઈક કરવા ઈચ્છું છું. તમને હું Blank cheque આપું, તમે જે રકમ ભરવી હોય તે ભરી દો. પછી અહીંના લોક કલ્યાણ માટે, આદિવાસી, ગરીબ ભાઈ-બહેનો માટે વાપરું. આ વસ્તુ કંઈક શ્રદ્ધા જન્માવે એવી છે. બાકી પોતાનાં દુઃખ તો આખી દુનિયાના દેવતાઓ રડતા હોય છે. પહેલાં તો તેત્રીસ કરોડ દેવતા હતા, હવે નેવું કરોડ દેવતાઓ છે. હિંદુસ્તાનની છેલ્લી ગણતરી, એંશી, નેવુનો આંકડો છે. દેવતા એટલે ગામડામાં શું કહે? અગ્નિ દેવતા લાવો. હવે તો નેવું કરોડ, બધા સળગાવવાવાળા છે, આ દશા છે. પણ જ્યારે આવા રૂડા સમાચારો મળતા હોય, ત્યારે આપણને લાગે કે આ દીન હીન સમાજ માટે પ્રેમ છે, સાધુવાદ. મારી પ્રસન્નતા વ્યક્ત કરું છું. સમાજની અમુક ઘટનાઓ શ્રદ્ધાવર્ધક બને.

આ ઋષિઓ, સાધુઓનો, આચાર્યોનો દેશ છે, જેણે બલિદાનો આપ્યાં એ શહીદોનો દેશ છે, એને ફાવે તેમ કરો. ધન્ય છે આવા દાતાઓને, કે જે પોતાનું નામ આપવા નથી ઈચ્છતા. હું નથી ઓળખતો, મને વાત કરી ત્યારે ખબર પડી, એ પણ છેલ્લાં, એકલા હતા ત્યારે. આવા રક્ષકોની જરૂર છે, જે સમાજને પ્રેમ કરતાં હોય, આ જ સમાજની માગ છે. પૂજા ઓછી કરશો તો ચાલશે. પ્રેમ કરો. આંખો કાઢીને પૂજા કરો તો ? એ બેસી જા, હું તિલક કરી દઉં ? એ પૂજા કહેવાય ? આપણે કૃષ્ણશંકરદાદા કહે, આપણા તપસ્વી ઋષિ દાદા કહે કોઈને સુધારવો હોય, તો આંખ્યો કાઢીને ન સુધારી શકાય, આંખ્યોમાંથી આંસુડા કાઢીને સુધારી શકાય. આંખ્યો કાઢીને ન સુધારાય. કેમ બુદ્ધે કરુણા વરસાવી ! તેથી કથા સાંભળનારાઓ, યુવાનો, માતાઓ, ભાઈઓ, બહેનોને એ જ પ્રાર્થના કરું કે હવે સમય એવો છે, સામે પાણીએ ચાલવું પડશે, એ વગર આ સમાજ નહીં સુધરે.

જૈન ધર્મમાં મહાવીર સ્વામીએ બે શબ્દો આપ્યા, અનુશ્રોત-પ્રતિશ્રોત. ખૂબ અદ્ભુત અને મંત્રાત્મક છે. અનુશ્રોતનો અર્થ છે, ભીડની પાછળ પાછળ અનુગમન કરવું, આખો સમાજ જાય, એની પાછળ પાછળ ઘેટાંની જેમ જવું. પ્રતિશ્રોત એટલે સામે પાણીએ ચાલવું, આજની યુવાનીને જરૂર છે પ્રતિશ્રોતની. આજે મારી ને તમારી દશા છે, બધા આમ કરે છે, તો પછી હું શા માટે રહી જાઉં ? આ વાત છે ને ? બધાનું આ જ કામ છે ને ? આજે કોઈ યુવાન છોકરાને તમે પૂછો કે તમે શું કામ આ બધા ભટકો છો ? કહે, બધા ભટકે છે, તેમાં હું એક હરિશ્ચંદ્ર ક્યાં થવાનો ? આમ બધા જ અનુકૃતમાં ચાલે છે. આખી ભીડમાં ચાલે છે. તમે શું કામ શરાબ પીઓ છો ? કહેશે કે મારા બધા ફ્રેંડ સર્કલ પીએ છે, તો એમાં હું ક્યાં રહી જાઉં ! તમે શું કામ ક્લબોમાં ને આમ તેમ ભટકો છો ? તમારી શક્તિ, ઊર્જાને વેડફો છો ? એના કહેવાનો અર્થ પણ સાચો છે કે આખો સમાજ એ પ્રમાણે કરે છે. પણ બાપ ! કોઈએ તો મહાવીરનો મંત્ર ધારણ કરવો પડશે કે આપણે પ્રતિશ્રોત ચાલુ કરી છે. આપણે સામા પાણીએ જઈએ છીએ, જેવી રીતે રાષ્ટ્રનો યુવાન, દીકરી, ભાઈ-બહેન, આવી રીતે ચાલતા શીખીશું.

*તારી જો હાંક સુણી કોઈ ના આવે, તો તું એકલો જાને રે...*
*ઘનઘોર વનની પાટમાં, અઘરાળ તો બાપુ,*
*અને વિકરાળ કેસરિયાને પંપાળતો બાપુ.*
*ચાલ્યો જજે તુજ ભોમિયો આ ભગવાન છે બાપુ,*
*છેલ્લો કટોરો ઝેરનો આ પી જજે બાપુ,*
*સાગર પીનારા, અંજલિ નવ ઢોળજે બાપુ.*

બીજી ગોળમેજી પરિષદમાં ગાંધીજી જતા હતા, ત્યારે મેઘાણીભાઈ જઈ નહોતા શક્યા, છેલ્લે સ્ટીમર પર પોતાનું કાવ્ય મોકલ્યું. આ પછી ગાંધીજીએ, આજે મેઘાણી શતાબ્દી રાષ્ટ્ર ઉજવે છે, ત્યારે એમને બિરુદ આપેલું કે તમે રાષ્ટ્રીય શાયર છો. આ બ્રિટિશરોને આ અંગ્રેજો કેવા ખૂંખાર કેસરિયા સાવજ જેવા છે, તોયે એને પંપાળતો બાપુ.

*શું થયું ત્યાંથી ઢીંગલું લાવો ન લાવો,*
*વો સાદ દઈશું, ભલે ખાલી હાથ આવો.*

બાપુ, બ્રિટનથી કદાચ સફળતા ન લાવો, તો કોઈ ચિંતા નહીં. અમે તને ભેટી પડીશું. અમે તમને ઊંચકી લઈશું, અમારાં પ્રેમની પાલખીમાં બેસાડીશું. આ ગાંધીવિચાર, આજે ક્યાં દેખાય છે ? બધા અનુશ્રોત છે. सब चोर है। કોઈકે તો નીકળવું જોઈએ, સામે પાણીએ હાલનારા, કે અમે લાંચ નહીં લઈએ, અમે કોઈનો એક રૂપિયો નહીં લઈએ.

મારા શ્રોતાઓને કહું કે એવું વ્યક્તિત્વ નિર્માણ કરો, કોઈક તો એવું નીકળે કે સામે પાણીએ ચાલીએ, કોઈકના એક રૂપિયાની પરવા ન હોય. જેણે પેટ આપ્યું એ રોટલો આપવાનો જ છે. તમે હિમાલયની ગુફામાં જતા રહો તો ત્યાં ટિફિન આવીને ઊભું રહે, એ વચન આપેલું છે એને

**अजगर करे न चाकरी पंछी करे न काम**
**दादु मलिक युं करे, सब का दाता राम।**


જેના મોઢામાં પવનની ઝપટથી ખોરાક આવી જાય, ને અજગરને ખોરાક મળી જાય. ઈશ્વર તો આપે જ છે, પણ અનુશ્રોત સમાજમાંથી યુવાન ભાઈ-બહેનો, આ આદિવાસી વિસ્તારની દીન હીન વસ્તી એના માટે કામ કરો. મારાં ભાઈ-બહેનો, આ નવ દિવસ તો કાલે પૂરાં થઈ જશે. થોડી વ્યક્તિઓ પણ જો સંકલ્પિત થાય તો ઘણું મોટું પરિણામ આવે.

**– સંકલન : જયદેવ માંકડ** ■

# આપણું કથાસાહિત્ય

## અલૌકિક દર્શન

ભાણદેવ
bhandev@bombaysamachar.com




આપણે બાળકોને મેના-પોપટ કે રાજા-રાણીની વાર્તા કહીએ છીએ. એક રીતે આ બાળવાર્તાઓ પણ કથાઓ જ છે, પરંતુ આવી કથાઓ નરી કલ્પનાસૃષ્ટિ જ હોય છે.

સિંદબાદની સફરોની કથા પણ એક સ્વરૂપની કથાઓ જ છે. આવી કથાઓને આપણે સાહસકથાઓ કહીએ છીએ. 'પંચતંત્ર' અને 'હિતોપદેશ'ની વાર્તાઓ તથા 'ઈસપ નીતિકથાઓ' પણ એક અન્ય સ્વરૂપની કથાઓ જ છે. આવી કથાઓમાં વ્યાવહારિક ડહાપણ આપવાની દૃષ્ટિ હોય છે. આવી કથાઓ દ્વારા કોઈક સ્વરૂપનો બોધ આપવામાં આવે છે. આ ઉપરાંત નૈતિક મૂલ્યોની મહત્તા દર્શાવનારી કથાઓ પણ દરેક સમાજમાં હોય જ છે.

આપણાં પુરાણો અને આપણાં મહાકાવ્યો પણ કથાઓથી ભરપૂર છે. આ કથાઓ આપણે ઉપર ગણાવેલી કથાઓ કરતાં તદ્દન ભિન્ન સ્વરૂપની કથાઓ છે. આપણા કથાસાહિત્યમાં આપણાં પુરાણો અને 'રામાયણ', 'મહાભારત' આદિ મહાકાવ્યોનો સમાવેશ થાય છે. આ પુરાણો 'રામાયણ', 'મહાભારત' આદિ કથાગ્રંથો જ આપણું યથાર્થ કથાસાહિત્ય છે. આપણા આ કથાસાહિત્યનો આધાર, તેમાં અભિવ્યક્ત થતાં તત્ત્વો, તેનું સ્વરૂપ, તેની વ્યંજના – આ બધી દૃષ્ટિથી તે ઉપરોક્ત ગણાવેલાં વાર્તા આદિ કથાસ્વરૂપો કરતાં મૂળભૂત રીતે જ જુદું પડે છે.

જો આપણે ભારતીય સંસ્કૃતિ, ભારતીય ધર્મ અને ભારતીય અધ્યાત્મવિદ્યાને યથાર્થતઃ સમજવા ઇચ્છતા હોઈએ તો તેના ભાગરૂપે આપણે આપણા આ કથા-સાહિત્યને પણ સમજવું જોઈએ. આપણું યથાર્થ કથાસાહિત્ય એટલે પુરાણો તથા મહાકાવ્યોમાં રજૂ થયેલી આપણી કથાઓ.

આપણા આ યથાર્થ કથાસાહિત્યને સમજવાનો પ્રયત્ન કરીએ.

આપણું કથાસાહિત્ય શું છે તે સમજતાં પહેલાં આપણે એ સમજીએ કે તે શું નથી.

૧. અહીં આપણે જે કથાસાહિત્યને સમજવાનો પ્રયત્ન કરીએ છીએ તેમાં ધાર્મિક-આધ્યાત્મિક કથાસાહિત્યનો જ સમાવેશ કરીએ છીએ. બાળવાર્તાઓ, સાહસકથા, 'પંચતંત્ર', 'હિતોપદેશ' આદિની કથાઓ, મનોરંજક કથાઓ કે હાસ્યકથાનો તેમાં સમાવેશ થતો નથી. તેમને જુદા જ વર્ગમાં ગણવામાં આવે છે.

૨. આપણું કથાસાહિત્ય માત્ર કલ્પનાવિહાર નથી. જેમ નાનાં બાળકોને સાવ કાલ્પનિક વાર્તાઓ દ્વારા રોમાંચક રસાસ્વાદ કરાવવામાં આવે છે તે સ્વરૂપની આ કથાઓ નથી.

૩. આપણું કથાસાહિત્ય મનોરંજન માટે નથી. બે ઘડીના આનંદ માટેનું એ હળવું વાચન નથી. આપણા કથાસાહિત્યમાં મનોરંજનનાં તત્ત્વો છે, પરંતુ મૂળભૂત રીતે આ કથાઓ મનોરંજન માટે નથી.

૪. આપણું કથાસાહિત્ય સાહસકથાઓ કે યુદ્ધકથાઓ પણ નથી. આ કથાઓમાં સાહસ અને યુદ્ધનાં તત્ત્વો છે, પરંતુ તેમનો મૂળ હેતુ યુદ્ધનું વર્ણન કે સાહસનું કથન નથી.

૫. આપણા કથાસાહિત્યનો મુખ્ય હેતુ નૈતિક શિક્ષણ નથી. આપણા કથાસાહિત્યમાં નૈતિક શિક્ષણનાં તત્ત્વો ખૂબ છે, પરંતુ આ કથાસાહિત્ય મૂલતઃ નૈતિક રક્ષણ માટે લખાયું નથી.

હવે આપણે જોઈએ કે આપણું કથાસાહિત્ય શું છે અને આપણા કથાસાહિત્યનો હેતુ શો છે. આપણે એ પણ સમજીશું કે આપણા કથાસાહિત્યનું સ્વરૂપ શું છે અને આપણા કથાસાહિત્ય દ્વારા તેનો હેતુ કઈ રીતે સિદ્ધ કરવામાં આવે છે.

ભારતીય સંસ્કૃતિનું કેન્દ્રસ્થ તત્ત્વ અધ્યાત્મ છે. અધ્યાત્મ છે તો ભારત છે. અધ્યાત્મ નથી તો ભારત નથી. અધ્યાત્મ વિનાનું ભારત એકડા વિનાનાં અનેક મીંડાં સમાન છે. દરેક દેશને પોતાનું એક પ્રધાન તત્ત્વ હોય છે. તે દેશની સંસ્કૃતિ તે પ્રધાન તત્ત્વને કેન્દ્રમાં રાખીને તેની આજુબાજુ ગોઠવાય છે, વધે છે અને વિકસે છે તથા તેને આધારે ટકી રહે છે. ભારતીય સંસ્કૃતિનું આ પ્રધાન તત્ત્વ કે કેન્દ્રસ્થ તત્ત્વ અધ્યાત્મ છે. તેથી જ ડાહ્યા માણસો કહે છે કે આર્યાવર્ત અધ્યાત્મવિદ્યાનું પિયર છે.

વેદ આપણી અધ્યાત્મગંગાની ગંગોત્રી છે. વેદમાંથી નીકળેલી આ અધ્યાત્મગંગા આજ સુધી અસ્ખલિત સ્વરૂપે વહી રહી છે અને અગણિત માણસોને પાવન કરી રહી છે.

આપણી અધ્યાત્મ-પરંપરા અપરંપાર રહસ્યોથી ભરપૂર છે. અધ્યાત્મની આ મહાન ખાણ આપણો મહામૂલો નિધિ છે.

કહેવાય છે કે ગ્રીસમાં ભૂમિતિનો વિકાસ યુદ્ધવિદ્યામાંથી અને યુદ્ધવિદ્યાના એક ભાગરૂપે થયો હતો અને ભારતમાં ભૂમિતિનો વિકાસ યજ્ઞવિદ્યામાંથી અને યજ્ઞવિદ્યાના એક ભાગરૂપે થયો હતો. ભારતીય સંસ્કૃતિ અને પશ્ચિમી સંસ્કૃતિની ભિન્નતા સમજવા માટે આ એક દૃષ્ટાંત મૂલ્યવાન સંકેત આપે છે.

હજારો વર્ષોથી તપશ્ચર્યાને અંતે આપણી પાસે અધ્યાત્મવિદ્યાનો એક અણમોલ નિધિ તૈયાર થયો છે અને ગ્રંથસ્થ પણ થયો છે. અધ્યાત્મવિદ્યાવિષયક અનેકવિધ સાહિત્યનો અપાર રાશિ આ પુણ્યવતી ધરતી પર રચાયો છે, ગ્રંથસ્થ થયો છે અને પ્રકાશિત પણ થયો છે.

અધ્યાત્મવિદ્યાનો આપણો ગ્રંથભંડાર અનેક સ્વરૂપો ધરાવે છે. વેદની સંહિતાઓમાં આ રહસ્યો મંત્રોરૂપે વ્યક્ત થયાં છે. ઉપનિષદોમાં પણ અધ્યાત્મવિદ્યા મંત્રોના સ્વરૂપમાં જ છે. 'યોગસૂત્ર', 'બ્રહ્મસૂત્ર', 'સાંખ્યસૂત્ર', 'ભક્તિસૂત્રો', 'પૂર્વમીમાંસાસૂત્ર', 'શિવસૂત્ર' આદિ ગ્રંથોમાં અધ્યાત્મવિદ્યા સૂત્રોના રૂપે રજૂ થયેલ છે. 'સાંખ્યકારિકા', 'સૌંદર્યલહરી', 'ગૌડપાદકારિકા' ('માંડૂક્યકારિકા'), 'પંચદશી', 'માધ્યમિકકારિકા' ('શૂન્યકારિકા') આદિ ગ્રંથોમાં આપણી આ વિદ્યા શ્લોકો રૂપે રજૂ થયેલ છે. આ ઉપરાંત અનેક ભાષ્યગ્રંથો પણ લખાયા છે. ભાષ્યગ્રંથોમાં અધ્યાત્મવિદ્યાનું વિશદીકરણ અને વિસ્તૃતીકરણ થયેલ છે.

આ બધાં સ્વરૂપો ઉપરાંત અધ્યાત્મવિદ્યાનાં રહસ્યોને અભિવ્યક્ત કરવાની એક બીજી પદ્ધતિ પણ આપણા દેશમાં વિકસી છે. આ પદ્ધતિ છે આપણું કથાસાહિત્ય. અધ્યાત્મવિદ્યાનાં રહસ્યોને કથા દ્વારા અભિવ્યક્ત કરવાની એક વિરલ અને વિશિષ્ટ પદ્ધતિનો અને તે પ્રકારના કથાસાહિત્યનો આપણા દેશમાં ઘણો વિકાસ થયો છે. આપણું કથાસાહિત્ય ઘણું વિસ્તૃત છે.

આપણા આ આધ્યાત્મિક કથાસાહિત્યનાં મૂળ વેદની સંહિતાઓમાં છે. વેદની સંહિતાઓ તો મંત્રોના જ સંગ્રહ છે, છતાં આ મંત્રોમાં પણ ક્યાંક-ક્યાંક કથાઓના અંશ જોવા મળે છે. આ કથાઓ દ્વારા સાંકેતિક રીતે અધ્યાત્મવિદ્યાનાં તત્ત્વો સૂચિત કરવામાં આવેલાં છે. આરણ્યકો અને ઉપનિષદોમાં તો આવી કથા સ્પષ્ટ સ્વરૂપ ધારણ કરે છે. ઉપનિષદોની માર્મિક અધ્યાત્મકથાઓ તો જે જાણે તે માણે અને માણે તે જાણે!

વેદની સંહિતાઓ, બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો તથા ઉપનિષદોમાં જે કથાઓ છે તે અધ્યાત્મમીમાંસાના ભાગરૂપે, અધ્યાત્મતત્ત્વને વધુ સ્પષ્ટ અને માર્મિક બનાવવા માટે વચ્ચે-વચ્ચે મૂકવામાં આવેલ છે. વૈદિક સાહિત્ય મૂલતઃ તો મંત્રસાહિત્ય જ છે. કથાઓ તો તેમાં એક સહાયક સાધનસ્વરૂપે મૂકવામાં આવેલ છે, પરંતુ ઉપનિષદકાળ પછી કથાસાહિત્ય એક સ્વતંત્ર સ્વરૂપ ધારણ કરે છે અને પછી તો કથાસાહિત્યનો ઘણો વિકાસ થયો છે.

આપણા કથાસાહિત્યમાં અર્થાત્ આધ્યાત્મિક કથાસાહિત્યમાં શાનો સમાવેશ થાય છે?

૧. 'રામાયણ', 'મહાભારત' આદિ ધાર્મિક-આધ્યાત્મિક મહાકાવ્યો,

૨. 'શ્રીમદ્ભાગવત' આદિ પુરાણો તથા ઉપપુરાણો,

૩. 'યોગવાસિષ્ઠ-મહારામાયણ' જેવા તત્ત્વજ્ઞાનના કથાગ્રંથો.

૪. સંસ્કૃત સિવાય ભારતની અન્ય ભાષાઓમાં રચાયેલું વિપુલ આધ્યાત્મિક કથાસાહિત્ય. દા. ત. ગુજરાતમાં 'ચંદ્રકાંત'.

હવે આપણે જોઈએ કે આ વિપુલ કથાસાહિત્ય વસ્તુતઃ શું છે.

કથા એટલે આધ્યાત્મિક, તાત્ત્વિક અને સૃષ્ટિમીમાંસાવિષયક સિદ્ધાંતોને પાત્રો અને પ્રસંગોના માધ્યમ દ્વારા વ્યક્ત કરવાની પદ્ધતિ.

કથામાં પાત્રો તો અવશ્ય હોય છે. આ પાત્રો દ્વારા પ્રસંગો અને પ્રસંગોની હારમાળા પણ રચવામાં આવે છે, પરંતુ આ પાત્રો અને પ્રસંગો દ્વારા ગહન આધ્યાત્મિક તત્ત્વો અભિવ્યક્ત કરવામાં આવે છે. કથાના સ્વરૂપનું કેન્દ્રસ્થ તત્ત્વ આ છે.

આપણે એક દૃષ્ટાંત દ્વારા આ વસ્તુ વધુ સ્પષ્ટ રીતે સમજવા પ્રયત્ન કરીએ.

'કેનોપનિષદ'નો પ્રધાન વિષય છે : વ્યક્તિ અને સમષ્ટિના જીવનમાં જે ક્રિયાઓ થઈ રહી છે તે બધી કોના થકી થાય છે? બધાનું પ્રેરક તત્ત્વ કોણ છે? આ તત્ત્વને જાણવું, સમજવું, તેની શોધ કરવી. 'કેનોપનિષદ'ના ઋષિ પ્રારંભમાં આ પ્રશ્ન ઉપસ્થિત કરે છે અને પછી તેનો ઉત્તર આપે છેઃ 'એ તત્ત્વ આત્મા અર્થાત્ બ્રહ્મ છે.' આ સત્ય તેઓ મંત્રો દ્વારા રજૂ કરે છે. આ સત્યનું નિર્ધારણ કર્યા પછી તે અભિવ્યક્તિને વધુ સ્પષ્ટ કરવા માટે ઉપનિષત્કાર એક નાની પણ માર્મિક કથા આપે છે.

બ્રહ્મની શક્તિથી દેવોએ અસુરો પર વિજય મેળવ્યો, પરંતુ દેવો એમ માનવા લાગ્યા કે આ અમારો જ વિજય છે, અમારી શક્તિથી આ વિજય મળ્યો છે. તે વખતે અચાનક તેમની સમક્ષ એક રહસ્યપૂર્ણ સત્ત્વ વ્યક્ત થયું. દેવો આ રહસ્યપૂર્ણ સત્ત્વ (યક્ષ)ના સ્વરૂપને સમજી શક્યા નહીં. આથી તેઓએ અગ્નિદેવને કહ્યું : 'અગ્નિદેવ! તમે જાઓ અને આ સત્ત્વ કોણ છે તે જાણી આવો.' અગ્નિ તેમની પાસે ગયા, પરંતુ તેમના સ્વરૂપને જાણી ન શક્યા અને અગ્નિ શક્તિહીન સિદ્ધ થયા. ત્યાર પછી દેવોએ વાયુદેવને તે જ કાર્ય માટે મોકલ્યા, પરંતુ વાયુદેવ પણ તેમને જાણી શક્યા નહીં અને તેઓ પણ શક્તિહીન સિદ્ધ થયા. આખરે તે સત્ત્વને જાણવા માટે ઇન્દ્ર પોતે ગયા. તે વખતે તે સત્ત્વ અદૃશ્ય થઈ ગયું અને આકાશમાં ઉમાહૈમવતી પ્રગટ્યાં. ઉમાહૈમવતીએ કહ્યું : 'તે બ્રહ્મ છે.' જે સત્ત્વનો પરિચય દેવો પોતાની શક્તિથી પામી શક્યા નહીં તેનો પરિચય ભગવતી ઉમાહૈમવતી દેવોને આપે છે કે તે બ્રહ્મ છે.

આમ આ કથા દ્વારા પણ એમ જ ફલિત થાય છે કે બ્રહ્મની જ શક્તિથી બધું થાય છે. તેમની જ શક્તિથી દેવો પણ શક્તિમાન બને છે અને તેમની શક્તિના અભાવમાં દેવો પણ શક્તિહીન જ છે. (ક્રમશઃ)■

પ્રાસંગિક

# શું છે યજ્ઞ ને હવન? બંને એક છે કે અલગ?

રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com

સનાતન ધર્મમાં પ્રત્યેક ધાર્મિક-વ્યવહારિક કાર્યોમાં યજ્ઞ અને હવનનું ખૂબ મહત્ત્વ છે. બાળકને યજ્ઞોપવીત આપવાની હોય, લગ્ન હોય, ગૃહપ્રવેશ હોય કે અન્ય અનેક કાર્યોમાં અગ્નિદેવની ઉપસ્થિતિ અનિવાર્ય માનવામાં આવી છે. સંપૂર્ણ ભારતીય સંસ્કૃતિ ‘યજ્ઞ, દાન અને તપ’ આ ત્રણ શબ્દોમાં સમાહિત છે. તેમાં પણ યજ્ઞનું વિશેષ મહત્ત્વ છે. છાન્દોગ્ય ઉપનિષદમાં ધર્મના ત્રણ આધારસ્તંભોમાં સૌ પ્રથમ સ્થાન યજ્ઞને આપવામાં આવ્યું છે, પણ મોટે ભાગે આપણે યજ્ઞ અને હવનને એક જ માનીએ છીએ, પરંતુ હકીકતમાં બંને વચ્ચે સૂક્ષ્મ ભેદરેખા છે. જો આપણે તે જાણીએ તો આપણે કરેલા યજ્ઞાદિ કર્મ સમજણપૂર્વક થશે.



યજ્ઞ વિષે યજુર્વેદમાં વિસ્તારપૂર્વક વર્ણન અને સમજણ મળે છે. જો તેના વિશે વિસ્તારથી લખવા બેસીએ તો એક નાનકડું પુસ્તક લખી શકાય તેટલી વિગતવાર સમજણ તેમાં અપાઈ છે. તેના ઉપરથી સમજી શકાય કે યજ્ઞ જેવાં અનુષ્ઠાનો આપણા ઋષિ-મુનિઓએ સમજ્યા-વિચાર્યા વિના બનાવ્યા નથી.

યજ્ઞ મુખ્યત્વે કેટલાક મોટા અને સામાજિક હેતુઓ માટે કરવામાં આવે છે જેમ કે યુદ્ધ જીતવા, અનિષ્ટને ટાળવા, વરસાદ વગેરે.

ભગવાનની પૂજાની સાથે લોકકલ્યાણ માટે પણ યજ્ઞ કરવામાં આવે છે. યજ્ઞમાં આપવામાં આવેલ આહુતિ સંકલ્પ સાથે સંબંધિત છે. યજ્ઞ એ વૈદિક પ્રક્રિયા છે. જેનો ઉલ્લેખ વૈદિક ગ્રંથોમાં જોવા મળે છે. યજ્ઞ પણ વ્યાપક રીતે યોજાય છે, પરંતુ આ આયોજન કરવામાં ઘણો સમય લાગે છે. યજ્ઞમાં દેવતા, અર્પણ, વેદમંત્ર, ઋત્વિક અને દક્ષિણા હોવી અનિવાર્ય છે. યજ્ઞ સૌ પ્રથમ ભગવાન બ્રહ્મા દ્વારા બનાવવામાં આવ્યો હતો. યજ્ઞ એક ધાર્મિક વિધિ જેવો છે જે સંતો અથવા પંડિતો દ્વારા કરવામાં આવે છે.

વેદો અનુસાર યજ્ઞના મુખ્યત્વે બે પ્રકાર છે. શ્રૌત યજ્ઞ અને સ્માર્ત યજ્ઞ. આ યજ્ઞો વિશે માત્ર ટૂંકમાં જાણીએ.

શ્રૌત યજ્ઞઃ

શ્રુતિ અથવા વેદ દ્વારા પ્રતિપાદિત યજ્ઞ. આમાં, વૈદિક મંત્રોનો ઉપયોગ કરીને ધાર્મિક વિધિઓ કરવામાં આવે છે. મુખ્ય વૈદિક યજ્ઞો છે - અશ્વમેધ, રાજસૂય, વાજપેય, અગ્નિષ્ટોમ, સોમયજ્ઞ.

સ્માર્ત યજ્ઞઃ

સ્મૃતિઓ દ્વારા પ્રતિપાદિત યજ્ઞ. આમાં વૈદિક, પૌરાણિક અને તાંત્રિક મંત્રોનો પણ ઉપયોગ કરવામાં આવે છે. મુખ્ય સ્માર્તા યજ્ઞો - ગૃહસ્થો દ્વારા કરવામાં આવતા પંચ મહાયજ્ઞો (બ્રહ્મા, દેવ, પિતૃ, ભૂત અને અતિથિ યજ્ઞો)

હવનને યજ્ઞનું નાનું સ્વરૂપ કહેવામાં આવે છે. એટલે કે ઘરમાં જે યજ્ઞ કરવામાં આવે છે તે યજ્ઞ નથી, પણ હવન છે. પરિવારનો કોઈ પણ સભ્ય હવન કરી શકે છે. હવન સંતો દ્વારા કરાવવાનો કોઈ નિયમ નથી. હિંદુ ધર્મમાં, હવન શુદ્ધીકરણની વિધિ માનવામાં આવે છે. હવનમાં મંત્રોનો જાપ પણ કરવામાં આવે છે. હવનના મંત્રો યજ્ઞ મંત્રોથી અલગ છે. હવનના મંત્રો બીજમંત્ર નથી પરંતુ, સામાન્ય મંત્રો છે જે શુદ્ધીકરણ અને ઘરગથ્થુ સમસ્યાઓથી સંબંધિત છે. હવન ઘરમાંથી નકારાત્મકતા દૂર કરે છે અને હવન જનકલ્યાણને બદલે વ્યક્તિગત સમસ્યાઓના નિરાકરણ માટે કરવામાં આવે છે. હવન ભગવાનની ભક્તિ અને ઘરની સમૃદ્ધિ માટે પણ કરવામાં આવે છે, જોકે હવનની આહુતિ સાથે કોઈ સંકલ્પ જોડાયેલો હોય તેવું જરૂરી નથી.

યજ્ઞ કે હવન, બંને માટે કુંડ બનાવવામાં આવે છે. હવન માટે મોટે ભાગે ચોરસ કુંડ બને છે. પરંતુ યજ્ઞમાં વિશિષ્ટ હેતુ રાખીને અલગ અલગ આઠ પ્રકારના યજ્ઞ કુંડ બનાવવાની વિધિ છે. જોકે, કુંડ હંમેશાં ૩ પગથિયાંના જ બને છે. એવું કહેવાય છે કે તેનાં ત્રણ પગથિયાંમાં ત્રણ દેવતાઓનો વાસ થાય છે. પહેલે પગથિયે ભગવાન વિષ્ણુ, બીજા પગથિયે બ્રહ્માજી અને ત્રીજા પગથિયે મહાદેવનો વાસ થાય છે.

બીજી મહત્ત્વની વાત જે મોટા ભાગના લોકો નથી જાણતા અને આજકાલ તેની જાણકારી આપવામાં પણ નથી આવતી તે એ છે કે યજ્ઞકુંડમાં કેટલી આહુતિઓ આપવાની છે, તે અનુસાર કુંડનું કદ અથવા માપ નક્કી કરવામાં આવે છે અને બનાવવામાં આવે છે. આપણા ધર્મશાસ્ત્રોએ કેટલા ઊંડાણપૂર્વક અને આયોજનબદ્ધ રીતે મંત્ર, તંત્ર, પૂજા, કર્મકાંડ વગેરેનું નિયોજન કર્યું છે તે યજ્ઞ અને હવનની આ વિગત ઉપરથી સમજાય છે. માટે, આપણાં શાસ્ત્રો કથિત વાતોને તેના ખરા અર્થમાં અને વૈજ્ઞાનિક રીતે જો આપણે સમજીએ તો ધર્મ પ્રત્યેની આપણી શ્રદ્ધા ચોક્કસપણે વધુ દૃઢ થઈ શકે છે. ■

ગીતા મહિમા

# નિયંત્રિત મન

સારંગપ્રીત
bhandev@bombaysamachar.com

ભગવાન કૃષ્ણ મનના નિયંત્રણ ઉપર ભાર મૂકે છે.

ભગવાન કહે છે- મન: षष्ठानि इन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति (૧૫/૭), ભગવાનની કૃપાથી આત્મા, મન અને ઇન્દ્રિયોને નિયંત્રિત કરે છે.

એકવાર એક કુંભાર માટીમાંથી ચલમ બનાવી રહ્યો હતો. તે પૂર્ણ થવાના આરે જ હતી ત્યાં એક સંતે આવી કહ્યું કે ‘સજ્જન! આ ચલમથી કેટલાયનું જીવન ફૂંકાઈ જશે. એવા પૈસાથી તને શું લાભ?’ કુંભકારે કહ્યું, ‘પણ હું બીજું શું કરુ?’ સંતે સૂચવ્યું, ‘તમે જગ બનાવો. આ માટી જ્યાં જશે ત્યાં સૌને શાતા આપશે ને તમે પૈસાની સાથે સાથે ખ્યાતિ, પુણ્ય પણ કમાશો.’ સંતના વચનથી વિચારીને જ્યારે કુંભકારે ચલમના આકારે તૈયાર થયેલ માટીના પિંડને તોડી નાખ્યો ને એમાંથી જ પુનઃ જગનું નિર્માણ શરૂ કર્યું ત્યારે માટીએ પૂછ્યું ‘આ શું કરે છે?’ કુંભકારે ખરેખર, આ બોધપ્રદ વાર્તાની જેમ આપણા જીવનમાં ‘વિચારો’ એ માટીની જેમ હોય છે જો ચલમનો આકાર લે તો વિનાશ ને જગનો આકાર લે તો વિકાસ સર્જે છે, પરંતુ આ વિચારોનું પણ મૂળ શું? એ છે આપણું મન. એક અનિયંત્રિત ‘મન’ ને બીજુ નિયંત્રિત ‘મન’ કહ્યું, બસ, મારો વિચાર બદલ્યો. તને જગમાં બદલું છું.’ માટીએ કહ્યું તારા આ વિચારે મારી તો જિંદગી બદલી દીધી. આભાર!’



અમેરિકન ખ્યાત લેખક ‘ચાર્લ્સ આર. સ્વિંડોલ’ કહે છે કે 'Life is 10% what happens to you and 90% how you react to it.' એટલે કે ‘જીવનમાં જે કાંઈ ઘટના ઘટે એ માત્ર ૧૦ ટકા છે કિન્તુ તમે એને કંઈ રીતે વિચારો છો એનાં આધારે ૯૦ ટકા રહેલા છે.’ માટે જો મન નિયંત્રિત હોય તો દુઃખમાં પણ સારા વિચારોના સર્જનથી માણસ સુખી રહેશે અન્યથા અનિયંત્રિત વ્યક્તિ સુખ-સુવિધામાં પણ દુઃખી જ રહેશે.

મહાભારતમાં દુર્યોધન જણાવે છે કે ‘હું ધર્મ જાણું છું પરંતુ આચરી શકતો નથી ને અધર્મ પણ જાણું છું પરંતુ છોડી શક્તો નથી.’ અર્થાત પોતે અંતર્દષ્ટિ કરે છે તેથી તેને તેની ભૂલ ખબર છે. પરંતુ એ કહે છે- ‘અંદરથી કોઈ જેમ મને આદેશ આપે છે એમ હું કરુ છું.’ (આમાં મારી શું ભૂલ?). એટલે કે દુર્યોધન મન દ્વારા નિયંત્રિત છે. બીજી બાજુ અર્જુન નિયંત્રિત મનની શક્તિ જાણે છે એટલે ભગવાન કૃષ્ણને પૂછે છે- चञ्चलं हि मन: कृष्ण! प्रमाथि बलवद् दृढम्।’ ‘હે ભગવાન ! આ મારું મન બહુ અનિયંત્રિત છે, ચંચળ છે. તેને નિયંત્રણમાં લાવવા માટે શું કરું?’

‘બન્ને પાત્રો મન અનિયંત્રિત છે’ એ સ્વીકારે છે. પરંતુ એક બાજુ દુર્યોધને એને જ પોતાનું પ્રારબ્ધ કે જીવન માની અપનાવી લીધું છે તો બીજી બાજુ અર્જુને અંતર્દષ્ટિ સાથે ભગવાનનાં બળે મનને નિયંત્રિત કરવાનો પૂર્ણ વિવેક દાખવ્યો છે, પુરુષાર્થ કર્યો છે. બંને દૃષ્ટિકોણનાં પરિણામ સૌ કોઈ જાણે છે. આપણા મનરૂપી કુરુક્ષેત્રમાં પણ પ્રતિદિન સંગ્રામ રમાય છે. ત્યાં જે અર્જુનની જેમ મન પર નિયંત્રણ રાખવા ધારી લે છે ને ભગવાનનું બળ લે છે એનો દિગ્વિજય સુનિશ્ચિત છે. અને સામે પક્ષે દુર્યોધન સમા અનિયંત્રિત મનનો ઘોર અપકીર્તિસ્પદ પરાજય પણ નક્કી છે. ભગવાન સ્વામિનારાયણના અષ્ટ સંત કવિ પૈકી વૈરાગ્યમૂર્તિ શ્રીનિષ્કુળાનંદ સ્વામીએ મનને નિયંત્રિત ‘મન’ કરવા માટે જ એક ગ્રન્થ લખ્યો છે- ‘મનગંજન’. તેમાં ‘નિજ મન’ તથા ‘પરતક મન’ કહી મનની સાઈકોલોજી દર્શાવી છે, જેમાં મનોવિજયનો શ્રેષ્ઠ તથા સરળ ઉપાય સ્વાનુભવના આધારે બતાવ્યો છે. તેમાં તેઓ કહે છે કે,

કોટિ ઉપાય જો કરતાં, જીત્યો મન નવ જાય;<br>
જીતે તે જન જક્તમાં, જેહને સદ્‌ગુરુ સહાય...<br>
પ્રભુ તણા પ્રતાપથી, મનનું કાઢ્યું મૂળ;<br>
સહજાનંદની સહાયથી, નિજે કર્યો નિષ્કુળ..

અહીં ભક્ત કવિ સમજાવે છે કે મનને નિયંત્રણમાં લાવવા ભગવાનની શક્તિની જરૂર પડે. હા, મનને દુનિયાનો નહીં પણ ભગવાનનો રંગ લાગે તો જ તે પૂર્ણ નિયંત્રણમાં આવી શકે. આપણી દુનિયા પંચ વિષયોના રંગોથી ભરેલી છે, પરંતુ આ રાગ-રંગોને છોડીને જો મન ભગવાન તરફ ઢળે તો મનોજિત થવાય. જેમ કોઈ રેખાચિત્રમાં જેમ જેમ રંગો ભરાય અને તે કૃતિ વધુ નિખરીને બહાર આવે છે. તેમ માણસના મનમાં પણ જેમ જેમ અધ્યાત્મ અને ભક્તિના રંગો ભરાય તો વ્યક્તિત્વ નિખાર પામે છે. તો ચાલો, મનને નિયંત્રિત કરીને ‘મન હોય તો માળવે જવાય’ જેવી કહેવતો સાર્થક કરીએ. ■

આચમન

# પ્રભુભક્તિનો સ્વાદ સંગીતમાં છુપાયેલો છે

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

બાદશાહ અકબરને આપણા દેશની સંસ્કૃતિ, કલા, સંગીત ઉપર વિશેષ માન હતું. પોતાના દરબારમાં વિશિષ્ટ પ્રતિભાઓને તેમણે અગ્રસ્થાન આપેલું જે ‘નવરત્ન’ નામે પ્રસિદ્ધ છે.

* આ નવરત્ન પૈકીના એક હતા
* સંગીત સમ્રાટ તાનસેન
* તાનસેનના સંગીતનો એવો તો જાદુ હતો કે બાદશાહ અકબર તેમના પર આફરિન હતા.
* એક દિવસ બાદશાહ અકબરને વિચાર આવ્યો કે, જ્યારે તાનસેનના સંગીતમાં આવો જાદુ છે તો તેમના ગુરુજી કેવા હશે? એમનું સંગીત કેવું હશે? કેટલું મધુર હશે?
* મનમાં આવો પ્રશ્ન ઊઠતાં બાદશાહને તાનસેનના ગુરુને મળવાની અને એમનું સંગીત સાંભળવાની તીવ્ર ઇચ્છા જાગી.
* રાત્રિના સમયે તેઓ વેશપલટો કરી તાનસેનના ગુરુદેવ સ્વામી હરિદાસને ત્યાં મંદિરમાં ગયા. ગુરુદેવ નજીકના મંદિરમાં રહેતા અને ઇશ્વર ભજન કરતા...
* ધીરે ધીરે ગુરુદેવે સંગીતના સૂરો વહેતા મૂકયા.
* સ્વામીજીનું સંગીત સાંભળી બાદશાહ અકબર મંત્રમુગ્ધ બની રહ્યાં હતાં. અહા! કેવું મધુર સંગીત !

અકબર બાદશાહે તાનસેનને આગલી રાતની ઘટના સંભળાવીને કહ્યું, ‘તાનસેન! તમારું સંગીત તમારા સ્વામી હરિદાસજી જેવું કેમ નથી?’

બાદશાહ અકબરની આ વાત સાંભળી તાનસેન હસવા લાગ્યા! મલક મલક મલકાતા નમ્ર ભાવે તાનસેને કહ્યું, ‘જહાંપનાહ! હું સંગીત વગાડું છું. તે આપ શહેનશાહ માટે વગાડું છું, પણ મારા ગુરુદેવ જે સંગીત વહાવે છે તે તો શહેનશાહના પણ શહેનશાહ એવા ઇશ્વરને સંભળાવવા માટે છે. પછી તો તે અદ્‌ભુત હોય ને જ!’

તાનસેનનો આ જવાબ સાંભળી સમ્રાટ અકબર બાદશાહ બહુ જ ખુશ થયા! પોતાના ગુરુની મહત્તા વધારી શિષ્ય તાનસેન પણ ભાવવિભોર બની ગયા.

પ્રભુભક્તિનો સ્વાદ સંગીતમાં કેવો છુપાયેલો છે તેનું બાદશાહને જ્ઞાન થયું.

પ્રભુભક્તિનો સ્વાદ અનેરો, અનોખો હોવાની કેટલીક સોનેરી વાત બોધમાં વધારો કરનારી બની રહેવા પામશે.

* કીર્તન એવી રીતે કરો કે ભગવાન આવીને ઉઠાડે, ‘હું આવ્યો છું. તારી આંખ ઉઘાડ!’
* સંતની સેવા સદ્‌ભાવથી કરે તે જ સુખી થાય.
* મનને બહુ ગમે તે કરશો નહીં. મન માગે તે આપશો નહીં તો ધીરે ધીરે મન પ્રભુમય બની કાબૂમાં આવશે અને એક વખત મન નિયંત્રણમાં આવી જશે ત્યારે સ્વયં અનુભૂતિ થશે કે ઇશ્વરને શોધવા ક્યાંય જવાની જરૂર નથી તે તો મન-હૃદયમાં જ બિરાજમાન છે.

મરણને ભક્તિ જ સુધારે છે. ભોજનની જેમ ભજનમાં પણ નિયમ રાખવો જોઇએ. અતિથિ ભગવાનનું સ્વરૂપ છે. આંગણે આવેલો અતિથિ ભૂખ્યો રહે તો યજમાનનું પુણ્ય ખાઇ જાય છે. મનુષ્ય શરીર કરતાં આંખથી, મનથી વધારે પાપ કરે છે.

એકાતમાં કામને જીતે એ વીર છે. ખાવ ત્યારે આંખ ઉઘાડી રાખો. ધર્મ એ પિતા છે, ધર્મ એ મા છે.

* પત્નીની પસંદગી હોય, માની પસંદગી હોય નહીં.
* ધર્મ બદલી ન શકાય.

- વ્હાલા વાચક મિત્રો! ભગવાન ભક્તોને ખૂબ માન આપે છે. છતાં મનુષ્ય દુઃખી-દુઃખી જ રહેતો હોય છે. તેના કારણો પણ સમજવા -સ્વીકારવા જરૂરી બની રહેવા પામે છે. સમયનો આ તકાજો છે. ■

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| પ્રતીક | CONSCIENCE |
| ધૂપ | SYMBOL |
| સચેત | CYMBAL |
| ઝાંઝ | CONSCIOUS |
| અંતરાત્મા | INCENSE |

### ઓળખાણ પડી?



‘ભૃગુસંહિતા’ના રચયિતા ભૃગુ ઋષિનું મંદિર ગુજરાતના કયા શહેરમાં સ્થિત છે એ જાણો છો? મોટી સંખ્યામાં યાત્રાળુઓ મુલાકાત લે છે.

અ) નડિયાદ બ) પાટણ ક) ભરુચ ડ) કલોલ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | દ્ધ | ૨ ર | તા | ૩ લ | ■ | ૪ મા | મ | લો | ■ |
| પ | ■ | મ | ■ | ૫ તા | ૬ પ | સ | ■ | ■ | ૭ હો |
| મા | ■ | ૮ ત | ર | ■ | ર | ■ | ૯ સા | મ | ના |
| ૧૦ નિ | ૧૧ ચો | વી | ■ | ૧૨ થ | વા | ૧૩ કા | ળ | ■ | ર |
| ૧૪ ત | ટ | ર | ૧૫ ક્ષા | ■ | ૧૫-અ ન | મી | ■ | ૧૬ સ | ત |
| ■ | લી | ■ | ત્ર | ■ | ગી | ■ | ૧૭ સુ | પ્ત | ■ |
| ૧૮ દ | ■ | ૧૯ સ | ત્વ | ૨૦ ર | ■ | ૨૧ ગો | ર | પ | ૨૨ દુ |
| સ્તા | ■ | જા | ■ | ૨૩ સ | ૨૪ જ | ળ | ■ | ૨૫ દી | ર્ઘ |
| ૨૬ વે | ૨૭ રા | ■ | ૨૮ અ | મ | ન | ■ | ૨૯ વ | ■ | ટ |
| ૩૦ જો | હુ | ક | મી | ■ | ૩૧ તા | ગ | ડો | ■ | ના |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ | ૬ |
| | ■ | | ■ | ૭ | | | ■ | ૮ | |
| ■ | ૯ | | ૧૦ | | ■ | ૧૧ | ૧૨ | ■ | ■ |
| ૧૩ | | ■ | | ■ | ૧૪ | | | ■ | ૧૫ |
| ૧૬ | | | ■ | ૧૭ | | ■ | ૧૮ | ૧૯ | |
| ૨૦ | | ■ | ૨૧ | | | | ■ | | ■ |
| ■ | | ૨૨ | ■ | ૨૩ | | ■ | ૨૪ | ■ | ૨૫ |
| ૨૬ | | | | ■ | ■ | ૨૭ | | | |
| | ■ | | ■ | ૨૮ | ૨૯ | | | ■ | |
| ૩૦ | | | | ■ | ૩૧ | | ■ | ૩૨ | |

**આડી ચાવી**

૧. બેપરવા (૫)
૪. વકતવ્ય, અરજ, અહેવાલ (૪)
૭. બહેરાટ, ચેતન ન હોવું તે (૩)
૮. મગ્ન, લીન, ઋતુ (૨)
૯. ભરેલું (૪)
૧૧. --- પર પતંગ ચગાવો (૨)
૧૩. મોટું, બડું (૨)
૧૪. પરાયણ, તત્પર (૩)
૧૬. સ્રીઓના કપાળનું ઘરેણું (૩)
૧૭. સોદા --- એટલે સોદા કરનાર (૨)
૧૮. એક પક્ષી (૩)
૨૦. પુષ્કળ, મસો, હરસ (૨)
૨૧. જોમવાળું (૪)
૨૩. સરિતા (૨)
૨૬. મદદગાર (૪)
૨૭. પરમિટ, રજાનો લેખિત હુકમ (૪) (બ.વ.)
૨૮. લાજ વિનાનો (૪)
૩૦. દેખાડો કરવો, બડાઈ હાંકવી (૪)
૩૧. --- લાગવી એટલે વાતાવરણની અસર થવી (૨)
૩૨. ખારું, ખારાશવાળું તત્ત્વ (૨)

**ઊભી ચાવી**

૧. જંજીર, બંધન, જંજાળ (૨)
૨. પરાજય (૩)
૩. ઝાડના રસમાંથી બને (૩)
૪. નિશ્ચય (૪)
૫. સાપ-ઉંદરનું ઘર (૨)
૬. નમેલું (૨)
૯. રડવા જેવું (૪)
૧૦. કિંમત (૨)
૧૨. માચીસ (૩)
૧૩. સૂકો મેવો (૩)
૧૪. દાદીની દાદી (૪)
૧૫. ઠંડીમાં પહેરો (૨)
૧૭. જવું તે (૩)
૧૯. મોંઘવારીમાં મધ્યમવર્ગનો --- થાય (૨)
૨૨. દુનિયાનો સૌથી ઊંચો ધોધ (૪)
૨૪. --- ઈશ્વર બધું જ જાણે છે (૩)
૨૫. ખરાબ આચાર (૪)
૨૬. સાચાપણું, પ્રામાણિકતા (૩)
૨૭. તમા, કાળજી (૩)
૨૯. શેહ, સામર્થ્ય (૨)

### ગુજરાત મોરી મોરી રે

પથ્થરમાં સુંદર કોતરકામ અને ઝરુખા ધરાવતો ‘નવલખા મહેલ’ ગુજરાતના કયા શહેરમાં છે એ જણાવો. એનું બાંધકામ ૧૭મી સદીમાં થયું હતું.

અ) નવસારી બ) મહેમદાવાદ ક) ગોંડલ ડ) વેરાવળ

### માતૃભાષાની મહેક

ગાંધીજીએ કહ્યું છે કે ‘આત્મશુદ્ધિ માટે નિરંતર ઈશ્વરસ્તવન કરવું તેનું નામ પ્રાર્થના. પ્રાર્થના એટલે ઈશ્વર પાસે સંસારી સુખ કે બીજી સ્વાર્થ સાધવાની વસ્તુ માંગવી એ નહીં. પ્રાર્થના એ કલેશ પામેલા આત્માનો ગંભીર નાદ છે અને તેની અસર જગત ઉપર થયા વિના રહેતી નથી. અને તે પ્રાર્થના ઈશ્વરના દરબારમાં સંભળાયા વિના રહેતી નથી.

### સુડોકુ-૭૦૭૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | | ૩ | | ૮ | | | ૫ |
| | | ૭ | ૫ | | ૧ | ૬ | | |
| ૧ | | | | ૨ | | | | ૪ |
| ૭ | ૯ | | | | | | ૪ | ૩ |
| | | ૧ | | | | ૨ | | |
| ૫ | ૮ | | | | | | ૬ | ૯ |
| ૪ | | | | ૩ | | | | ૮ |
| | | ૮ | ૭ | | ૪ | ૩ | | |
| ૯ | | | ૮ | | ૬ | | | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૭૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૫ | ૮ | ૨ | ૭ | ૪ | ૬ | ૩ | ૯ |
| ૯ | ૬ | ૭ | ૧ | ૫ | ૩ | ૨ | ૪ | ૮ |
| ૩ | ૨ | ૪ | ૮ | ૯ | ૬ | ૫ | ૭ | ૧ |
| ૮ | ૯ | ૫ | ૩ | ૨ | ૭ | ૧ | ૬ | ૪ |
| ૨ | ૩ | ૬ | ૪ | ૧ | ૯ | ૭ | ૮ | ૫ |
| ૪ | ૭ | ૧ | ૬ | ૮ | ૫ | ૩ | ૯ | ૨ |
| ૭ | ૪ | ૨ | ૫ | ૬ | ૮ | ૯ | ૧ | ૩ |
| ૫ | ૮ | ૯ | ૭ | ૩ | ૧ | ૪ | ૨ | ૬ |
| ૬ | ૧ | ૩ | ૯ | ૪ | ૨ | ૮ | ૫ | ૭ |

### ઈર્શાદ

કરાવે છે મકાનો ખાલી મંદિર બાંધવા માટે,<br>
અહીં માનવને મારી લોક ઈશ્વરને જિવાડે છે.

- અમૃત ઘાયલ

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

‘સગા જ સગાની ઘોર ખોદે’ કહેવતમાં ઘોર શબ્દનો અર્થ શું થાય છે એ જણાવો.

અ) ચણતર બ) ઘેરાવ ક) કબર ડ) પાયો

### માઈન્ડ ગેમ

જૈન સ્તવનની પંક્તિમાં ખૂટતો શબ્દ ઉમેરોઃ ‘હજાર હાથે તમે દીધું પણ ------ અમારી ખાલી, તમે મન મૂકીને વરસ્યા....

અ) મહેચ્છા બ) ઝોળી ક) પેટી ડ) આશા

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ચિતા | PYRE |
| શબવાહિની | HEARSE |
| અસ્થિ | REMAINS |
| અગ્નિદાહ | CREMATION |
| ધાર્મિક વિધિ | RITUAL |

ઓળખાણ પડી? વિદિશા

માઈન્ડ ગેમ દાદિયું

ચતુર આપો જવાબ અર્થ જણાવો બોલવું

ગુજરાત મોરી મોરી રે સિદ્ધપુર


### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુરેખા દેસાઈ (૪) સુભાષ મોમાયા (૫) નીતા દેસાઈ (૬) વિભા મહેશ્વરી (૭) ભારતી બુચ (૮) નૂતન વિપીન (૯) ખુશરૂ કાપડિયા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) પુષ્પા પટેલ (૧૩) લજિતા ખોના (૧૪) ધીરેન્દ્ર ઉદ્દેશી (૧૫) ગીતા ઉદ્દેશી (૧૬) પ્રતિમા પમાણી (૧૭) પ્રવીણ વોરા (૧૮) મહેન્દ્ર લોઢાવિયા (૧૯) મીનળ કાપડિયા (૨૦) મહેશ સંઘવી (૨૧) ભાવના કર્વે (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૫) જયવંત પદમશી ચિખલ (૨૬) તાહેર ઔરંગાબાદવાલા (૨૭) શીરીન ઔરંગાબાદવાલા (૨૮) હર્ષા મહેતા (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) મહેશ દોશી (૩૧) અંજુ ટોલીયા (૩૨) શિલ્પા શ્રોફ (૩૩) કિશોર બી. સંઘરાજકા (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) પુષ્પા ખોના (૩૬) મૂલરાજ કપૂર (૩૭) સુરેખા દેસાઈ (૩૮) અિરવિંદ કામરાદ (૩૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૦) નયના ગિરીશ ઠક્કર (૪૧) શીક જુઠાણી - ટોરંટો - કેનેડા (૪૨) નિતીન જે. બજરીયા

ચિંતન

# શરીર પ્રદાન કરનારને પ્રણામ

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com



હું મારા વિદ્યાર્થીઓને કહેતો હોઉં છું કે તમે ચાલુ ક્લાસે પણ મા-બાપ, નાના-નાની અને દાદા-દાદીનો ફોન લઈ શકો છો. મારું આની પાછળનું ગણિત વ્યવસ્થિત છે. આપણને આ સ્થૂળ શરીર આ છ મહાનુભાવોની કૃપાથી પ્રાપ્ત થયું છે. આ શરીરનો સાધન તરીકે ઉપયોગ કરીને જ વ્યક્તિ પૂર્ણતાને - નિર્વાણને - પરમ સ્થિતિને પ્રાપ્ત કરી શકે. આધ્યાત્મના માર્ગ પર જવા માટે આ શરીર જ સાધન છે. કોઈને કોઈ કર્મબંધનના કારણે આ શરીર પ્રાપ્ત થયું હશે, પણ પ્રાપ્ત થયા પછી આ શરીર જ બધા જ પ્રકારનાં સમીકરણોથી મુક્ત થવા માટેનું નિમિત્ત બની શકે. આવા નિમિત્તને ઘડનાર આ છ મહાનુભવોને જિંદગીમાં સૌથી ઉચ્ચ કક્ષાએ રાખવા જોઈએ. બીજા બધા જ કરતા તેમને વધારે મહત્ત્વ મળવું જોઈએ.

માતા-પિતા વંદનીય છે, અસ્તિત્વનું કારણ છે, જીવનના લાચાર તબક્કાના રક્ષક છે, અસ્તિત્વ ટકી રહે તે માટે જરૂરી પોષક દ્રવ્યોના દાતા છે, જિંદગીની અમૂલ્ય ભેટ સમાન ભાઈ-બહેનનું નિમિત્ત છે, જીવનમાં પ્રારંભિક જ્ઞાન તથા સંસ્કાર આપનાર શિક્ષક છે, પાછળથી વિશેષ જ્ઞાન મળે તે માટે ગોઠવણ કરનાર આયોજક છે, જિંદગીના દરેક તબક્કે અનેરું પ્રોત્સાહન આપનાર પ્રોત્સાહક છે, જિંદગીના દરેક કાર્ય માટે વિશેષ પ્રકારની શુભેચ્છા પાઠવનાર શુભચિંતક છે, બાળકો પર કાયમ માટે વિશ્વાસ ટકાવી રાખનાર માવતર છે, દરેક પરિસ્થિતિમાં સંતાન માટે પ્રાર્થના કરનાર શ્રદ્ધાળુ છે અને જીવન માટે એક અમૂલ્ય આધાર છે.

ઈશ્વરે પણ અવતાર ધારણ કરવા માવતરનો સહારો લેવો પડેલો. ઈશ્વર પર થયેલ આ કૃપા અમૂલ્ય છે. ઈશ્વરે પણ માવતરને યોગ્ય ન્યાય આપેલો છે. ઈશ્વર પણ માવતર પ્રત્યેનું પોતાનું ઋણ સ્વીકાર્યું છે. સર્વ સમર્થ ઈશ્વરે માતા-પિતા સામે બાળક બનીને રુદન કર્યું છે, તેમની શિક્ષા સ્વીકારી છે, તેમના દ્વારા કરાયેલ પાલનપોષણ માન્ય રાખ્યું છે. આ બધા સાથે તેમણે માતા-પિતાના ઋણમાંથી મુક્ત થવાનો પ્રયત્ન પણ કરેલો છે. શરીર-દાતા માતા-પિતાને ઈશ્વર પણ મહત્ત્વ આપતો હોય તો માનવીએ તો આપવું જ જોઈએ.

ભક્તિ કરવા માટે આ શરીર જરૂરી છે. પ્રભુનું ભજન-કીર્તન કે પૂજાપાઠ માટે આ શરીર હોવું જ જોઈએ. અવાજની ઇન્દ્રિયો વગર ભજન-કીર્તન ન થઈ શકે અને શ્રવણેન્દ્રિય વગર તે ગ્રહણ ન કરી શકાય. મંદિરની પ્રદક્ષિણા કરવા માટે પગની જરૂર પડે અને ઠાકોરજીને શણગારવા હાથની જરૂર પડે. પ્રભુની આરતી ઉતારવા પણ આ શરીર જ નિમિત્ત બને. જેમ તપ માટે શરીરની જરૂર છે અને જાપ માટે પણ શરીર જ ઉપયોગી બને. બે હાથ જોડવા માટે, મંદિરના ઘંટમાં રણકાર ઉભો કરવા માટે, દીવાની જ્યોત પ્રગટ કરવા માટે, ઈશ્વરની આરાધના માટેના સંગીતમાં તાલ પુરાવવા માટે, ઈશ્વરમાં તલ્લીન થઈ નૃત્ય કરવા માટે, અને આવી અનેક પ્રવૃત્તિ માટે શરીરની આવશ્યકતા છે - જે માતા-પિતા દ્વારા પ્રદાન થાય છે.

સમજવા જેવી વાત એ છે કે આપણા આ સ્થૂળ શરીર સાથે સૂક્ષ્મ શરીર પણ વણાયેલું છે. તેથી આ સૂક્ષ્મ શરીરની હયાતી પણ તે છ મહાનુભવોને કારણે છે. યોગ સાધના માટે પણ શરીરનું હોવું મહત્ત્વનું છે. તેટલા જ માટે નવનાથ સંપ્રદાયના યોગી સૌ પ્રથમ શરીરની સ્થિરતા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરેલો તેમ કહેવાય છે. શરીરના ચોક્કસ પ્રકારના ચિંતન થકી જ કુંડલિની જાગ્રત થઈ શકે. સાધના માટેની પ્રત્યેક મુદ્રા કે આસન કે મનોસ્થિતિ માટે આ સ્થૂળ કે સૂક્ષ્મ શરીર જરૂરી છે. નિષ્કામ કર્મ કરવા માટે પણ શરીર હોવું જરૂરી છે. કોઈને મદદરૂપ થવું હોય, સેવા-ચાકરી કરવી હોય, આધાર આપવો હોય, રક્ષણ આપવું હોય, કે આવું કોઈ પણ ધર્માનુસાર કાર્યમાં સંમિલિત થવું હોય તો તેની માટે શરીર જોઈએ જ. શરીર થકી જ પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે અન્યની સાથે સાત્ત્વિકતા વહેંચી શકાય. શરીર છે એટલે અનેક પ્રકારની સંભાવના છે.


જ્ઞાનના સંપાદન માટે પણ શરીર સાધન બની રહે. વિવિધ પ્રકારની શારીરિક ચેષ્ટાથી જે અનુભવ મળે તેને અંતઃકરણની વિવિધ ક્ષમતાઓથી મૂલવીને ઘણાં સત્ય પામી શકાય. જેમ મનના સાધન તરીકે શરીરની જરૂર છે તેમ બુદ્ધિના વહન માટે પણ શરીરની જરૂર છે. ચિત્ત જે સંસ્કારનો સંગ્રહ કરે છે તેની ઉપયોગિતા માટે પણ શરીરનું હોવું જરૂરી છે. અહંકાર તો અસ્તિત્વ સાથે જ જોડાયેલો હોવાથી શરીરની હયાતી વગર એની ઉપસ્થિતિ જ અસંભવ બની રહે. જ્ઞાનના ગ્રહણમાં અંતઃકરણની આ ચારેય સ્થિતિ મહત્ત્વની બની રહે છે, જે અંતે તો શરીરના આધારે સચવાયેલી હોય છે.

શરીર માત્ર કરેલાં કર્મોના માટેનું નિમિત્ત નથી. શરીર માત્ર સૃષ્ટિનું ચક્ર ચાલુ રહે તે માટે નવસર્જન કરવાનું માધ્યમ નથી. એ બધા સાથે મુક્તિ મળી શકે તે માટે પ્રભુના વરદાન સમું આ શરીર છે. આ વરદાન હકીકતમાં પરિણામે તે માટે માબાપ, નાના-નાની તથા દાદા-દાદીનો ઘણો મોટો ઉપકાર છે. સ્થૂળ કે સૂક્ષ્મ સ્વરૂપે, ગુરુ સુધી પહોંચવા માટે પણ શરીર જરૂરી છે. ગુરુની કૃપા ત્યારે જ સંભવી શકે જ્યારે આ શરીર પ્રાપ્ત કરી આપણે જન્મ્યા હોઈએ. જેમ કર્મોના ભોગવટા માટે શરીર જરૂરી છે તેમ કર્મનાં નવાં સમીકરણો સ્થાપિત ન થાય તે જોવા માટે પણ શરીર અગત્યનું સાધન બની રહે. પ્રશ્ન એ છે કે આ શરીરનો ઉપયોગ આપણે મુક્તિ માટે કરીએ છીએ કે નવા જ પ્રકારનાં બંધનોનાં સમીકરણો ઊભાં થાય તેની માટે કરીએ છીએ. નિર્ણય આપણે લેવાનો છે. ■

ભજનનો પ્રસાદ

# નિષ્કુળાનંદસ્વામીઃ વૈરાગ્યભાવ ને ભક્તિતત્ત્વના તર્કપૂત ઉદ્ગાતા

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com



એમની વૈરાગ્ય ભાવવૃત્તિ ગૃહસ્થજીવન દરમ્યાન અનેક પ્રસંગે પ્રગટેલી પણ દીક્ષિત થયા પછી પ્રબળપણે એમના જીવનનો એક ભાગ બની રહી. શ્રીહરિએ શ્વસુરગૃહે ભીક્ષા માગવા મોકલ્યા. નિસ્પૃહી બન્યા. પછી પોતાને વતન શેખપાટમાં રહેવા મોકલ્યા એ બીજી કસોટી. અહીં એ સમયે એમની માતુશ્રીએ સ્નેહી-સંબંધીઓને અને દરબારીજનોને નિષ્કુળાનંદજીને સમજાવવા મનાવવા મોકલ્યા. આ સમયનું 'જનુની જીવો રે ગોપીચંદની પૂત્રને પ્રેર્યો વૈરાગ્યજી પદ પછીથી ખૂબ જાણીતું થયું. અહીં નામજાપ, 'યમદંડ લેખન સ્વાધ્યાય અને સત્સંગમાં સમાજની સમક્ષ પોતાની વૈરાગ્યભાવની દ્ઢ મનોભૂમિકાને સમજાવતા પદો એમની આત્મવૃત્તની વિગતોના પરિચાયક છે. એમાંના થોડા અંશો અહીં ઉદાત છે.

- *'કહાં કાષ્ટ ને કહાં કુહાડા, કહો હૈ ઘડતર હારા*
  *જબ સે મોયે સદ્ગુરુ મિલિયા, મીટ ગયા સર્વે ચાળા.*
- *'કોણ કુળ ને કોણ કુટુંબી, કોણ માત ને તાત*
  *કોણ ભાઈ ને કોણ ભગિની, બ્રહ્મ હમારી જાત.*
- *મેં હું આદિ અનાદિ, આ તો સર્વે ઉપાધી,*
  *સદ્ગુરુ મિલિયા અનાદિ, મીટ ગઈ સર્વે ઉપાધી.*
- *ખટરસ ખાવા નહીં ખોળીએ, જમશું જે મળશે અન્નજી,*
  *નિર્માને દિન નિર્ગમશું, રહેશું મનમાં મગનજી.*
- *'જૂના પુરાણા પટ પહેરશું, નહીં ઇચ્છું નવિનજી,*
  *શીત, ઉષ્ણ શિર અહીં રેશું, રાખી કંથા કોપીનજી.*

એમની ભક્તિમાં સ્થાયી ભાવ વૈરાગ્યવૃત્તિના નિરૂપણનો જણાય છે. ખાન, પાન, પહેરવેશ રહેણીકરણી અને કૌટુંબિક સંબંધોમાંથી પણ છૂટકારો ઇચ્છે છે. કશો મોહ-માયાનો ભાવ ટકે નહીં એની કાળજી રાખી છે. એમણે એની પ્રતીતિ કરાવતું જડભરતનું ષ્ટાંત એક પદમાં ટાંક્યું છેઃ

*'અમે રે જડભરત જોગીઆ, ઇચ્છુ નહીં વૈજોગજી,*
*જગત પદારથ જીવને, રુચે નહીં જેમ રોગજી.*

જીવનમાં સ્વાદેન્દ્રીયનો તો એમણે જાણે હ્રાસ કરી નાખેલો. એક વખત બોટાદના પાદરેથી પોતાના સાધુઓ સાથે પસાર થયા. ભગો દોશી નામનો સત્સંગી એમને જોઈ ગયો. ખૂબ આગ્રહ કરીને ગામમાં તેડી ગયો. બ્રાહ્મણો બોલાવીને રસોઈ બનાવડાવી. ઠાકોરજીને સ્વાદિષ્ટ-મીષ્ટ બીરંજનો થાળ ધર્યો. નિષ્કુળાનંદજીની પાસે મૂકીને પોતાના પાત્રમાં બીરંજ લેવા આગ્રહ કર્યો. પ્રતિભાવ રૂપે મોટે સાદે બોલ્યા, 'જમ નિષ્કુળાનંદ જમ, તું મોટો મોબતી છો, તે મહોબત નહીં મેલાય માટે જમ, નિષ્કુળાનંદ જમ. આ સાંભળીને ભગા શેઠે કહ્યું, 'સ્વામી આપ રાજી હો તેમ જમો. એટલે પોતે સાધુ પાસે જુવારનો રોટલો ઘડાવેલો હતો. તે મંગાવીને જમ્યા. નિષ્કુળાનંદજી હંમેશા થોડી ભીક્ષા એક પાત્રમાં નાખીને એમાં એક ખોબો પાણી નાંખીને એ આરોગતા હતા.

* * *

આવા દ્ઢ વૈરાગી નિષ્કુળાનંદની રહેણીકરણી પણ અત્યંત સામાન્ય હતી. નિષ્કુળાનંદનો સદયી સ્નેહથી બધા હરિભક્તો સાથે ખપપૂર્વકનો વ્યવહાર રહેતો, ઓછું બોલવું, સતત નામજાપ અને સેવાભાવથી પ્રસન્ન શ્રીહરિએ એમનો ગઢડા મંદિરના મહંતપદે નિયુક્તિ આપવાનું વિચારેલું. આ વિચારનો નિષ્કુળાનંદજીને ખ્યાલ આવી જતાં બ્રાહ્મમુહૂર્તમાં વહેલા ઊઠી પૂજા-પાઠ કરીને ગઢાળી ગામે જતા રહેવા નીકળી પડ્યા. શ્રીહરિને નિષ્કુળાનંદના નિસ્પૃહી ભાવનો ખ્યાલ આવી ગયો. મહંત બનાવવાની યોજના તેમણે બંધ રાખી ત્યારે જ નિષ્કુળાનંદ સ્વામી પરત થયેલા. પદની લાલસા ન હતી, એવી દ્રવ્યની પણ લાલસા-સ્પૃહા પણ ન હતી. શ્રીહરિએ એકદા સંતો સાથે હરિભક્તોની રસોઈ પ્રેમપૂર્વક આરોગ્યા બાદ 'મુખવાસ લ્યો, મોઢું ખોલો ? એમ નિષ્કુળાનંદને કહ્યું ત્યારે નિષ્કુળાનંદજીએ શ્રીહરિને મુઠ્ઠી ખોલવા કહ્યું. સ્વામીએ આગ્રહથી મુઠ્ઠી ખોલાવી તો એમાં સોનામહોર હતી. નિષ્કુળાનંદજીએ શ્રીહરિને લાકડીઆ ગામનો ઘટના પ્રસંગ કહ્યો. તમે માયાને-દ્રવ્યને ધૂળમાં દાટીને અમારી પાસે એના ઉપર મળમૂત્ર ત્યાગ કરવેલા. ત્યારે માયાએ આપને કરબદ્ધ બનીને કહેલું, 'હે પ્રભુ તમે મારા ઉપર બહુ કરી. ત્યારે આપે માયાને કહેલું 'તારો લાગ આવે ત્યારે તું સંતોના મુખમાં મળ ત્યાગ કરજે. નિષ્કુળાનંદની વાત સાંભળીને શ્રીહરિ બોલી ઉઠેલા, શાબાશ નિષ્કુળાનંદ શાબાસ.

'બ્રહ્મસંહિતાના નિર્દેશને આધારે કહી શકાય કે 'તમારું પ્રારબ્ધ પણ તમને નહીં છેતરી શકે. દ્રવ્ય સારું તો ત્રિલોકમાં મોટા-મોટા દેવતાઓ, રાજા મહારાજાઓ અને જોગી જતિઓ પણ લડી મરે છે. તેનો ત્યાગ કરે એવા સાધુઓ તો આપણી પાસે જ છે. આ ઘટના સંદર્ભે શ્રીહરિનો ભાવ જાણીને પાસે રહેલા બ્રહ્માનંદ સ્વામીએ સદ્ય એક પદ રચીને સભામાં રજૂ કરેલું.

*'વિત સારું વઢી મરે રાય રંકને નારી વર,*
*સ્વર્ગ, મૃત્યુ, પાતાળમાં જેહનો નિવાસ છે. ૧*
*જોગી, જતિ, તપસી, સન્યાસીઓ ન તજે ધન,*
*વાસના છે વિતનીને, તેના તે તો દાસ છે. ૨*
*દ્રવ્ય પર મળમૂત્ર કરી તેનો ત્યાગ કરે,*
*એવા તો આ સમે સાધુ આપણી જ પાસ છે. ૩*
*કહત હૈ બ્રહ્માનંદ, શ્રીમુખે શ્રીહરિ કહે-*
*નિષ્કુળાનંદજીને અધિક અધિક શાબાસ છે. ૪*

દ્રવ્ય પરત્વેની તૃચ્છવૃત્તિ, ત્યાગવૃત્તિ અને તિરસ્કારભાવ એમની વૈરાગ્યમય અને અકિંચન વ્યક્તિમત્તાના ઉદાહરણ રૂપ આ પ્રસંગ મારી ષ્ટિએ નિષ્કુળાનંદની દ્ઢ મનોબળથી પ્રગટેલી અને સ્થિર થયેલી ત્યાગવૃત્તિનો પરિચાયક છે.

(ક્રમશઃ)■

શિવ રહસ્ય

# હવે એક જ ઉપાય એ છે કે તમારે વૃત્રાસુર પાસે જવું જોઈએ ને તેની માફી માગી, તેની સમક્ષ ત્વષ્ટા ઋષિનાં ગુણગાન ગાવાં જોઈએ

ભરત પટેલ
feedback@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

વૃત્રાસુરના મહાકાય સૈન્યની આગેકૂચ જોઈ સમગ્ર દેવસેના આતંકિત થઈ જાય છે. વૃત્રાસુરની શક્તિ સામે અગ્નિદેવ, પવનદેવ અને વરુણદેવ હારીને પલાયન થતાં જોઈ દેવસેના પણ ત્યાંથી પલાયન થઈ જાય છે. દેવરાજ ઇન્દ્ર વૃત્રાસુરને શબ્દોની ઝાળમાં ફસાવવાની કોશિશ કરે છે, પણ અંતે શબ્દોની જાળમાં પોતે ફસાઈ જવાની બીકે વૃત્રાસુર દેવરાજ ઇન્દ્રને ઊંચકીને ગળી જાય છે. આ જોઈ દેવી સચિ ત્યાંથી પલાયન થઈ દેવગુરુ બૃહસ્પતિ પાસે પહોંચે છે. દેવગુરુ બૃહસ્પતિ દેવી સચિને સમજાવતાં કહે છે કે, વૃત્રાસુરે બ્રહ્માજીને પ્રસન્ન કરી વરદાન મેળવ્યું છે કે, સ્વર્ગલોક કે અન્ય લોકના કોઈ પણ દેવ કે પુરુષ તેનો વધ કરી શકશે નહીં, દેવી તમારે માતા શક્તિના શરણે જવું જોઈએ.' દેવી સચિ ત્વષ્ટા ઋષિએ સ્થાપેલ શક્તિ મંદિર પહોંચે છે અને માતાની આરાધના કરવા માંડે છે, ઘણો સમય વ્યતીત થતાં દેવી સચિ પોતાનું માથું માતા શક્તિનાં ચરણોમાં પછાડવા માંડે છે. આનાથી વ્યથિત થઈ માતા શક્તિ ત્યાં પ્રગટ થાય છે અને કહે છે, 'સચિ તમારે ફિકર કરવાની જરૂર નથી, તમારા પતિનો અંત અસંભવ છે, તમારા પતિ જીવિત છે, તમે નિશ્ચિંત રહો, તમારા પતિ અમર છે, તેઓ સુરક્ષિત છે, તેમને કંઈ નહીં થાય. હું કંઈક એવું કરું છું કે થોડા જ સમયમાં દેવરાજ ઇન્દ્ર પરત ફરશે.' માતા શક્તિના આભામંડળમાંથી એક ગોળો નીકળી વૃત્રાસુરના આભામંડળમાં લુપ્ત થતાં વૃત્રાસુરને ઉંઘ આવવા માંડે છે અને થોડા જ સમયમાં વૃત્રાસુર ઊંઘી જાય છે. ઊંઘમાં ઘોરતી વખતે જોરશોરથી થઈ રહેલા અવાજ વખતે વૃત્રાસુરનું મુખ પણ થોડું ખૂલતાં તક જોઈ દેવરાજ ઇન્દ્ર ખૂલેલા મુખમાંથી બહાર આવી જાય છે. દેવરાજ ઇન્દ્ર દેવગુરુ બૃહસ્પતિના આશીર્વાદ લેતાં દેવગુરુ બૃહસ્પતિ તેમને સલાહ આપે છે કે, 'દેવરાજ તમે અહીં સ્વર્ગલોકમાં સુરક્ષિત નથી, માતા શક્તિની કૃપાથી વૃત્રાસુર નિદ્રાધીન થયો છે. નિદ્રાથી બહાર આવતાં જ એ તમને લક્ષ્ય બનાવશે, તમે પૃથ્વીલોક જઈ છુપાઈ જાવ.' દેવરાજ ઇન્દ્ર, દેવી સચિ અને દેવગણો ત્યાંથી પૃથ્વીલોક તરફ પ્રસ્થાન કરે છે.

* * *

નિદ્રાધીન વૃત્રાસુર નિદ્રાથી બહાર આવતાં જ તે સમજી જાય છે કે તેના ઉદરમાંથી દેવરાજ ઇન્દ્ર નીકળી ગયા છે. તે ખૂબ ક્રોધિત થાય છે.

વૃત્રાસુરઃ 'સૈનિકો, દેવરાજ ઇન્દ્ર ક્યાં છે, તુરંત મારી સમક્ષ હાજર કરવામાં આવે.'

સૈનિકઃ 'મહારાજ, આપ નિદ્રાધીન થતાં જ દેવરાજ ઇન્દ્રને તક મળી ગઈ અને તે બહાર આવી ગયો. તેને જીવિત જોઈ દેવસેના પણ ઉત્સાહિત થઈ ગઈ અને તેઓ આપણી સેના પર તૂટી પડયા. આપની ગેરહાજરીથી આપણી સેના પલાયન થઈ ગઈ છે અને તમે દેવરાજ ઇન્દ્રને જીવિત નહીં છોડો એ સમજતાં દેવરાજ ઇન્દ્ર સહિત દેવગણો પૃથ્વીલોક પર છુપાઈ ગયા છે.'



વૃત્રાસુરઃ 'સૈનિકો ચાલો મારી સાથે, આપણે દેવરાજ ઈન્દ્રને શોધીને દંડ આપવાનો છે.'

વૃત્રાસુરનો આદેશ મળતાં જ અસુરગણો પૃથ્વીલોક તરફ પ્રયાણ કરવા લાગ્યા.

* * *

પૃથ્વીલોક ખાતે છુપાતાં છુપાતાં દેવગણો કૈલાસ પહોંચે છે.

દેવરાજ ઇન્દ્રઃ 'અમારી અને સ્વર્ગની રક્ષા કરો. ક્રૂર વૃત્રાસુરે સ્વર્ગ પર પોતાનું સ્વામીત્વ જમાવી દીધું છે, તે આપણી દેવસેનાનો વિનાશ કરી રહ્યો છે, રક્ષા કરો ભોળેનાથ, અમારી રક્ષા કરો.'

ભગવાન શિવઃ 'એ તમારાં દુઃષ્કર્મનું ફળ છે. તમે દુઃષ્કર્મ કરતી વખતે વિચાર નથી કરતા કે આનું શું પરિણામ આવશે. તમારાં દુઃષ્કર્મનું ફળ તમને મળે એટલે તમે ત્રિદેવ પાસે પહોંચી જાઓ છો મદદ મેળવવા. દર વખતે તમારાં દુઃષ્કર્મનું ફળ દેવગણોએ શું કામ ભોગવવાનું? દેવી પાર્વતીએ તમને નવું જીવતદાન આપ્યું છે. હવે વધુ શું જોઈએ.'

વૃત્રાસુરઃ 'દેવાધિદેવ, આ સંકટને તમે જ દૂર કરી શકો છો.'

માતા પાર્વતીઃ 'દેવરાજ ઇન્દ્ર તમને ખબર પડવી જોઈએ કે વૃત્રાસુરને બ્રહ્માજીનું વરદાન છે કે તેને પૃથ્વીલોક કે અન્ય દેવલોકનો કોઈ પણ પુરુષ મારી શકશે નહીં, હવે તમારે યોગ્ય માર્ગદર્શન માટે શ્રીહરિ વિષ્ણુ પાસે જવું જોઈએ, તેઓ જ આનો માર્ગ કાઢી શકે છે.

માતા પાર્વતીનો આદેશ મળતાં જ દેવગણો કૈલાસથી નીકળી વૈકુંઠલોક તરફ પ્રયાણ કરે છે.

* * *

વૈકુંઠલોક પહોંચતાં જ દેવગણો અને દેવરાજ ઈન્દ્ર માતા લક્ષ્મી અને ભગવાન શ્રીહરિ વિષ્ણુને જોઈ આનંદિત થઈ જાય છે.

દેવરાજ ઇન્દ્રઃ 'ભગવાન શ્રીહરિ વિષ્ણુ અને માતા લક્ષ્મીની જય હો... ભગવંત તમે જ અમને યોગ્ય માર્ગદર્શન આપી શકશો. દુષ્ટ વૃત્રાસુરે સ્વર્ગલોક પર આધિપત્ય જમાવી દીધું છે, તમે જ માગદર્શન કરો.'

ભગવાન શ્રીહરિ વિષ્ણુઃ 'તમારી વાત સાચી છે, પણ હું એમ ઇચ્છુ છું કે પરિસ્થિતિઓને નિર્ણાયક મુકામ સુધી પહોંચવા દેવી જોઈએ. સમયની પ્રતીક્ષા કરો.'

દેવરાજ ઇન્દ્રઃ 'પરિસ્થિતિઓ તેના નિર્ણાયક મુકામ પર ક્યારે પહોંચશે, સમગ્ર દેવગણ સ્વર્ગલોકથી વંચિત છે. હવે અમે શું કરીએ? અમે ક્યાં જઇએ.'

ભગવાન શ્રીહરિ વિષ્ણુઃ 'તો તમે નિર્દોષ યજ્ઞપુત્ર ત્રિશિરાનો વધ કેમ કર્યો? એણે તો તમારા પર આક્રમણ નહોતું કર્યું.'

દેવરાજ ઇન્દ્રઃ 'તો હવે અમારે શું કરવું જોઇએ...'

ભગવાન શ્રીહરિ વિષ્ણુઃ 'હવે એક જ ઉપાય એ છે કે તમારે વૃત્રાસુર પાસે જવું જોઈએ અને તેની માફી માગી, તેની સમક્ષ ત્વષ્ટા ઋષિનાં ગુણગાન ગાવાં જોઈએ.'

ભગવાન શ્રીહરિ વિષ્ણુનો આદેશ મળતાં જ દેવરાજ ઇન્દ્ર દેવસેના સાથે સ્વર્ગલોક પહોંચે છે.

* * *

દેવરાજ ઇન્દ્રઃ 'મિત્ર વૃત્રાસુર હું અહીં જ છું, તમારા યજ્ઞ પિતા ત્વષ્ટા ઋષિ અને તમારી માફી માગવા માગું છું.'

વૃત્રાસુરઃ 'દેવરાજ આ તમારી કઈ ચાલ છે હું તમને નહીં છોડું.'

દેવરાજ ઇન્દ્રઃ 'નહીં મિત્ર વૃત્રાસુર, હું તમારી સમક્ષ કોઈ ચાલ નથી ચાલતો, અમે દેવગણો ફક્ત તમારી અને ઋષિ ત્વષ્ટાની માફી માગીએ છીએ.'

વૃત્રાસુરઃ 'જો તમે ખરેખર માફી માગવા તૈયાર હો તો તમે માફીને પાત્ર ખરા. ચાલો, આપણે બંને સાથે મળીને સ્વર્ગલોકના સિંહાસન પર બિરાજીએ.'

સમગ્ર દેવગણો અને દેવરાજ ઇન્દ્ર વૃત્રાસુર સાથે ઋષિ ત્વષ્ટાના આશ્રમ પર પહોંચે છે.

ઋષિ ત્વષ્ટાઃ 'વૃત્રાસુર.... આ દેવગણ આપણા શત્રુ છે તેમનો નાશ કરો તુરંત..., તમને ઇન્દ્ર સાથે મિત્રતા કરતાં લજ્જા નથી આવતી.'

વૃત્રાસુરઃ 'પિતાજી આ સમગ્ર દેવતાઓ અને દેવરાજ ઇન્દ્ર મારા મિત્ર છે, તેમણે લજ્જિત થઈ માફી માગી મિત્રતાનો હાથ લંબાવ્યો છે, મિત્રતા કરવામાં લજ્જા શેની? ઈન્દ્રને સ્વર્ગથી વંચિત કરી તમારો પ્રતિશોધ પૂર્ણ કર્યો છે, અને સામે મિત્રતા ઇચ્છતા દેવરાજ સાથે મિત્રતા કરી એમાં કંઈ ખોટું નથી.'

ઋષિ ત્વષ્ટાઃ 'વૃત્રાસુર, તમને ખબર નથી આ ઇન્દ્ર તકવાદી છે. તક મળતાં જ તમને દગો આપશે.'

દેવરાજ ઇન્દ્રઃ 'ઋષિ ત્વષ્ટા વૃત્રાસુર સાચું કહે છે, હું લજ્જિત છું, મને ક્ષમા કરો. હું અને વૃત્રાસુર સાથે મળીને સ્વર્ગલોક પર રાજ કરીશું.'

ઋષિ ત્વષ્ટાઃ 'પુત્ર વૃત્રાસુર એક વાત નક્કી છે કે દેવરાજ ઇન્દ્ર સાથેની તમારી મિત્રતા, તમારો અંત નિશ્ચિત લાવશે.'

(ક્રમશઃ)■

વિશેષ

# શ્રી રામ નામનો મહિમા

પ્રથમેશ મહેતા
mahendra.punatar@bombaysamachar.com

લંકાપતિ રાવણના વધ પછી, જ્યારે અયોધ્યાપતિ ભગવાન શ્રી રામની કીર્તિ દૂર દૂર સુધી ફેલાઈ ગઈ અને તેમને મર્યાદા પુરુષોત્તમ કહેવા લાગ્યા.

પછી એક દિવસ મહાદેવ શિવને પણ મર્યાદા પુરુષોત્તમ શ્રી રામને મળવાની ઈચ્છા થઈ. પાર્વતીજીને પોતાની સાથે લઈને મહાદેવ કૈલાશ પર્વત પરથી નીચે ઊતર્યા અને અયોધ્યા નગરી તરફ જવા લાગ્યા. ભગવાન શિવ અને માતા પાર્વતીને અયોધ્યા આવતા જોઈને શ્રી સીતારામજી ખૂબ જ પ્રસન્ન થયા. માતા જાનકીએ તેમનું યોગ્ય સન્માન કર્યું અને પોતે ભોજન બનાવવા રસોડામાં ગયા. દરમિયાન ભગવાન શિવે શ્રી રામજીને પૂછ્યુંઃ 'તમારા સેવક હનુમાનજી દેખાતા નથી.' શ્રી રામે કહ્યુંઃ- 'તેઓ બગીચામાં છે.'

શિવજીએ શ્રી રામજી પાસેથી બગીચામાં જવાની અનુમતિ માગી અને પાર્વતીજીનો હાથ પકડીને બગીચામાં આવ્યા. બગીચાની સુંદરતા જોઈને તે મંત્રમુગ્ધ થઈ ગયા. એક વિશાળ આંબાના ઝાડ નીચે, હનુમાનજી ગાઢ નિંદ્રામાં સૂતા હતા, દુનિયાથી બેધ્યાન હતા અને તેમના નસકોરામાંથી રામનામનો અવાજ લયબદ્ધ રીતે બહાર આવી રહ્યો હતો. આશ્ચર્યચકિત થઈને ભગવાન શિવ અને માતા પાર્વતી એકબીજા સામે જોવા લાગ્યા. માતા પાર્વતીએ હસીને ઝાડની ડાળીઓ તરફ ઈશારો કર્યો. રામનું નામ સાંભળતા જ ઝાડની ડાળીઓ પણ હલવા લાગી અને તેમાંથી પણ રામ નામનો જપ થવા લાગ્યો.

શિવજી પોતે રામ નામની ધૂનમાં મગ્ન થઈ ગયા અને રામ રામ કહીને નાચવા લાગ્યા. માતા પાર્વતી પણ તેના પતિની પાછળ ગયા. શિવ અને પાર્વતીના નૃત્યથી એવો અવાજ ઊભો થયો કે સ્વર્ગના દેવતાઓ પણ બગીચા તરફ આકર્ષાયા અને બધા રામના નામની ધૂનમાં મગ્ન થઈ ગયા.

માતા જાનકી ભોજન બનાવીને રાહ જોઈ રહ્યાં હતાં પરંતુ, સાંજ સુધી મહેમાનો ન આવ્યા, તેથી તેમણે પોતાના દિયર લક્ષ્મણજીને બગીચામાં મોકલી દીધા. લક્ષ્મણજી પોતાની જાતને શ્રી રામના સેવક માનતા હતા, તેથી જ્યારે તેમણે બગીચામાં આવીને પૃથ્વી પર સ્વર્ગનું દર્શન કર્યું ત્યારે તેમણે પણ રામના નામથી ગાવાનું શરૂ કર્યું.


મહેલમાં માતા જાનકી ચિંતિત હતા કે અત્યાર સુધી કોઈ ભોજન લેવા કેમ નથી આવ્યું. તેમણે શ્રી રામજીને કહ્યું કે ભોજન ઠંડુ થઈ રહ્યું છે, ચાલો જઈએ અને બગીચામાંથી બધાને લઈ આવીએ.

સીતારામજી બગીચામાં ગયા ત્યારે રામના નામનો ખૂબ જ ઘોંઘાટ થયો. હનુમાનજી ઊંઘી રહ્યા હતા અને તેમના નસકોરામાંથી હજુ પણ રામનું નામ નીકળતું હતું.

શ્રી સિયારામ ભાવુક થઈ ગયા, રામજીએ હનુમાનજીને ઊંઘમાંથી જગાડ્યા અને તેમની તરફ પ્રેમથી જોવા લાગ્યા.

ભગવાનને આવતા જોઈ હનુમાનજી ઝડપથી ઊભા થઈ ગયા, નૃત્યમાં વિક્ષેપ પડ્યો. શિવજીએ ખુલ્લાં અવાજે હનુમાનજીની રામ પ્રત્યેની ભક્તિની પ્રશંસા કરવાનું શરૂ કર્યું. હનુમાનજી સંકોચ અનુભવતા હતા, પરંતુ શ્રી સિયારામે ભગવાન શિવને ભોજન કરવા માટે વિનંતી કરી. માતા જાનકીએ ભોજન પીરસવાનું શરૂ કર્યું. શ્રી રામજીએ હનુમાનજીને પણ પંક્તિમાં બેસવાનો આદેશ આપ્યો. હનુમાનજી બેસી ગયા, પણ આદત એવી હતી કે રામજી જમ્યા પછી જ તેઓ ભોજન લેતા હતા.

આજે શ્રીરામની આજ્ઞા પહેલા ભોજન કરવું પડ્યું. માતા જાનકી હનુમાનજીને ભોજન પીરસતા હતા, પરંતુ હનુમાન પેટ ભરી શકતા ન હતા. સીતાજી થોડીવાર તેમને ભોજન પીરસતા રહ્યા અને પછી સમજાયું કે આ રીતે હનુમાનજી તેમનું પેટ નહિ ભરી શકે. તેમણે તુલસીના પાન પર રામનું નામ લખ્યું અને ભોજનની સાથે હનુમાનજીને પીરસ્યું. તુલસીના પાન ખાતા જ હનુમાનજી સંતુષ્ટ થઈ ગયા અને ભોજન કર્યા પછી ઊભા થયા. ભગવાન શિવશંકર પ્રસન્ન થયા અને હનુમાનજીને આશીર્વાદ આપ્યા કે તમારી રામ ભક્તિ યુગો સુધી યાદ રહેશે અને તમને સંકટમોચન કહેવામાં આવશે. ■






**'બર્થ-ડે બૉય' કિરમાણીની આત્મકથાએ ખ્યાતનામ ખેલાડીઓને વર્ષો પછી પાછા ભેગા કર્યા:** ભારતના મહાન વિકેટકીપર-બૅટર સૈયદ કિરમાણીની આત્મકથા 'સ્ટમ્પ્ડ'નું રવિવારે બેન્ગલૂરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં અનાવરણ કરવામાં આવ્યું એ પ્રસંગે દેશના ખ્યાતનામ ક્રિકેટરો ઉપસ્થિત હતા. રવિવાર, ૨૯મી ડિસેમ્બરે કિરમાણીનો ૭૫મો જન્મદિન હતો. એક સમયના સાથી સ્પિનરો ભાગવત ચંદ્રશેખર અને એરાપલ્લી પ્રસન્ના (ઉપર, વચ્ચે) વાતચીતમાં મગ્ન હતા ત્યાં ચીફ ગેસ્ટ કપિલ દેવ થોડી વાર બાદ પ્રસન્નાને મળ્યા હતા (જમણે, ઉપર). અનાવરણ વખતે બેઠેલા મહેમાનોમાં વીવીએસ લક્ષ્મણ, અનિલ કુંબલે અને રાહુલ દ્રવિડ તેમ જ ઈન્ફોસિસના સહ-સ્થાપક નારાયણ મૂર્તિનો પણ સમાવેશ હતો. આ પુસ્તકમાં ઘણી અજાણી વાતો સમાવી હોવાનું કિરમાણીએ કહ્યું હતું. (પીટીઆઇ)

## ક્લાસિફાઈડ

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટાકાણાં**

દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693/ 7506569229. (બી-૧૫૨૩૯)

### ૧૨. યાત્રા સહેલગાહ




(B-15237)

### ૧૭. જગ્યા આપવી છે

**બાંદ્રા (વેસ્ટ)**

ટર્નર રોડ લિવલાયસંસ 2 BHK સેમી ફર્નિશ્ડ, 90,000/- ખાર લિંકીંગ રોડ 3 BHK ફર્નિશ્ડ ડુપ્લેક્ષ ફલેટ, પાર્કિંગ 1,65,000/- તુરંત કબજો. 9820296693. 'કટારિયા એજન્ટ' (૧૫૨૯૬-એ)

**માટુંગા-કિંગ્સ સર્કલ**

2 બેડરૂમ હોલ કિચન વેચાણ માટે, નવી બિલ્ડીંગ- O.C. સાથે, ઈન્ડીયન જીમખાનાની નજીક, 12મો માળ, 770 sq. ft. પાર્કિંગ 3.40 કરોડ. સંપર્ક. 9374543885. (૧૫૪૩૨-સી)

■ સેલ, 601, જેડ વેદાંત, બી એન રોડ, ૨ બીએચકે, ૭૪૧ કાર્પેટ, માટુંગા સેન્ટ્રલ માટુંગા અને કિંગ સર્કલ સ્ટેશનથી ૫ મિનિટ, ૩.૫૦ કરોડ નિગોશિએબલ સંપર્ક: ૯૮૨૧૪૨૪૬૫૯. (બી-૧૫૨૭૭)

**PAREL E, PRIME LOCATION**

**Pool, Club, Gym, Derasar 8-10! yr old Bldg., 1250 cpt, earlier Price 5.11 Cr. now, 4.81 Cr. Genuine Seller, also Runwal Nirvana 3 Bed 1325, cpt Investors Flat 5.5 Cr. ++ - 9819227923. (B-15070)**

**SOUTH MUMBAI**

Peddar Road, Breach Candy, Malabar Hill, Walkeshwar, Cuffe Parade. 1, 2, 3, 4 BHK Sale, L&L, Ready & Under-Construction. 9892710071 / 9619048555. (B-15322)

**SALE/PURCHASE**

Bungalows Pent House Duplex Flats Plots Speciality Juhu. Andheri / South Mumbai. Shukla Estate - 8169147281. (B-15276)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

ઈન્ડસ્ટ્રીયલ ગાળા પ્લોટ લેવા/ વેચવા/ ભાડેથી રુષભ ઉપાધ્યાય 9049625073/ હિતેશ ઉપાધ્યાય 9326470109. (એસડીબી-૨૩૦૭)

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૩૧. નાણાંકીય

**''શેર ખરીદશું''**

બજારમાં ખપતાં / નહીં ખપતાં ડિમેટ / ફીજીકલ.. (શેરનાં કોઈપણ પ્રોબ્લેમ માટે સર્વિસ આપશું..) "Investment House" - 9321041907, 9321285108. (૧૫૨૭૬-જી)

### ૩૨. જમીન-મિલકત

■ જૈન પવિત્ર ધન્યધરા પર શંખેશ્વરમાં પોતાના પ્લોટના માલિક બનો. NA NOC, ટાઈટલ કલીયર, સરળ હપ્તે, તુરંત દસ્તાવેજ 9574859654. (બી-૧૪૯૨૭)

FOR SALE IN DEOLALI Camp Cantonment Near Nashik Two adjacent NA Bunglow Residential Plots with Water Electricity n Common Amenities 2400 square feet, 265 square yards each. No Brokerage. Contact +919822015710. (B-15293)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**મહાલક્ષ્મી જ્યોતિષ**

**તાત્કાલિક સમાધાન લવ પ્રોબ્લેમ, છુટાછેડા, સાસ બહુ/પતિ-પત્ની અણબનાવ, લગ્નમાં રૂકાવટ, કામ ધંધામાં નુકસાન, પ્રેમમાં અસફળતા, છોકરા છોકરી કહેવામાં નથી. ફીસ કામ પછી. 9321554879. (૧૫૨૯૭-એ)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675 / 9326448699 (કાંદિવલી). (૧૫૨૫૦-એ)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

■ વિદેશમાં અમેરિકા, લંડન, Europe, Australia, Canadaમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૫૨૯૮)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

# જડ્ડુ, ઉસકો દાંત મત દિખા...જાડેજાને કૅપ્ટન રોહિત શર્માએ આવું કેમ કહ્યું?

મેલબર્ન: બોર્ડર-ગાવસકર ટ્રોફીમાં સરસાઈ મેળવવા ભારત અને ઑસ્ટ્રેલિયાની ટીમ વચ્ચે ભારે રસાકસી થઈ રહી છે અને કેટલાક વિવાદો પણ થયા છે, પરંતુ એ વચ્ચે થોડી મસ્તીમજાક પણ થતી રહી છે. રવિવારના ચોથા દિવસની જ વાત કરીએ. કૅપ્ટન રોહિત શર્માએ લેફ્ટ-આર્મ સ્પિનર રવીન્દ્ર જાડેજાને મોરચા પર મૂક્યો ત્યાર બાદ એક ઓવર વખતે તેને દૂરથી કહ્યું, 'જડ્ડુ, ઉસકો દાંત મત દિખા...' રોહિતની આ સલાહ સાંભળીને નજીક ઊભેલા ભારતીય ખેલાડીઓ હસી પડ્યા હતા.

ભારતની જેમ ઑસ્ટ્રેલિયાનો ટૉપ-ઑર્ડર (૭૦ રન બનાવનાર માર્નસ લાબુશેનને બાદ કરતા) પણ સારું રમવામાં નિષ્ફળ ગયો હતો, પરંતુ પૂંછડિયા બૅટર્સ ભારતને ભારે પડ્યા.

એક તબક્કે નૅથન લાયન (૪૧ નૉટઆઉટ) અને સ્કૉટ બૉલેન્ડ (૧૦ નૉટઆઉટ) ક્રીઝમાં હતા ત્યારે વિરાટ કોહલીએ રોહિતને પૂછ્યું કે 'પછીની ઓવર કોને આપીશ?' રોહિતે જાડેજાને બોલાવીને તેને કહ્યું, 'યહાં સે (આ છેડા પરથી) ડાલ કે દેખ ક્યા હોતા હૈ.' એ સાથે રોહિતે જાડેજાને તરત એવું પણ કહ્યું કે 'એ જડ્ડુ, દાંત મત દિખા યાર ઉસકો...'




રોહિત આવું બોલીને જાડેજાને શું કહેવા માગતો એ તો સ્પષ્ટ નહોતું થયું, પણ તે જાડેજાને એવો ઇશારો કરવા માગતો હશે કે 'તું ચહેરાના કોઈ પણ પ્રકારના હાવભાવ બૅટર સામે બતાવવાનું ટાળજે.'

દરમ્યાન રવિવારે સવારે ભારતનો પ્રથમ દાવ ૩૫૮/૯ના સ્કોર પરથી આગળ વધ્યો હતો અને ૩૬૯ના સ્કોર પર પૂરો થઈ ગયો હતો. સુપરસ્ટાર બૅટર નીતીશ કુમાર રેડ્ડીએ પોતાના ૧૧૪મા રને સ્પિનર નૅથન લાયનના બૉલ પર વિકેટ ગુમાવી હતી. તે કૅચઆઉટ થયો હતો. શનિવારે તેને યાદગાર સેન્ચુરી પૂરી કરવા સુધી સાથ આપનાર મોહમ્મદ સિરાજ ચાર રને અણનમ રહ્યો હતો. કમિન્સ, બૉલેન્ડ, લાયને ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી. યશસ્વી રનઆઉટ થયો હતો. ■

# સાઉથ આફ્રિકા વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપની ફાઇનલમાં સૌથી પહેલાં પહોંચી ગયું

## ટેસ્ટમાં પાકિસ્તાનને હરાવી દીધું: બીજું ફાઇનલિસ્ટ બનવા ભારત-ઑસ્ટ્રેલિયા વચ્ચે ટક્કર

સેન્ચુરિયન: સાઉથ આફ્રિકાએ અહીં રવિવારે પાકિસ્તાનને સિરીઝની પહેલી રોમાંચક ટેસ્ટમાં બે વિકેટે હરાવીને વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી) તરીકે ઓળખાતા ટેસ્ટના વર્લ્ડ કપની ફાઇનલમાં પહોંચનારો પહેલો દેશ બની ગયો હતો.

ફાઇનલના બીજા સ્થાન માટે (રૅન્કિંગ મુજબ) ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે સૌથી વધુ હરીફાઈ થશે.

પાકિસ્તાને પ્રથમ દાવમાં ૨૧૧ રન બનાવ્યા હતા જેના જવાબમાં સાઉથ આફ્રિકાની ટીમ ૩૦૧ રન બનાવી શકી હતી. એમાં ઓપનર એઇડન માર્કરમના ૮૯ રન અને નવા ખેલાડી કૉર્બિન બોશ્ચના અણનમ ૮૧ રન સામેલ હતા.

બીજા દાવમાં પાકિસ્તાનની ટીમ સાઉદ શકીલના ૮૪ રનની મદદથી ૨૩૭ રન બનાવી શકી હતી અને યજમાન ટીમને જીતવા માત્ર ૧૪૮ રનનો લક્ષ્યાંક મળ્યો હતો.

સાઉથ આફ્રિકાએ પાકિસ્તાની બોલર્સના આક્રમણ વચ્ચે મહા મહેનતે આઠ વિકેટે ૧૫૦ રન બનાવીને મૅચ જીતીને ડબ્લ્યૂટીસીના પૉઇન્ટ્સ-ટેબલમાં ૬૬.૬૭ના આંકડા સાથે ફાઇનલમાં પ્રવેશ કરી લીધો હતો. બીજા નંબરે ઑસ્ટ્રેલિયાના ૫૮.૮૯ પૉઇન્ટ તથા ત્રીજા સ્થાને ભારતના ૫૫.૮૯ પૉઇન્ટ છે. ન્યૂ ઝીલૅન્ડ ૪૮.૨૧ પૉઇન્ટ સાથે ચોથા ક્રમે છે.

ડબ્લ્યૂટીસીની ૨૦૨૧ની સાલની પ્રથમ સીઝનની ફાઇનલમાં ભારત અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે ટક્કર થઈ હતી જેમાં ન્યૂ ઝીલૅન્ડે વિજય મેળવી લીધો હતો. ૨૦૨૩ની બીજી સીઝનની ફાઇનલમાં ભારતને ઑસ્ટ્રેલિયાએ હરાવ્યું હતું. ■

# યશસ્વીની ફીલ્ડિંગ ટીમ ઈન્ડિયા માટે માથાનો દુખાવો બની, ત્રણ કૅચ છોડ્યા

## ખ્વાજા, લાબુશેન, કમિન્સને મળ્યા જીવતદાન: રોહિત-કોહલીએ ઠાલવ્યો ગુસ્સો

મેલબર્ન: બોર્ડર-ગાવસકર ટ્રોફીમાં અહીં રમાતી બૉક્સિંગ-ડે ટેસ્ટમાં ઓપનર યશસ્વી જયસ્વાલ શુક્રવારના બીજા દિવસે વિરાટ કોહલી સાથેની ગેરસમજમાં રનઆઉટ થઈ ગયો એ બહુ ખોટું થયું, પણ એ પહેલાં તેણે ૮૨ રન બનાવીને ભારતની જડબાતોડ પ્રથમ ઇનિંગ્સ માટે સારો પાયો નાખી આપ્યો હતો. જોકે રવિવારના ચોથા દિવસે યશસ્વી પાછો ચર્ચામાં આવી ગયો હતો. તેની ફીલ્ડિંગ બહુ ખરાબ હતી જેની વિપરીત અસર આ મૅચના પરિણામ પર જોવા મળી શકે. યશસ્વીની ખરાબ ફીલ્ડિંગથી કૅપ્ટન રોહિત શર્મા અને સૌથી પીઢ ખેલાડી વિરાટ કોહલી, બન્ને જણ ગુસ્સે થયા હતા.

રવિવારે વહેલી સવારે ભારતનો પ્રથમ દાવ ૩૬૯ રનના સ્કોર પર સમેટાઈ ગયો ત્યાર બાદ ઑસ્ટ્રેલિયાને બહુ જલદી પહેલો ઝટકો લાગી શકે એમ હતો, પણ યશસ્વી સ્લિપમાં ઉસમાન ખ્વાજાનો આસાન કૅચ નહોતો પકડી શક્યો. એ સમયે ઑસ્ટ્રેલિયાનો બીજા દાવનો સ્કોર માંડ સાત રન હતો.

ખ્વાજાનો કૅચ છૂટ્યો ત્યારે તે ફક્ત બે રન પર હતો અને જીવતદાન મળ્યા પછી તે બીજા ૧૯ રન બનાવી ગયો હતો. તે ૨૧ રનના પોતાના સ્કોર પર આઉટ થયો હતો.

ખ્વાજાનો કૅચ છૂટ્યા પછી બધાને આશા હતી કે યશસ્વી વધુ સતર્ક થઈને ફીલ્ડિંગ કરશે. ઊલટાનું, યશસ્વીથી બીજા બે કાંગારૂ બૅટર્સને જીવતદાન મળ્યા હતા.

ઑસ્ટ્રેલિયાની ટીમ ૧૦૫ રનની સરસાઈ લીધા પછી બીજા દાવમાં ૯૯ રનમાં છ વિકેટ ગુમાવી ચૂકી હતી અને ભારતને ઓછો લક્ષ્યાંક આપી શકે એવી હાલતમાં હતી ત્યારે યશસ્વીથી માર્નસ લાબુશેનનો કૅચ છૂટી ગયો હતો. ગલીમાં યશસ્વીએ લાબુશેનનો સહેલો કૅચ છોડ્યો હતો. લાબુશેન ત્યારે ૪૬ રન પર હતો અને જીવતદાન મળ્યા પછી બીજા ૨૪ રન બનાવી ગયો હતો. તે પોતાના ૭૦ રનના સ્કોર પર મોહમ્મદ સિરાજના બૉલમાં એલબીડબ્લ્યૂ થયો હતો.



ખ્વાજા અને લાબુશેનને જીવતદાન આપ્યા પછી યશસ્વીના હાથે જીવતદાન મેળવવાનો વારો કૅપ્ટન પૅટ કમિન્સનો હતો. કમિન્સ જ્યારે ૨૧ રન પર હતો ત્યારે યશસ્વીથી સિલી પૉઇન્ટ પર કમિન્સનો કૅચ છૂટી ગયો હતો. કૅચના રૂપમાં બૉલ પોતાની તરફ આવ્યો એ પહેલાં જ યશસ્વી ઊભો થઈ અને બૉલ તેના બન્ને પગની વચ્ચેથી પસાર થઈ ગયો હતો.

મેલબર્નના ચોથા દિવસે એક તરફ ભારતીય બોલર્સે ઑસ્ટ્રેલિયન બૅટર્સને બને એટલા કાબૂમાં રાખવાની કોશિશ કરી હતી કે જેથી ભારતને નીચો લક્ષ્યાંક મળી શકે. જોકે યશસ્વીની ફીલ્ડિંગ એટલી બધી ખરાબ હતી કે રોહિત અને કોહલી ગુસ્સો વ્યક્ત કરવાનું ટાળી નહોતા શક્યા. યશસ્વીએ જ્યારે લાબુશેનનો સ્લિપમાં કૅચ છોડ્યો ત્યારે તેની બાજુમાં કોહલી ઊભો હતો અને કૅચ છૂટતાં જ કોહલી ક્રોધિત થયો હતો. કમિન્સનો યશસ્વીએ જ્યારે કૅચ છોડ્યો ત્યારે રોહિત તેની સામે ઘણી વાર સુધી ઘૂરક્યો હતો. ■

# અઘઘઘ...ટેસ્ટના માત્ર પહેલા દાવમાં બન્યા ૧,૧૦૧ રન!

બુલવૅયો: એક તરફ ટેસ્ટ-ક્રિકેટના દાયકાઓ જૂના દેશોના સારા-સારા બૅટર્સ સસ્તામાં આઉટ થઈને ટી-૨૦ની મન પર થયેલી ઘેરી અસરનું પ્રદર્શન કરી રહ્યા છે ત્યારે ઝિમ્બાબ્વે અને અફઘાનિસ્તાન જેવા પ્રમાણમાં નાના ટેસ્ટ-રાષ્ટ્રોની ટીમના બૅટર્સ લાંબી-લાંબી ઇનિંગ્સ રમીને રનનો ઢગલો કરી રહ્યા છે. જુઓને, બુલવૅયો શહેરમાં રમાતી સિરીઝની પહેલી ટેસ્ટમાં યજમાન ઝિમ્બાબ્વેને અફઘાનિસ્તાનની ટીમ બરાબર માથાની મળી અને ઝિમ્બાબ્વેએ બૅટિંગ લીધા પછી પહેલા દાવમાં ૫૦૦-પ્લસ રન બનાવ્યા તો અફઘાનિસ્તાને પણ ૫૦૦-પ્લસનો જુમલો ખડકી દીધો. બન્નેની પ્રથમ ઇનિંગ્સના રનનો સરવાળો ૧,૧૦૧ રન હતો.

એ તો ઠીક, પણ અફઘાનિસ્તાને હજી ત્રણ જ વિકેટ ગુમાવી છે અને મૅચનો છેલ્લો દિવસ આવી ગયો. સોમવાર, ૩૦મી ડિસેમ્બરે આ મૅચ પૂરી થશે એટલે જરૂર રેકૉર્ડ-બુકમાં આવી જશે.

ઝિમ્બાબ્વેએ શૉન વિલિયમ્સ (૧૫૪), કૅપ્ટન ક્રેગ ઇરવિન (૧૦૧) અને બ્રાયન બેનેટ (૧૧૩ અણનમ)ની સદી તેમ જ ઇંગ્લૅન્ડના સૅમ કરૅન અને ટૉમ કરૅનના ભાઈ બેન કરૅનના ૬૮ રનની મદદથી ૫૮૬ રન બનાવ્યા હતા. રવિવારના ચોથા દિવસને અંતે ઝિમ્બાબ્વેનો પ્રથમ દાવનો સ્કોર ત્રણ વિકેટે ૫૧૫ રન હતો જેમાં રહમત શાહ (૨૩૪), કૅપ્ટન હશમતુલ્લા શાહિદી (૧૭૯ નૉટઆઉટ)નો સમાવેશ હતો. બન્ને ટીમના બાવીસમાંથી કુલ ૧૩ બોલર બોલિંગ કરી ચૂક્યા છે. ■

# અર્શદીપ અને સ્મૃતિ મંધાના આઇસીસી અવૉર્ડ માટે નૉમિનેટ થયા

દુબઈ: લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર અર્શદીપ સિંહે ૨૦૨૪ના વર્ષમાં ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં શાનદાર પર્ફોર્મ કર્યું અને જૂનના ટી-૨૦ વર્લ્ડ કપમાં પણ તેનો પર્ફોર્મન્સ પ્રશંસનીય હતો જેને પગલે તે આઇસીસીના ટી-૨૦ ફૉર્મેટ માટેના અવૉર્ડ નૉમિનેટ થયો છે. સ્ટાઇલિશ લેફ્ટ-હૅન્ડ ઓપનર સ્મૃતિ મંધાના ૨૦૨૪ના વર્ષ દરમ્યાન આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રશંસનીય રમી એ બદલ તેને આઇસીસી વિમેન્સ ઓડીઆઇ (વન-ડે ઇન્ટરનૅશનલ) ક્રિકેટર ઑફ ધ યરના પુરસ્કાર માટે નૉમિનેટ કરવામાં આવી છે.

પચીસ વર્ષનો અર્શદીપ સિંહ હાલમાં ભારતની મર્યાદિત ઓવર્સ માટેની ટીમમાં જ સિલેક્ટ થાય છે. ૨૦૨૪માં ટી-૨૦ રમનાર મુખ્ય ક્રિકેટ દેશોમાં અર્શદીપ અને શ્રીલંકાનો સ્પિનર વનિન્દુ હસરંગા ૩૬-૩૬ વિકેટ સાથે મોખરે છે. અર્શદીપે ૩૬ વિકેટ ૧૮ મૅચમાં અને હસરંગાએ ૧૯ મૅચમાં લીધી હતી.

જોકે અર્શદીપને જે પુરસ્કાર (મેન્સ ટી-૨૦ ક્રિકેટર ઑફ ધ યર) માટે નૉમિનેટ કરવામાં આવ્યો છે એ માટે બીજા ત્રણ દાવેદારો પણ છે. એમાં પાકિસ્તાનના બાબર આઝમ, ઑસ્ટ્રેલિયાના ટ્રૅવિસ હેડ અને ઝિમ્બાબ્વેના સિકંદર રઝાનો સમાવેશ છે.

અર્શદીપ ૩૬ વિકેટ સાથે એક કૅલેન્ડર-યરમાં સૌથી વધુ ટી-૨૦ ઇન્ટરનૅશનલ વિકેટ લેનાર ભારતીય બોલર્સમાં ભુવનેશ્વર કુમાર (૩૭ વિકેટ) પછી બીજા સ્થાને છે. અર્શદીપે આ વર્ષના ટી-૨૦ વર્લ્ડ કપમાં સંયુક્ત રીતે સૌથી વધુ ૧૭ વિકેટ લીધી હતી. અફઘાનિસ્તાનનો ફઝલહક ફારુકી ૧૭ વિકેટ સાથે તેની સાથે મોખરે હતો.

લેફ્ટ-હૅન્ડ ઓપનર સ્મૃતિ મંધાનાએ વર્તમાન સીઝનમાં ૧૨ ઇનિંગ્સમાં કુલ ૭૪૩ રન બનાવ્યા છે અને તેની બૅટિંગ-ઍવરેજ ૬૧.૯૧ છે. તેણે બે સેન્ચુરી ફટકારી હતી.

મંધાનાએ આ પુરસ્કાર જીતવા સાઉથ અફ્રિકાની લૉરા વૉલ્વાર્ટ, શ્રીલંકાની ચમારી અથાપથ્થુ અને ઑસ્ટ્રેલિયાની ઍનાબેલ સધરલૅન્ડ સાથે હરીફાઈ કરવી પડશે. ■

# 'હું જો સિલેક્ટર હોત તો મેં રોહિત પાસેથી કૅપ્ટન્સી લઈને બુમરાહને સોંપી દીધી હોત: માર્ક વૉ

મેલબર્ન: બોર્ડર-ગાવસકર ટ્રોફીમાં ભારતે જસપ્રીત બુમરાહના સુકાનમાં વિજય સાથે ટેસ્ટ-શ્રેણીની શરૂઆત કરી, પરંતુ ત્યાર બાદ રોહિત શર્માએ ટીમમાં કમબૅક કર્યું ત્યાર પછી ભારતે એક પરાજય જોયો છે અને ખરાબ વાતાવરણને કારણે એક ટેસ્ટ ડ્રૉમાં ગઈ હતી ત્યારે હવે ચોથી ટેસ્ટમાં ભારતે કદાચ વધુ એક પરાજયનો સામનો કરવો પડે એવી સ્થિતિમાં એક ભૂતપૂર્વ ક્રિકેટરે મોટું નિવેદન આપતા કહ્યું છે કે હું જો ભારતનો સિલેક્ટર હોત તો મેં રોહિત પાસેથી કૅપ્ટન્સી પાછી લઈને બુમરાહને આપી દીધી હોત.

ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ કૅપ્ટન માર્ક વૉએ આવું કહ્યું છે. રોહિતના સુકાનમાં ઑસ્ટ્રેલિયામાં ભારતીય ટીમ માટે પથ મુશ્કેલ બનતો ગયો એ તો ઠીક, પણ ખુદ રોહિત બૅટિંગમાં પણ ફ્લૉપ રહ્યો છે.

રોહિતે આ સિરીઝમાં ચાર ઇનિંગ્સમાં અનુક્રમે ૩, ૬, ૧૦ અને ૩ રન બનાવ્યા છે. માર્ક વૉએ એવું પણ કહ્યું છે કે 'મેં મેલબર્નની ચોથી ટેસ્ટના (સોમવારના) બીજા દાવને અંતે રોહિત વિશે આખરી નિર્ણય લઈ લીધો હોત. તે સોમવારે બીજી ઇનિંગ્સમાં પણ રન ન બનાવી શક્યો તો (હું જો ભારતીય સિલેક્ટર હોત તો) રોહિત વિશે અંતિમ નિર્ણય લઈને તેને કહી દેત કે ભાઈ, તારો ઘણો આભાર કૅપ્ટન્સી સંભાળવા બદલ. તું મહાન ખેલાડી છે, પણ અમે હવે સિડનીની છેલ્લી ટેસ્ટ માટે બુમરાહને નેતૃત્વ સોંપી રહ્યા છીએ અને આ તારી ટેસ્ટ કરીઅરનો અંત કહી શકાય.'

માર્ક વૉએ કહ્યું કે 'રોહિતને આવું કહીને મેં ટીમનું સુકાન બુમરાહને સોંપી જ દીધું હોત.' ■

# એફઆઈઆઈએ કરી ₹ ૯,૯૨૧ કરોડની વેચવાલી

મુંબઇ: શેરબજાર સપ્તાહ દરમિયાન પોઝિટિવ જોનમાં આગળ વધ્યું હતું પરંતુ એફઆઇઆઇની એકધારી વેચવાલી બજારને બ્રેક મારી રહી છે. ઓટો અને એફએમસીજી સેક્ટર સૌથી અધિક વધ્યાં હતા, જ્યારે મેટલ શેર સૌથી અધિક ઘટ્યા હતા. એફઆઈઆઈએ રૂ. ૯,૯૨૧ કરોડની વેચવાલી કરી છે. સપ્તાહ દરમિયાન સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની (ડીઆઈઆઈ) રૂ.૧૨,૩૦૨.૧૦ કરોડની ચોખ્ખી લેવાલી અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની (એફઆઈઆઈ) રૂ.૯,૯૨૦.૭૦ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી.

પાછલા સપ્તાહે ૨૫ ડિસેમ્બર, ૨૦૨૪એ ક્રિસમસ નિમિત્તે બજાર બંધ રહ્યું હતું એટલે સપ્તાહમાં ચાર દિવસ કામકાજ થયું હતું. બીએસઈ સેન્સેક્સ પાછલા સપ્તાહના શુક્રવારના ૭૮,૦૪૧.૫૯ના બંધથી ૬૫૭.૪૮ પોઈન્ટ્સ (૦.૮૪ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૨૩ ડિસેમ્બર અને સોમવારે ૭૮,૪૮૮.૬૪ ખૂલી ગુરુવાર, ૨૬ ડિસેમ્બરે નીચામાં ૭૮૧૭૩.૩૮ સુધી અને શુક્રવાર ૨૭ ડિસેમ્બરે ઊંચામાં ૭૯,૦૪૩.૧૫ સુધી જઈ સપ્તાહ અંતે ૭૮,૬૯૯.૦૭ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો.

આ સપ્તાહના અંતે માર્કેટ કેપ રૂ. ૪૪૨.૩૧ લાખ કરોડ રહ્યું હતું, જે પાછલા સપ્તાહના અંતે રૂ. ૪૪૦.૯૯ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ. ૧.૩૨ લાખ કરોડનો વધારો થયો હતો. બ્રોડ બેઝ્ડ ઈન્ડેક્સમાં બીએસઈ-૧૦૦ ઈન્ડેક્સ ૦.૭૫ ટકા, બીએસઈ-૨૦૦ ઈન્ડેક્સ ૦.૬૪ ટકા, બીએસઈ-૫૦૦ ઈન્ડેક્સ ૦.૬૦ ટકા, બીએસઈ મિડકેપ ૦.૨૧ ટકા વધ્યા, જ્યારે બીએસઈ સ્મોલકેપ ૦.૧૮ ટકા ઘટ્યો હતો.

બીએસઈ આઈપીઓ ૦.૭૭ ટકા વધ્યો અને એસએમઈ આઈપીઓ ૦.૭૩ ટકા ઘટ્યો હતો. સેકટરલ ઈન્ડાયસીસમાં ઓટો ૦.૦૯ ટકા, એફએમસીજી ૧.૩૪ ટકા, હેલ્થકેર ૧.૨૩ ટકા રિયલ્ટી ૧.૧૫ ટકા, બેન્કેક્સ ૦.૮૧ ટકા અને ઓઈલ એન્ડ ગેસ ૦.૭૧ ટકા વધ્યા હતા, જ્યારે મેટલ ૧.૪૩ ટકા, પાવર ૦.૯૫ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૫૮ ટકા, પીએસયુ ૦.૪૯ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૧૬ ટકા, ટેક ૦.૦૧ ટકા ઘટ્યા હતા.

એસએન્ડપી બીએસઈ સેન્સેક્સમાં સમાવિષ્ટ ૩૦ શેરોમાંથી ૧૯ વધ્યા અને ૧૧ ઘટ્યા હતા. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં સૌથી અધિક વધેલા પાંચ શેરમાં મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૪.૭૧ ટકા, અદાણી પોર્ટ્સ ૩.૯૪ ટકા, ટાટા મોટર્સ ૩.૫૪ ટકા, આઈટીસી ૨.૯૯ ટકા અને સન ફાર્મા ૨.૮૬ ટકા વધ્યો હતો, જ્યારે સૌથી અધિક ઘટેલા પાંચ શેરોમાં ઝોમેટો ૩.૧૫ ટકા, પાવર ગ્રીડ બે ટકા, સ્ટેટ બેન્ક ૧.૬૨ ટકા, ટાઈટન ૧.૪૩ ટકા અને તાતા સ્ટીલ ૧.૩૭ ટકા ગબડ્યો હતો. ૫એથ ગ્રુપની ૭૨૨ કંપનીઓમાંથી ૩૨૩ કંપનીઓના ભાવ વધ્યા, ૩૯૯ કંપનીઓના ભાવ ઘટ્યા હતા.

બી ગ્રુપની ૧,૨૦૪ કંપનીઓમાંથી ૪૪૩ વધી હતી, ૭૫૮ ઘટી હતી અને ત્રણ સ્થિર રહી હતી.બીએસઈ ૧૦૦માં ૬૦ કંપનીઓ વધી, ૪૦ કંપનીઓ ઘટી. બીએસઈ ૨૦૦માં ૧૦૮ કંપનીઓ વધી, ૯૨ કંપનીઓ ઘટી. બીએસઈ ૩૦માં ૧૯ કંપનીઓ વધી, ૧૧ કંપનીઓ ઘટી. બીએસઈ ૫૦૦માં ૨૪૦ કંપનીઓ વધી, ૨૬૦ કંપનીઓ ઘટી. મિડકેપ ૬૪ કંપનીઓ વધી, ૬૮ કંપનીઓ ઘટી. સ્મોલ કેપમાંની ૩૪૪ કંપનીઓ વધી, ૫૯૨ કંપનીઓ ઘટી હતી. ■

# નક્કર ટ્રીગરના અભાવમાં બજાર રેન્જબાઉન્ડ રહેશે, રોકાણકારોની નજર આર્થિક ડેટા અને આગામી અંદાજપત્રની અટકળો પર

મુંબઈ: શેરબજારે પાછલું વર્ષ અનેક પડકારોને વટાવીને પાર કર્યું છે અને આગામી વર્ષમાં પણ ઉછાળા અને પછડાટ સાથે જ આગળ વધવું પડે એવા આર્થિક અને વૈશ્વિક સંયોગો રચાયા છે. આ સપ્તાહન વાત કરીએ તો બજાર એકંદરે રેન્જબાઉન્ડ રહેવાની ધારણાં છે. ટેક્નિલકલ નિષ્ણાતો માને છે કે અંતિમ સપ્તાહમાં બજારે ભલે સુધારો દાખવ્યો હોય પરંતુ બજારનો અંડર ટોન નરમ છે. જોકે કોઇ નક્કર ટ્રીગરના અભાવ વચ્ચે ટુંકા ગાળામાં કોઇ મોટા ઉછાળાની અપેક્ષા રાખી શકાય નહીં.

ટોચના ઇક્વિટી એનાલિસ્ટે જણાવ્યું છે કે, ત્રીસમી ડિસેમ્બરથી શરૂ થતા આ સપ્તાહ માટે, મેન્યુફેક્ચરિંગ પીએમઆઇ ડેટા અને માસિક ઓટો વેચાણ ડેટા પર ધ્યાન કેન્દ્રિત કરીને બજાર રેન્જબાઉન્ડ રહેવાની ધારણા છે, જ્યારે ટૂંકા ગાળામાં, ધ્યાન ધીમે ધીમે ડિસેમ્બર ક્વાર્ટરના કોર્પોરેટ શ્રેક્ષના પરિણામ અને કેન્દ્રીય અંદાજપત્ર અંગેની અટકળો પર શિફ્ટ થઈ શકે છે. સમીક્ષા હેઠળના ૨૭ ડિસેમ્બરના રોજ પૂરા થયેલા પાછલા સપ્તાહમાં બજાર થોડું નુકસાન વસૂલવામાં સફળ રહ્યું અને લગભગ એકાદ ટકાના વધારા સાથે બંધ થયું. એકંદરે, વર્ષના અંત અને રજાઓની મોસમની શરૂઆતને કારણે સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય મોરચે મોટા ટ્રિગર્સના અભાવને કારણે તે એક રેન્જબાઉન્ડ સપ્તાહ રહ્યું હતું.

જોકે સપ્તાહ વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)ના એકધારા આઉટફ્લો અને અણધારી રીતે અમેરિકન ડોલર સામે નબળો પડેલો રૂપિયો અને ખાસ કરીને વર્ષ ૨૦૨૫માં વ્યાજદરમાં ઘટાડો થવાની અપેક્ષાઓમાં ઘટાડા જેવી ચિંતા છોડી ગયું છે. નોંધવું રહ્યું કે, સમીક્ષા અગાઉના સપ્તાહમાં બેન્ચમાર્ક સૂચકાંકો લગભગ પાંચેક ટકા ઘટ્યા હતા. નિફ્ટી ૫૦ બેન્ચમાર્ક ૨૨૬ પોઈન્ટ (૦.૯૬ ટકા) વધીને ૨૩,૮૧૩.૪ પોઇન્ટની સપાટી પર અને બીએસઈ સેન્સેક્સ ૬૫૭ પોઈન્ટ (૦.૮૪ ટકા) વધીને ૭૮,૬૯૯ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો છે, જ્યારે નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ અને સ્મોલકેપ ૧૦૦ ઈન્ડેક્સ વલાર્જકેપ બેન્ચમાર્ક સામે અંડરપરફોર્મર રહ્યા હતા અને અનુક્રમે ૦.૧૩ ટકા અને ૦.૨૨ ટકા સુધારો નોંધાવ્યો છે. બેન્કિંગ, એફએમસીજી, ઓટો અને ફાર્મા શેરોમાં સુધારો જોવા મળ્યો હતો, જ્યારે આઈટી અને મેટલ શેરો દબાણ હેઠળ રહ્યા હતા.

**ફોરકાસ્ટ**
**નીલેશ વાઘેલા**

આગામી સમયમાં કોર્પોરેટ ક્ષેત્રના ત્રીજા ત્રિમાસિક સમયગાળાના પરિણામો પર બજારનું નોંધપાત્ર ધ્યાન અપેક્ષિત છે, જે બજારની આગામી ચાલને આકાર આપવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે, એમ જણાવતાં બજારના પીઢ નિરીક્ષકે કહ્યું હતું કે, રોકાણકારો તેમના પોર્ટફોલિયોને અંદાજપત્ર પૂર્વની અપેક્ષાઓના આધારે સંરેખિત કરે તેવી શક્યતા છે. આ સપ્તાહ માટે વધુમાં, તેમના મતે, ભારત, યુએસ અને ચીન માટેના પીએમઆઈ ડેટા તેમજ યુએસ બેરોજગારી દાવા જેવા મુખ્ય ડેટા પોઈન્ટ્સ રોકાણકારોના સેન્ટિમેન્ટને પ્રભાવિત કરશે. ઓટો સેક્ટર લાઈમલાઈટમાં રહેવાની શક્યતા છે, જે ડિસેમ્બરમાં વોલ્યુમમાં વૃદ્ધિની અપેક્ષા અને વેલ્યુએશનમાં સુગમતાની અપેક્ષા છે.

કોર્પોરેટ પરિણામ પર ખાસ નજર રહેશે અને તેને કારણે શેરલક્ષી કામકાજ જોવા મળશે. ક્રિએટિવ વિઝ્યુઅલ ઇફેક્ટ્સ સ્ટુડિયો ફેન્ટમ ડિજિટલ ઈફેક્ટ્સ લિમિટેડે ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૪ સુધીના સમયગાળા માટે નવા કોન્ટ્રાક્ટ્સ મેળવ્યા છે. આ પ્રોજેક્ટ્સ, આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક બંને બજારોમાંથી મળ્યા છે. આ કોન્ટ્રાક્ટનું કુલ મૂલ્ય રૂ. ૨૭ કરોડ છે, જેમાંથી રૂ. ૨૦ કરોડને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના બીજા ભાગમાં અને બાકીના રૂ. સાત કરોડ પછીના મહિનામાં કંપનીની આવકમાં ફાળો આપશે.

અન્ય કોર્પોરેટ હલચલમાં કસ્ટમાઇઝ્ડ ક્લીનરૂમ સોલ્યુશન્સમાં અગ્રણી ફેબટેક ટેકનોલોજી ક્લીનરૂમ લિમિટેડે વિસ્તરણ હેઠળ મોડ્યુલર ક્લીનરૂમ પેનલ સિસ્ટમ્સ, એચવીએસી સિસ્ટમ્સ, ઇપોક્સી ફ્લોરિંગ અને ઇલેક્ટ્રિકલ ઇન્સ્ટોલેશન્સ તૈયાર કર્યા છે. પ્રીએન્જિનિયર્ડ અને પ્રીફેબ્રિકેટેડ, ફેબટેકની ક્લીનરૂમ પેનલ્સ વ્યાપક ઓનસાઇટ ફેરફારોની જરૂરિયાતને દૂર કરે છે, જે સસ્તાં અને બહુમુખી સોલ્યુશન્સ ઓફર કરે છે.

વૈશ્વિક સ્તરે આ અઠવાડિયે રોકાણકારો યુનાઇટેડ સ્ટેટ્સના સાપ્તાહિક જોબ ડેટા અનેમંથલી વ્હીકલ સેલ્સ ડેટા પર નજર રાખશે. તે ઉપરાંત, ૨૦૨૪ના છેલ્લા મહિના માટે ઘણા દેશો (યુએસ, જાપાન, ચીન અને યુરો ઝોન સહિત)ના અંતિમ મેન્યુફેક્ટરિંગ પીએમઆઇ ડેટા પણ જોવામાં આવશે. સ્થાનિક મોરચે, નવેમ્બર માટે રાજકોષીય ખાધ, અને માળખાકીય ઉત્પાદન, તેમજ કેલેન્ડર વર્ષ ૨૦૨૪ના ત્રીજા ક્વાર્ટર માટે વિદેશી કરજના આંકડા ૩૧ ડિસેમ્બરે જાહેર કરવામાં આવશે, જ્યારે ડિસેમ્બર માટે એચએસબીસી મેન્યુફેક્ચરિંગ પીએમઆઇ ફાઇનલ ડેટા બીજી જાન્યુઆરીએ જાહેર કરવામાં આવશે. મેન્યુફેક્ચરિંગ પીએમઆઇ વધીને કામચલાઉ આંકડાઓ મુજબ, નવેમ્બરના ૫૬.૫ સામે વધીને ડિસેમ્બરમાં ૫૭.૪ સુધી પહોચ્યા હોવાનો અંદાજ વર્ષના છેલ્લા મહિનામાં ફેક્ટરી પ્રવૃત્તિમાં મજબૂતીનો સંકેત આપે છે

વધુમાં, ૨૦ ડિસેમ્બરે પૂરા થયેલા પખવાડિયા માટે બેંક લોન અને ડિપોઝિટ વૃદ્ધિ અને ૨૭ ડિસેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહ માટે વિદેશી હૂંડિયામણ અનામત ત્રીજી જાન્યુઆરીએ જાહેર થશે. ૨૦ ડિસેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહમાં વિદેશી વિનિમય અનામત વધુ ઘટીને ૬૪૪.૩૯ અબજ રહી છે, જે ૮.૪૮ અબજનો ઘટાડો દર્શાવે છે. વાસ્તવમાં આ વર્ષે અનામત ૨૭ સપ્ટેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહમાં નોંધાયેલા ૭૦૪.૮૯ બિલિયનના રેકોર્ડ ઉચ્ચ સ્તરેથી સતત ઘટી રહી છે.

# આઇપ્રુ રૂરલ ફંડનો બેન્ચમાર્ક નિફ્ટી રૂરલ ઈન્ડેક્સ

મુંબઈ: આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ મ્યુચ્યુઅલ ફંડે નિફ્ટી રૂરલ ઇન્ડેક્સ ટીઆરઆઇને બેન્ચમાર્ક તરીકે પસંદ કરીને આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ રૂરલ ઓપોર્ચ્યુનિટીઝ ફંડ જાહેર કર્યો છે, જે ગ્રામીણ અને સંલગ્ન થીમને અનુસરતી ઓપન એન્ડેડ ઇક્વિટી સ્કીમ છે, જે લાર્જ, મિડ અને સ્મોલ કેપ્સમાં રોકાણ કરી શકશે.

નિફ્ટી રૂરલ ઈન્ડેક્સનો ઉદ્દેશ્ય નિફ્ટી ૫૦૦ ઈન્ડેક્સમાંથી ગ્રામીણ થીમનું પ્રતિનિધિત્વ કરનારા શેરોની કામગીરીને ટ્રેક કરવાનો છે, પાત્ર મૂળભૂત ઉદ્યોગોમાંથી સૌથી મોટા ૭૫ શેરોની પસંદગી છ મહિનાની સરેરાશ ફ્રી ફ્લોટ માર્કેટ કેપિટલાઇઝેશનના આધારે કરવામાં આવે છે.

ભારતના જીડીપીનો નોંધપાત્ર હિસ્સો ગ્રામીણ વિસ્તારોમાંથી આવે છે અને ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અર્થતંત્રમાં સુધારો કરવા પર સરકારનું ધ્યાન કેન્દ્રિત છે, આ થીમ વિકાસની તકો પૂરી પાડવાની ક્ષમતા ધરાવે છે.

આ યોજના મુખ્યત્વે ગ્રામીણ ભારતના વિકાસ અને વિકાસમાં યોગદાન આપતા અને લાભ આપતા ક્ષેત્રોમાં રોકાણ કરશે. આ યોજનાનો ઉદ્દેશ્ય ગ્રામીણ અને સંલગ્ન ક્ષેત્રોમાં સંકળાયેલી કંપનીઓના ઇક્વિટી અને ઇક્વિટી સંબંધિત સાધનોમાં મુખ્યત્વે રોકાણ કરીને લાંબા ગાળાની એસેટ તૈયાર કરવાનો છે. આ એનએફઓ નવમી જાન્યુઆરીએ ખૂલશે અને ૨૩ જાન્યુઆરીએ બંધ થશે.

સરકારે ગ્રામીણ વિસ્તારોમાં પાયાની જરૂરિયાતો અને જીવનની ગુણવત્તા સુધારવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે, જેનાથી વ્યાપક વિકાસલક્ષી પ્રયાસોનો માર્ગ મોકળો થયો છે. એક દાયકાની સ્થિરતા અને સકારાત્મક માળખાકીય ફેરફારોમાંથી પસાર થયા પછી ગ્રામીણ માગમાં સુધારા સાથે, ગ્રામીણ થીમનો વ્યાપક અવકાશ બહુવિધ ક્ષેત્રોમાં વિસ્તરેલો છે. ■

# જયપ્રકાશ પાવર વેન્ચર્સને ₹ ૫૪ લાખનો દંડ

નવી દિલ્હી: સેબીએ જયપ્રકાશ પાવર વેન્ચર્સ અને તેના ટોચના અધિકારીઓને કંપનીના નાણાકીય નિવેદનોને ખોટી રીતે રજૂ કરવા બદલ દંડ ફટકાર્યો છે.

બજાર નિયમનકાર ધી સિક્યુરિટિઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)એ શુક્રવારે જયપ્રકાશ પાવર વેન્ચર્સ, તેના એમડી તથા સીઇઓ સુરેન જૈન તેમ જ અન્ય ટોચના અધિકારીઓ પર કંપનીના નાણાકીય નિવેદનોને ખોટી રીતે રજૂ કરવા બદલ કુલ રૂ. ૫૪ લાખનો દંડ ફટકાર્યો છે.

સેબી દ્વારા જેમના પર દંડ ફટકારવામાં આવ્યો છે, એવા અન્ય લોકોમાં કંપનીના ચેરપર્સન મનોજ ગૌર, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર્સ સુનિલ કુમાર શર્મા અને પ્રવીણ કુમાર સિંહ, ચીફ ફાઇનાન્શિયલ ઓફિસર આર કે પોરવાલ અને ભૂતપૂર્વ સંપૂર્ણ સમયના સભ્ય એમ કે વી રામા રાવનો સમાવેશ છે.

કેપિટલ માર્કેટ રેગ્યુલેટર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ તેના ૮૯ પાનાના આદેશમાં જણાવ્યું હતું કે, તેઓને ૪૫ દિવસની અંદર દંડની ચુકવણી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. ■

# મનમોહન સિંહના કાર્યકાળમાં સેન્સેક્સમાં ૧૮૦ ટકાનો ઉછાળો

મુંબઇ: મનમોહન સિંહના ૨૦૦૪થી ૨૦૦૯ના પ્રથમ કાર્યકાળ દરમિયાન શેરબજારનું પ્રદર્શન શાનદાર રહ્યું હતું. અન્ય કોઈપણ વડાપ્રધાનના કાર્યકાળની સરખામણીમાં બજારનું આ બીજું સૌથી મજબૂત પ્રદર્શન હતું. આ સમયગાળા દરમિયાન, સેન્સેક્સમાં ૧૮૦ ટકાનો ઉછાળો આવ્યો હતો, જ્યારે નિફ્ટીમાં પણ ૧૭૨ ટકાનો ઉછાળો આવ્યો હતો, જ્યારે પીવી નરસિમ્હા રાવ વડાપ્રધાન હતા, ત્યારે બંને બેન્ચમાર્કમાં થોડો વધુ વધારો જોવા મળ્યો હતો, જ્યારે સેન્સેક્સ ૧૮૧ ટકા વધ્યો હતો અને નિફ્ટી ૧૭૧.૪ ટકા વધવામાં સફળ રહ્યો હતો. રાવના નેતૃત્વ હેઠળ, મનમોહન સિંહ તે સમયે નાણા મંત્રાલયનું નેતૃત્વ કરી રહ્યા હતા અને ભારતમાં આર્થિક નીતિઓમાં મોટો ફેરફાર કરી રહ્યા હતા. ■

## ગુજરાત

# સુરતમાં પત્ની પીડિત પુરુષોની પુરુષ આયોગ બનાવવા માગ: ‘મર્દ એટીએમ નથી’ લખેલાં બેનરો સાથે વિરોધ

અમદાવાદ: તાજેતરમાં બેંગલુરુના એન્જિનિયર અતુલ સુભાષે પત્નીએ કરેલા કોર્ટ કેસથી કંટાળીને કરેલા આપઘાત મુદ્દે પત્ની પીડિત પતિઓએ સુરતમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેમણે કાયદામાં મહિલાઓના અધિકારોના દુરુપયોગનો મુદ્દો ઉઠાવી પુરુષ આયોગ રચવા માગ કરી હતી. દેખાવકારોએ કહ્યું હતું કે, ખોટા કેસો દ્વારા અત્યાચાર ગુજારાયેલા પુરુષોને ન્યાય આપવા માટે સરકારે નક્કર પગલાં લેવાં જોઈએ. મર્દને થતું દર્દ જીવલેણ હોય છે. મર્દ એટીએમ નથી.

સુરતમાં અઠવા લાઈન્સ સર્કલ ખાતે પત્ની પીડિત પુરુષો દ્વારા પ્રદર્શન યોજાયું હતું. અતુલ સુભાષના આપઘાત કેસના વિરોધમાં બેનરો સાથે વિરોધ કર્યો હતો. પુરુષોના અધિકારો એ માનવ અધિકાર છે, નકલી કેસ માનવતા વિરુદ્ધ ગુનો છે. ‘મેન નોટ એટીએમ’ જેવાં સૂત્રો લખી દેખાવકારોએ પુરુષોની પીડા વ્યક્ત કરી હતી. વિરોધ કરી રહેલા પુરુષોએ કહ્યું હતું કે, અતુલ સુભાષને ન્યાય મળવો જોઈએ અને સરકારે પુરુષો માટે યોગ્ય કાયદો બનાવવો જોઈએ. ઘણી મહિલાઓ પુરુષો પર ખોટા કેસ દાખલ કરે છે. વિરોધ કરી રહેલા પુરુષોએ કહ્યું હતું કે, અમે ભરણપોષણ ચૂકવીએ છીએ છતાં પત્ની અમને બાળકોને મળવા દેતી નથી. અમારી પાસે સેટલમેન્ટના નામે પૈસા માગવામાં આવે છે જે ગેરકાયદેસર છે. બીજી તરફ રાજકોટમાં પણ પત્ની પીડિત પતિએ તેની પત્ની પર ગંભીર આક્ષેપો કર્યા હતા. તેણે આક્ષેપ કરતાં કહ્યું હતું કે, પત્નીના પિતા અવારનવાર કોર્ટમાં જાય છે અને તેમણે રોકેલા વકીલ દ્વારા ભરણપોષણ માટે દબાણ કરવામાં આવે છે. ■

# ગુજરાતમાં આગામી પાંચ દિવસ વાતાવરણ શુષ્ક રહેશે: માઉન્ટ આબુમાં માઈનસ ૪ ડિગ્રી તાપમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના હવામાનમાં ભરશિયાળે પલટો જોવા મળ્યો હતો, રાજ્યના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ થતાં ખેડૂતોની હાલત કફોડી બની હતી. જે બાદ ફરી એક વખત ઠંડીનો માહોલ જામ્યો છે. રાજ્યમાં ઘણી જગ્યાએ વાદળછાયું વાતાવરણ અને ધુમ્મસ જોવા મળ્યું હતું. આ દરમિયાન હવામાન વિભાગે આગામી સપ્તાહ દરમિયાન રાજ્યનું વાતાવરણ કેવું રહેશે, તે અંગે આગાહી કરી હતી. હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યું હતું કે, આગામી સપ્તાહ દરમિયાન મોટા ભાગે વાતાવરણ સૂકું રહેશે. હાલ આ દરમિયાન માવઠાની કોઈ પણ પ્રકારની સંભાવના નથી. તે ઉપરાંત કોલ્ડવેવની શક્યતા જણાતી નથી. આગામી પાંચ દિવસ દરમિયાન પણ કોલ્ડવેવની કોઈ એલર્ટ આપવામાં આવી નથી. અરબ સાગર તરફથી આવતા ભેજ તથા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પસાર થઈ ગયું હોવાથી મહત્તમ તાપમાનનું પ્રમાણ ઘટ્યું છે. તેની અસર દૂર થતાં પાછું તાપમાન સામાન્ય થવા લાગ્યું છે.

આ સાથે જ તેમણે તાપમાન વિશે માહિતી આપતાં કહ્યું હતું કે, ગત ૨૪ કલાકમાં કોઈ પણ જગ્યાએ વરસાદ નોંધાયો નથી. જ્યારે રાજ્યમાં સૌથી ઓછું લઘુતમ તાપમાન નલિયામાં ૫.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે અમદાવાદમાં ૧૫ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ દરમિયાન માઉન્ટ આબુમાં ઠંડીનો તીવ્ર ચમકારો જોવા મળી રહ્યો છે. માઈનસ ચાર ડિગ્રી તાપમાન વચ્ચે મોટી સંખ્યામાં પર્યટકોએ ઠંડીની મોજ માણી હતી. માઉન્ટ આબુમાં બરફની ચાદર જામેલી જોવા મળી હતી.

આગામી દિવસોમાં તાપમાનની માહિતી આપતાં અભિમન્યુ ચૌહાણે જણાવ્યું હતું કે, આગામી પાંચ દિવસ દરમિયાન વાતાવરણમાં કોઈ ફેરફાર જોવા મળશે નહીં. આગામી પાંચ દિવસ દરમિયાન મોટા ભાગની જગ્યાઓએ તાપમાનમાં ૧થી ૨ ડિગ્રી વધારો જોવા મળશે. આગામી ૨૪ કલાક દરમિયાન અમદાવાદનું તાપમાન ૧૪-૧૫ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૪ ડિગ્રી રહેવાની સંભાવના છે. ■

# ગુજરાત વિધાનસભાના બજેટનું કદ વધી ૩.૭૦ લાખ કરોડ થવાનું અનુમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ૧૩થી ૨૦ ફેબ્રુઆરીની વચ્ચે શરૂ થવાની સંભાવના છે જે એક મહિના સુધી ચાલશે. રાજ્ય સરકારના ૨૮ વિભાગો અને તેની સાથે સંકળાયેલાં જાહેર સાહસો બજેટની કામગીરીમાં વ્યસ્ત બન્યાં છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના વર્ષના બજેટના કદમાં આ વખતે ૧૦થી ૧૨ ટકાનો વધારો થવાની સંભાવના છે એટલે કે ૨૦૨૪-૨૫ના બજેટનું કદ ૩.૩૨ લાખ કરોડ હતું તે વધીને ૩.૭૦ લાખ કરોડ થવાનો અણસાર નાણાં વિભાગનાં ટોચનાં સૂત્રોએ આપ્યો હતો.

સત્રના પ્રથમ દિવસે રાજ્યપાલનું પ્રવચન થશે ત્યાર બાદ દિવંગત પૂર્વ ધારાસભ્યો-મંત્રીઓને શોકાંજલિ અર્પણ કરાશે. બીજા દિવસે સત્રની શરૂઆતની સાથે પ્રશ્નોત્તરી બાદ પૂરક અને સુધારેલું બજેટ રજૂ થયા બાદ નવા નાણાકીય વર્ષ માટેનું બજેટ રજૂ થશે.

આ વખતે બજેટમાં નવી યોજનાઓ અને નવી દરખાસ્તો સાથે થોડું પરિવર્તન એટલા માટે આવી શકે તેમ છે કે નાણાં વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી ટી. નટરાજનની આગેવાનીમાં આ બજેટ તૈયાર થઈ રહ્યું છે. તેમની સાથે ઇકોનોમિક અફેર્સના સેક્રેટરી આરતી કનવર, એક્સપેન્ડિચર સેક્રેટરી કે.કે.નિરાલા અને બજેટના એડિશનલ સેક્રેટરી આનંદ પટેલ સામેલ છે. આ અધિકારીઓની ટીમ કદાચ પહેલી વાર આગામી વર્ષનું બજેટ બનાવશે. ■

# અમદાવાદમાં ૩૧મી ડિસેમ્બરે યોજાનારી પાર્ટીઓને ધ્યાને રાખી પોલીસે હોટેલ સંચાલકો સાથે મીટિંગ કરી

અમદાવાદ: ગુજરાતમાં પોલીસે ૩૧મી ડિસેમ્બરની ઉજવણી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ના બને અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સઘન ચેકિંગ હાથ ધર્યું છે. પોલીસે વાહન ચેકિંગ ઉપરાંત હોટેલોમાં પણ તપાસ શરૂ કરી છે. અમદાવાદ પોલીસે શહેરમાં સ્થિત હોટેલ સંચાલકો સાથે મીટિંગ કરીને કેટલાક નિયમો તૈયાર કર્યા હતા. પ્રાપ્ત વિગતો પ્રમાણે ૩૧મી ડિસેમ્બરે હોટેલોમાં યોજાનારી ડાન્સ પાર્ટીઓને ધ્યાનમાં રાખી પશ્ચિમ અમદાવાદમાં આવેલી હોટેલના માલિક, સંચાલક, મૅનેજર, સિક્યોરિટી ઑફિસરો સાથે ઝોન-૧ ડીસીપીની અધ્યક્ષતામાં મીટીંગ યોજાઈ હતી. જેમાં હોટેલ સીસી ટીવી કૅમેરાથી સજ્જ રાખવી, સીસી ટીવીના મોનિટરિંગ માટે અલગ રૂમ રાખવા અને ત્યાં એક કર્મચારીને રાખવો, હોટેલના તમામ સ્ટાફનું પોલીસ વેરિફિકેશન ફરજિયાત કરવા અંગે જણાવાયુ હતું. હોટેલમાં આવતા દરેક ગ્રાહક તેમ જ તેમની સામગ્રીનું સ્કેનિંગ કરવા કડક સૂચના આપવામાં આવી હતી.

આ મીટિંગમાં હોટેલના એન્ટ્રી, એક્ઝિટ, પાર્કિંગ સહિતની તમામ જગ્યાએ સીસી ટીવી કૅમેરા લગાવવા અને તે માટે સર્વેલન્સ રૂમ રાખી એક કર્મચારી મૂકવા સૂચના અપાઈ હતી. તે ઉપરાંત હોટેલમાં આવતા ઉદ્યોગપતિઓ, વેપારીઓ, રાજકારણીઓ તેમ જ અન્ય ગ્રાહકોની સુરક્ષા અંગે હોટેલના તમામ સ્ટાફ મેમ્બર માટે પોલીસ વેરિફિકેશન ફરજિયાત કરવામાં આવ્યું છે. હોટેલના સિક્યોરિટી ઑફિસર તેમ જ સિક્યુરિટી ગાર્ડ માટે ફિઝિકલ ફિટનેસ સર્ટિફિકેટ પણ ફરજિયાત કરાયું છે. આ મીટિંગમાં આઠ પોલીસ સ્ટેશનના પીઆઈ, એસીપી તેમ જ ૩૮ હોટેલોના સંચાલક-સિક્યોરિટી ઑફિસર હાજર રહ્યા હતા.

# ગુજરાત એટીએસ અને સુરત પોલીસે ઈન્ટરનેશનલ કોલને લોકલમાં કન્વર્ટ કરતી ગેંગનો પર્દાફાશ કર્યો

અમદાવાદ: ગુજરાત એટીએસ અને સુરત એસઓજી પોલીસે ઈન્ટરનેશનલ કોલને લોકલમાં કન્વર્ટ કરતી ગેંગનો પર્દાફાશ કર્યો હતો. સુરત શહેરના અડાજણ અને વેસુ વિસ્તારમાં બે ઠેકાણે એટીએસ અને સુરત એસઓજી પોલીસે દરોડા પાડી જીયોની ૭૫૦ લાઈન થકી કોલ ડાયવર્ટ કરતાં ખાનગી એક્સચેન્જના ખેલનો ભાંડો ફોડ્યો હતો.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ગુજરાત એટીએસને બાતમી મળી હતી કે, ઈન્ટરનેશનલ કોલને લોકલ કોલમાં કન્વર્ટ કરતાં કેટલાંક સેન્ટરો સુરતમાં ધમધમી રહ્યાં છે. આ બાતમીને આધારે એટીએસની ટીમ સુરત પહોંચી હતી અને એસઓજી પોલીસ તથા ટેકનિકલ એક્સપર્ટને સાથે રાખી તપાસ શરૂ કરી હતી. આ તપાસમાં શહેરના અડાજણ પાટીલા વિસ્તારના બસ સ્ટેન્ડ બહાર જોયોઝ હબ અને વેસુમાં એલ્યુલ્ટ શોપર્સ નામનાં બિલ્ડિંગમાંથી આ રેકેટ ઑપરેટ થતું હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે પૂરતી માહિતી એકઠી કરીને આ બંને સ્થળે દરોડા પાડ્યા હતા.

અડાજણ બસ ડેપોના જોયોઝ હબ બિલ્ડિંગમાં તપાસ દરમિયાન જીઓ કંપનીની એસઆઈપી લાઇનનો ઉપયોગ કરાતો હોવાનું જણાતાં જીઓનાં સેલ્સ મૅનેજર વિરલ રમેશભાઈ ડોડિયાએ પોલીસને જણાવ્યું હતું કે, હોમ સેટઅપ એન્ડ પ્લાનર પ્રાઇવેટ લિમિટેડ કંપની માટે એસઆઇપી લાઈન સર્વિસ લેવા ભગતસિંહ પરમારે અરજી કરી હતી. આ અરજીમાં કંપનીની રજિસ્ટર ઑફિસ મુંબઈના કુર્લામાં હોવાનું અને તે મિનિસ્ટ્રી ઑફ કોર્પોરેટ અફેર્સમાં નોંધાયેલી હોવાના દસ્તાવેજ પણ રજૂ કરાયા હતા. પૂરતાં ડોક્યુમેન્ટ સબમિટ કરાતાં તેઓને ૨૭ ઓક્ટોબરે ૨૫૦ ચેનલ સેટઅપ કરી એસઆઇપી લાઈન ચાલુ કરી અપાઈ હતી.

વેસુમાં એલ્યુલ્ટ શોપર્સમાં સન ઈન્ફ્રાસાઇટ પ્રાઇવેટ લિમિટેડ કંપની દ્વારા આવું એક્સચેન્જ ચલાવાતું હતું. અહીં સોનીપાલ અનુભવ શ્રીવાસ્તવ દ્વારા જીઓ કંપનીમાં અરજી કરી ૨૫૦ ચેનલનું સેટઅપ ઇન્સ્ટોલ કરાવાયું હતું. આ બંને એક્સચેન્જમાં કોઈ પણ રીતે વિદેશથી આવતા કોલને અનઅધિકૃત રીતે ભારતમાં ઇચ્છિત ફોન નંબર ઉપર, અનઅધિકૃત લોકલ કોલમાં ડાયવર્ટ કરી દેવાતા હતા. ■


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

હિન્દુહૃદયસમ્રાટ બાલાસાહેબ ઠાકરે ટ્રોમા કેર મ્યુનિસિપલ હોસ્પિટલ, જોગેશ્વરી (ઈ), મુંબઈ-૪૦૦૦૬૦

નં. HO/૮૧૫૩/HBTH તા. ૨૭/૧૨/૨૦૨૪

**ઈ-ટેન્ડર નોટિસ**

આ એક ઈ-ટેન્ડર નોટીસ છે. બૃહદ્ મુંબઈના મ્યુનિસિપલ કમિશ્નર નીચેના કામ માટે ટૂંકું ઈ-ટેન્ડર મંગાવે છે.

| ક્રમ. | બીડ નં. | ટેન્ડર ફી | બારડી રૂા. | બીડ પ્રારંભ તારીખ અને સમય | પ્રી-બીડ મીટીંગ તારીખ અને સમય | બીડ સમાપ્તિ તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | HBT ટ્રોમા કેર હોસ્પિટલ ખાતે સંલગ્ન કામ સાથે આયુર્વેદ OPD, પેથોલોજી લેબ, ૨જો માળ, ફિમેલ સ્ટાફ ટોઈલેટનું રિપેરીંગ અને રિનોવેશન. ઈ-ટેન્ડર ID-૨૦૨૪_MCGM_૧૧૧૫૯૬૪ | ૩૩૦૦/- +૧૮% GST | રૂા. ૧૯,૦૦૦/- | ૩૦.૧૨.૨૦૨૪ ના ૧૩ ક. | N.A. | ૦૫.૦૧.૨૦૨૫ ના ૧૩ ક. |

ઈચ્છુક ટેન્ડરરે ટેન્ડરની વધુ વિગતો માટે વેબસાઈટ (https://mahatenders.gov.in) ખાતે મુલાકાત લેવી. સુધારો જો કોઈ હોય તો માત્ર મહાટેન્ડર અને MCGM પોર્ટલ (https://portal.mcgm.gov.in) પર જ પ્રકાશિત થશે. ટેન્ડર દસ્તાવેજ ટપાલથી જારી કે સ્વીકૃત થશે નહીં.

સહી/-
મેડીકલ સુપરિન્ટેડન્ટ
હિન્દુહૃદયસમ્રાટ બાલાસાહેબ ઠાકરે ટ્રોમા કેર મ્યુનિસિપલ હોસ્પિટલ, જોગેશ્વરી (ઈ)

PRO/2098/ADV./2024-25

વૃક્ષો વાવો, વૃક્ષોનું જતન કરો.

# નવી મુંબઈ ઈન્ટરનેશનલ ઍરપૉર્ટ પર સૌપ્રથમ કૉમર્શિયલ પ્લેનનું પહેલું ઉતરાણ, એપ્રિલમાં ઉદ્ઘાટન થવાની સંભાવના

મુંબઈઃ નવી મુંબઈ ઈન્ટરનેશનલ ઍરપૉર્ટ પર તેની પ્રથમ કૉમર્શિયલ ફ્લાઈટનું રવિવારે (૨૯ ડિસેમ્બર)ના રોજ સફળતાપૂર્વક લૅન્ડિંગ થવા સાથે ઍરપૉર્ટની શુભ શરૂઆત થઈ છે, તેમ કહી શકાય. ઈન્ડિગો ઍરલાઈન્સનું એ૩૨૦ ઍરક્રાફ્ટ મુંબઈથી ઊડ્યું અને નવી મુંબઈ ઍરપૉર્ટના ૦૮/૨૬ તરીકે ઓળખાતા રનવે પર લૅન્ડ થયું. પ્લેનના સફળતાપૂર્વક (જુઓ પાનું ૪)



**શુભ શરૂઆતઃ** નવી મુંબઈ ઈન્ટરનેશનલ ઍરપૉર્ટ પર તેની પ્રથમ કૉમર્શિયલ ફ્લાઈટનું રવિવારે સફળતાપૂર્વક લૅન્ડિંગ થયું હતું. (એજન્સી)

### ૧૭ એપ્રિલે ઍરપૉર્ટનું ઉદ્ઘાટન

નવી મુંબઈ ઈન્ટરનેશનલ ઍરપૉર્ટ (એનએમઆઈએ)નું ઉદ્ઘાટન ૧૭ એપ્રિલ, ૨૦૨૫ના રોજ થવાની સંભાવના છે, પરંતુ સ્થાનિક ફ્લાઈટ્સ મે મહિનામાં શરૂ થવાની અપેક્ષા છે. નવી મુંબઈના ઍરપૉર્ટના કારણે છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ ઍરપૉર્ટ પર ટ્રાફિક હળવો થવાની અપેક્ષા છે. આ ઉપરાંત, તે નવી મુંબઈ ક્ષેત્રને વધતી કનેક્ટિવિટી અને વિકાસ સાથે મોટું પ્રોત્સાહન આપશે તેવી પણ અપેક્ષા છે. ■

## મુંબઈ આંતરરાષ્ટ્રીય ઍરપૉર્ટ ખાતે ફાસ્ટ ટ્રેક ઈમિગ્રેશન સિસ્ટમ લોન્ચ મુલતવી રખાઈ

મુંબઈઃ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈમિગ્રેશન ક્લિયરન્સ પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે ફાસ્ટ ટ્રેક ઈમિગ્રેશન-ટ્રસ્ટેડ ટ્રાવેલર પ્રોગ્રામ (એફટીઆઈ-ટીટીપી)નો પ્રારંભ મોકૂફ રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમ, જે બાયોમેટ્રિક્સ દ્વારા પ્રવાસીઓની વિગતોની ચકાસણી કરશે, તેનું ઉદ્ઘાટન ૩૦ ડિસેમ્બરે મુંબઈ એરપોર્ટ પર થવાનું હતું, પરંતુ બ્યુરો ઑફ ઈમિગ્રેશને નવી તારીખની જાહેરાત કર્યા વિના આ કાર્યક્રમને મુલતવી રાખ્યો છે.

એરપોર્ટ પર આંતરરાષ્ટ્રીય મુસાફરો માટે ઇમિગ્રેશન પ્રક્રિયાના સમયને ઘટાડવા માટે, ગૃહ મંત્રાલયે જૂનમાં એફટીઆઈ-ટીટીપી પ્રોગ્રામ શરૂ કર્યો હતો. આ સુવિધા સૌપ્રથમ દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર શરૂ કરવામાં આવી હતી અને તેને દેશભરના ૨૧ એરપોર્ટ પર શરૂ કરવામાં આવશે. પ્રારંભિક તબક્કામાં, મુંબઈ એરપોર્ટ સહિત કુલ સાત એરપોર્ટને આવરી લેવામાં આવશે.

આ કાર્યક્રમ ૩૦ ડિસેમ્બરે અમદાવાદ ખાતે સ્ટેજીંગ ઈવેન્ટ સાથે મુંબઈ, ચેન્નાઈ, કોલકાતા, બેંગલુરુ, હૈદરાબાદ, કોચીન અને અમદાવાદ ખાતે લોન્ચ થવાની ધારણા હતી, પરંતુ હવે આગામી તારીખની ઘોષણા વિના તે મુલતવી રખાયો છે. સૂત્રો પાસેથી મળેલી જાણકારી મુજબ ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહના નિધનને કારણે આ કાર્યક્રમ મુલતવી રાખ્યો છે અને સંભવતઃ શોકના સમયગાળા પછી તારીખ જાહેર થઇ શકે છે. ૨૦૨૫માં હવાઈ (જુઓ પાનું ૪)

## મુંબઈથી નવી મુંબઈ ઍરપૉર્ટને મેટ્રો દ્વારા જોડવામાં આવશેઃ હાઈ સ્પીડ મુસાફરી માટે સિડકોનો મોટો નિર્ણય

મુંબઈઃ રાજ્યમાં માળખાકીય સુવિધાઓના નિર્માણને મોટા પાયે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ પૃષ્ઠભૂમિમાં, રસ્તાઓ, જળમાર્ગો અને હવાઈ માર્ગોને મજબૂત બનાવવામાં આવી રહ્યા છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ખાતરી આપી હતી કે રાજ્યના દરેક ભાગને હવાઈ માર્ગે જોડવા સાથે હાલના એરપોર્ટના વિસ્તરણના કામને વેગ મળવો જોઈએ, આ કામોને કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર દ્વારા પૂરતો સહયોગ આપવામાં આવશે. સિડકોના મેનેજિંગ ડિરેક્ટર વિજય સિંઘલે રવિવારે એવી માહિતી આપી છે કે મુંબઈ એરપોર્ટથી નવી મુંબઈ એરપોર્ટને મેટ્રો દ્વારા જોડવામાં આવશે.

મુંબઈ, થાણે, કલ્યાણ ડોમ્બિવલી મેટ્રોને સીધી નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ સાથે જોડવામાં આવશે. એરપોર્ટને મુંબઈના દરિયા અને ખાડીઓનો ઉપયોગ કરીને જળ પરિવહન દ્વારા જોડવામાં આવશે. તેથી, એવો અંદાજ છે કે દર વર્ષે ૯ કરોડ મુસાફરો આ એરપોર્ટનો ઉપયોગ કરશે. મુંબઈ એરપોર્ટ પાસે એક રનવે છે, પરંતુ નવી મુંબઈ એરપોર્ટ પાસે બે રનવે હોવાથી તેની ક્ષમતા બમણી છે. એરપોર્ટમાં ચાર ટર્મિનલ છે અને ચારેય ટર્મિનલ આંતરિક રીતે જોડાયેલા હશે. જેથી કરીને કોઈપણ ટર્મિનલથી અંદર આવતા મુસાફર ઈચ્છિત ગંતવ્ય સ્થાન સુધી પહોંચી શકશે. હાલમાં મુંબઈ એરપોર્ટ પર જવા માટે અને અન્ય ટર્મિનલ પર જવા માટે ખાનગી વાહનો પકડીને જવું પડતું હોવાથી ભવિષ્યમાં (જુઓ પાનું ૪)

## વિમાનના મુસાફરોને થળ અને જળ મુસાફરીની સુવિધા વધારવા પ્રાધાન્ય

મુંબઈઃ 'રાજ્યમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ પર વધુ ભાર મૂકી તમામ ભાગોને ઍર ટ્રાફિક સાથે જોડવા માટે આવા માર્ગ, પાણી (થળ-જળ) અને હવાઈ જોડાણને મજબૂત બનાવવામાં આવી રહ્યું છે. હાલના તમામ ઍરપૉર્ટના વિસ્તરણના કાર્યને વેગ આપવો જોઈએ. આ શક્ય બને એ માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર તમામ સંભવિત સહાય પૂરી પાડશે' એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું. મહારાષ્ટ્ર ઍરપૉર્ટ ડેવલપમેન્ટ કંપનીના બોર્ડ ઑફ ડિરેક્ટર્સની બેઠક રવિવારે સહ્યાદ્રી ગેસ્ટ હાઉસમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં યોજાઈ હતી.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વધુમાં જણાવ્યું હતું કે રાજ્યમાં ઍર કનેક્ટિવિટી વધારવાને ઘણો અવકાશ છે. કેન્દ્ર સરકારની નાગરિક ઉડ્ડયન યોજનાઓની સાથે-સાથે ઍરપૉર્ટના વિકાસ, તેના વિસ્તરણ, રાત્રિ ઉતરાણની સુવિધા, રનવેની લંબાઈ વધારવા માટે રાજ્યના ભંડોળનો ઉપયોગ કરીને ભાર મૂકવો જોઈએ. આમ કરવાથી હવાઈ મુસાફરોને આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ થશે. મુખ્ય પ્રધાને રત્નાગીરી, શિરડી, અમરાવતી (બેલોરા), પુરંદર, કરાડ, ચંદ્રપુર, (મોરવા) સોલાપુર, ધૂળે, ફલટન, અકોલા અને ગઢચિરોલીમાં ચાલી રહેલાં ઍરપૉર્ટનાં કામની પણ સમીક્ષા કરી હતી. ■

# મુંબઈના દરિયામાં ફરીથી અકસ્માત થયો, હવે માછીમાર બોટની સાથે કાર્ગો શિપ અથડાઈ

મુંબઈઃ મુંબઈ નજીક દરિયામાં વધુ એક બોટ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં માછીમારોની બોટ માલવાહક જહાજ સાથે અથડાઈ હતી. જો કે હાલ આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ હોવાની માહિતી સામે આવી નથી. કહેવાય છે કે શનિવારે મોડી રાત્રે માછીમારોની એક બોટ ચીનના CALL SING BTSJ FLAG CHA કાર્ગો શિપ સાથે અથડાઈ હતી. આ અકસ્માત રાત્રે ૧૨ વાગ્યાની આસપાસ થયો હતો.

માલવાહક જહાજ સાથે અથડાયા બાદ માછીમારોની બોટ દરિયામાં ડૂબવા લાગી હતી. માછીમારોને બચાવવા માટે રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. ડૂબતી બોટને બચાવવા માટે નજીકમાં હાજર માછીમારોની બોટ ધસી ગઈ હતી. આ ઘટનાની માહિતી મળતા જ નેવી અને કોસ્ટ ગાર્ડની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. જે બાદ રાહત અને બચાવ કાર્ય ઝડપથી શરૂ કરવામાં આવ્યું હતું.

સત્તાવાર માહિતી અનુસાર, નેવી અને કોસ્ટ ગાર્ડની ટીમો ડૂબતી બોટના માછીમારોને મદદ કરવા ગઈકાલ રાતથી કામ કરી રહી છે. આ લખય છે ત્યાં સુધી આ સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ હોવાની માહિતી નથી.

વાચકોને યાદ હશે કે આ પહેલા ૧૮ ડિસેમ્બરે નેવીની બોટ મુંબઈના દરિયાકાંઠે પેસેન્જર બોટ સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં ૧૪ લોકોનાં મોત થયાં હતાં. ■

# પ્રધાનપદ, મંત્રાલય હોલ અને સરકારી બંગલો પણ મળ્યો, પરંતુ હજુ સુધી ફડણવીસની કેબિનેટના અડધોઅડધ પ્રધાને નથી સ્વીકાર્યો પદભાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લાંબી રાહ જોયા બાદ મહાયુતિ સરકારમાં પ્રધાનોના શપથ થયા અને પોર્ટફોલિયોની વહેંચણી કરવામાં આવી હતી. જો કે ખાતાની ફાળવણી બાદ પ્રધાનોને હોલ પણ ફાળવવામાં આવ્યા હોવા છતાં હજુ પણ ૧૮ જેટલા પ્રધાનોએ પદભાર સ્વીકાર્યો નથી. તેથી આ પ્રધાનો હવે નવા વર્ષમાં જ કાર્યભાર સંભાળે તેવી શક્યતા છે. ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના નિધન બાદ સાત દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરવામાં આવી છે. તેથી, આ વર્ષના બાકીના બે દિવસમાં પદભાર સંભાળવાની શક્યતા ઓછી છે. જો કે ખાસ વાત એ છે કે આ પ્રધાનોએ આ પહેલા પણ ચાર્જ સંભાળ્યો ન હતો. દત્તા ભરણેના પરિવારના સભ્યો જેમણે હોદ્દો સંભાળ્યો નથી તે વિદેશ ગયા છે.

### કયા મંત્રીએ ચાર્જ ન લીધો?

આશિષ શેલાર
અતુલ સાવે
નરહરિ ઝિરવાળ
ભરત ગોગાવલે
ગુલાબરાવ પાટીલ
દાદાજી ભૂસે
જયકુમાર રાવલ
માણિકરાવ કોકાટે
મકરંદ પાટીલ
યોગેશ કદમ
પંકજ ભોયર
બાબાસાહેબ પાટીલ
દત્તાત્રય ભરણે
પ્રકાશ આબિટકર
માધુરી મિસાળ
આશિષ જયસ્વાલ
મેઘના બોર્ડીકર

### પાલક પ્રધાનપદને લઈને ત્રણે પક્ષો વચ્ચે ખેંચતાણ?

બીજી તરફ મહારાષ્ટ્રમાં જ્યારથી મહાયુતિની સરકાર આવી છે ત્યારથી મહાયુતિમાં અંધાધૂંધી ચાલુ છે. ચૂંટણીના પરિણામો બાદ શરૂઆતમાં મુખ્ય પ્રધાનપદને લઈને લાંબું સસ્પેન્સ રહ્યું હતી. આ પછી એવા અહેવાલો આવ્યા હતા કે એકનાથ શિંદે નારાજ છે. ત્યાર બાદ પ્રધાનમંડળના વિસ્તરણ બાદ પ્રધાનોના વિભાગોની વહેંચણી કરવામાં આવી છે ત્યારે હવે મહાયુતિના ત્રણેય પક્ષો પાલક પ્રધાનપદને લઈને લડી રહ્યા છે. મહારાષ્ટ્રની ચૂંટણીમાં મહાયુતિ, ભાજપ, શિવસેના અને એનસીપી નામના ત્રણ મોટા પક્ષો સાથે આવ્યા છે અને વિધાનસભામાં મોટી સફળતા મેળવી હતી. આ જીત બાદ પણ ત્યાં કેબિનેટના વિસ્તરણમાં ૧૬ દિવસ લાગ્યા. તેમ જ પ્રધાનમંડળ વિસ્તરણમાં ત્રણેય પક્ષોના વડાઓએ સાવચેતીભર્યું વલણ અપનાવવું પડ્યું હતું. દરમિયાન શિવસેના અને (જુઓ પાનું ૪)

### કયા જિલ્લામાં કયા પક્ષો વચ્ચે વિવાદ?

મહારાષ્ટ્રના રાયગઢમાં એનસીપી અને શિવસેના વચ્ચે પાલક પ્રધાનપદને લઈને ઘર્ષણ છે, જ્યારે ગઢચિરોલી જિલ્લામાં ભાજપ અને શિવસેના વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. સંભાજીનગરમાં પણ ભાજપ અને શિવસેના વચ્ચે ટક્કર છે. ભાઈ-બહેન પંકજા અને ધનંજય મુંડે બીડમાં પ્રધાન બન્યા છે, જ્યાં ભાજપ અને એનસીપી પાલક પ્રધાનપદ માટે ટગ ઑફ વોરમાં છે. રાજ્યની જનતાએ બહુમતી સરકાર આપી હોવા છતાં સરકાર નારાજ નેતાઓને શાંત પાડવામાં સફળ થઈ રહી નથી અને તેને કારણે હવે વિરોધીઓ સત્તાધારી મહાયુતિમાં થઈ રહેલા તાલને જોઈ રહ્યા છે. ■

### ક્યા જિલ્લાઓમાં પાલક પ્રધાનપદનો વિવાદ?


મુંબઈ શહેર અને મુંબઈ ઉપનગર
કોંકણ- સિંધુદુર્ગ, રત્નાગીરી અને રાયગઢ
મરાઠવાડા- સંભાજીનગર, બીડ
ઉત્તર મહારાષ્ટ્ર- નાસિક
થાણે શહેર અને નવી મુંબઈ
કોલ્હાપુર ■

# પુણેમાં 'કલર વોર': રંગની આડશમાં જગ્યા પર કબજો કરવાની કોશિશનો આરોપ

### ભાજપના સંસદસભ્યએ લીલા રંગ પર ભગવો રંગ ચોપડી દીધો

પુણેઃ પુણેના સદાશિવ પેઠ વિસ્તારમાં રંગ યુદ્ધ - કલર વોર ચાલી રહ્યું છે. ભારતીય જનતા પક્ષનાં સંસદસભ્ય મેધા કુલકર્ણીએ આરોપ કર્યો હતો કે આ માત્ર રંગની વાત નથી, પણ રંગની આડશમાં જગ્યા પર કબજો કરવાની કોશિશ થઈ રહી છે. સદાશિવ પેઠમાં એક દીવાલના ખૂણાને લીલા રંગથી રંગી ચાદર સાથે ફૂલો ચડાવવામાં આવ્યા હોવાનો કિસ્સો સામે આવ્યો હતો. આ ઘટનાની જાણ થતા મેધા કુલકર્ણીએ સ્થળની તાત્કાલિક મુલાકાત લઈ કાર્યકરોની મદદથી લીલા રંગ પર કેસરી રંગ કરી ત્યાં ગણપતિનો ફોટોગ્રાફ મૂક્યો હતો. આ ઘટનાની ચર્ચાએ જોર પકડ્યું છે.

આ ઘટના બાદ મેધા કુલકર્ણીએ સોશિયલ મીડિયા પર આ અંગે પોસ્ટ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે 'શનિવારે સદાશિવ પેઠમાં જ્ઞાનપ્રબોધિની સ્કૂલની બાજુમાં આવેલી ગલીને લીલા રંગે રંગી હાર, ફૂલો અને અગરબત્તી મુકવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. તેની તસવીરો અને વીડિયો વોટ્સએપ પર વાયરલ થયા હતા. હું ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. વોટ્સએપ પર માહિતી જોયા પછી મેં એની ચકાસણી કરી. આ પહેલાં ક્યારેય આવો પ્રયાસ (જુઓ પાનું ૪)



# તારાપુરમાં એમઆઈડીસીમાં પરફ્યૂમની કંપનીમાં ભીષણ આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પાલઘર જિલ્લાના બોઈસરના તારાપુરમાં એમઆઈડીસીમાં પરફ્યૂમની કંપનીમાં રવિવારે ભીષણ આગ ફાટી નીકળઈ હતી. પરિસરમાં દૂર દૂર સુધી ધૂળના ધુમાડા દેખાઈ રહ્યા હતા. આગની જાણ થતા જ ફાયરબ્રિગેડ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.

તારાપુર એમઆઈડીસીમાં પ્લોટ નંબર-છમાં આવેલી યુકે ઍરોમૅટિક ઍન્ડ કેમિકલના કારખાનામાં રવિવારે સાંજે ભીષણ આગ લાગી હતી. આગની જાણ થતા ફાયરબ્રિગેડ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. રવિવાર હોવાથી કામગારોને રજા હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું.

યુકે ઍરોમૅટિક ઍન્ડ કેમિકલ કંપનીમાં અહીં મોટા પ્રમાણમાં કેમિકલનો સ્ટોક કરવામાં આવ્યો હોવાને કારણે (જુઓ પાનું ૪)

# હીરા પન્ના શોપિંગ સેન્ટરમાં આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં હાજી અલીમાં હીરા પન્ના શોપિંગ સેન્ટરમાં રવિવારે વહેલી સવારે આગ ફાટી નીકળી હતી. સદ્નસીબે આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી. આગ શોપિંગ સેન્ટરના ગ્રાઉન્ડ ફ્લોર પર બંધ બે દુકાનોમાં લાગી હતી.

ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ હાજી અલીમાં પંડિત મદનમોહન માલવિયા માર્ગ પર હીરા પન્ના શોપિંગ સેન્ટરમાં ગ્રાઉન્ડ ફ્લોર પર રહેલી બે દુકાનોમાં સવારના લગભગ નવ વાગ્યાની આસપાસ ધુમાડો નીકળી રહ્યો હોવાનું જણાયા બાદ તપાસ કરતા ત્યાં આગ લાગી હોવાનું જણાઈ આવ્યું હતું. તેથી ઘટના સ્થળે ચાર ફાયર એન્જિન, એક મિની મોટર ટેન્કર, ત્રણ જેટી, સહિતની ટીમ સાથે ફાયરબ્રિગેડ પહોંચી ગઈ હતી.

ફાયરબ્રિગેડના અધિકારીના જણાવ્યા મુજબ આગ હીરા પન્ના શોપિંગ મોલમાં ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા ૧૧ અને ૧૨ નંબરના ગાળામાં લાગી હતી. આગમાં દુકાનમાં રહેલું (જુઓ પાનું ૪)

# ઓશિવરામાં શ્વાનને ઍરગનથી ગોળી મારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અંધેરી પશ્ચિમમાં ઓશિવરા વિસ્તારમાં આવેલા હાઉસિંગ કોમ્પ્લેક્સમાં અજાણ્યા શખસે ઍરગનથી ગોળી મારતાં શ્વાન ગંભીર રીતે ઘવાયો હતો. અંધેરીની જ પ્રાણીઓની હૉસ્પિટલમાં શ્વાનની સારવાર કરવામાં આવી રહી છે. આ પ્રકરણે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના રવિવારની વહેલી સવારે ઓશિવરા સ્થિત શાંતિવન કોમ્પ્લેક્સમાં બની હતી. સોસાયટીના અમુક રહેવાસીઓએ ઍરગનથી ગોળી છૂટવાનો અવાજ સાંભળ્યો હતો. કમ્પાઉન્ડમાં દોડી આવેલા રહેવાસીઓની નજર જખમી ડૉગી પર પડી હતી. તેને તાત્કાલિક હૉસ્પિટલમાં લઈ જવાયો હતો. ડૉગીના શરીરમાં ઍરગનની ગોળી ખૂંપી ગઈ હતી, જેને પગલે તેને સર્જરીની જરૂર હોવાનું કહેવાય છે. રહેવાસીઓનું માનવું છે કે કોઈએ ફ્લૅટની બાલ્કનીમાંથી શ્વાનને ગોળી મારી હશે. ગોળી ચલાવનારને ઓળખી કાઢવા માટે સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસવામાં આવી રહ્યાં છે. ■

# મંત્રાલયથી વિધાનભવન મેટ્રો સ્ટેશન સબવે ૨૫ ટકા પૂર્ણ, ૨૦૨૫ સુધીમાં ખૂલશે

મુંબઈઃ મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ (એમએમઆરસીએલ)ના એક અધિકારીએ જણાવ્યું હતું કે, બની રહેલા વિધાનસભા ભવન મેટ્રો સ્ટેશન સાથે મંત્રાલયને જોડતા અંડરગ્રાઉન્ડ સબવેનું કામ ૨૫% પૂર્ણ થઈ ગયું છે. તેનો ઉદ્દેશ્ય મુખ્ય વહીવટી ઇમારતો વચ્ચે સરકારી કર્મચારીઓ માટે સરળ હિલચાલની સુવિધા આપવાનો છે. ૨૦૨૫માં સબવે કાર્યરત થવાની સંભાવના છે.

બધું સીકન્ટ પાઈલ વર્ક પૂર્ણ થઈ ગયું છે. મેડમ કામા રોડની નીચે ખોદકામ અને બેઝ આરસીસી સ્લેબનું કામ હાલમાં પ્રગતિમાં છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. ૯૯.૮૦ કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચ સાથેનું બાંધકામ રાજ્ય સચિવાલય અને વિધાનભવનના ઉચ્ચ સુરક્ષા ઝોનમાં કરવામાં આવી રહ્યું છે. પ્રસ્તાવિત ૩૦૬ મીટરનો સબવે મંત્રાલય, (જુઓ પાનું ૪)

# ભાજપમાં કલહઃ પ્રધાનપદ મળ્યા બાદ પણ પદનો મોહ છૂટતો નથી

### શેલાર, બાવનકુળેનો પ્રદેશાધ્યક્ષ છોડવાનો ઈનકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિધાનસભાની ટિકિટ અને પ્રધાનપદ માટે ભાજપમાં જોરદાર આંતરિક કલહ જોવા મળ્યો હતો. તેથી પ્રધાનમંડળની સ્થાપનમાં અને ખાતાની વહેંચણીમાં વિલંબ થયો હતો. હવે પ્રદેશ અને મુંબઈ અધ્યક્ષપદ પરથી પણ આવીજ પરિસ્થિતિ નિર્માણ થઈ છે, કારણકે પ્રધાનપદ મળ્યા બાદ પણ ચંદ્રશેખર બાવનકુળે પ્રદેશાધ્યક્ષપદ અને આશિષ શેલાર મુંબઈ અધ્યક્ષપદ છોડવા તૈયાર નથી. તેથી પ્રદેશાધ્યક્ષપદની સ્પર્ધામાં રહેલા ભૂતપૂર્વ પ્રધાન રવીન્દ્ર ચવ્હાણ ભાજપ રાજકીય સંઘટનના પ્રદેશ પ્રભારીની જવાબદારી હાલ સોંપવામાં આવી છે.

ભાજપમાં આંતરિક મતભેદ દૂર કરવા માટે અમિત શાહ પાસે જવાની ચર્ચા રાજકીય સ્તરે ચર્ચાઈ રહી છે. મતભેદ મટી જાય તો ૧૨ જાન્યુઆરીના શિરડીમાં થનારા ભાજપ પ્રદેશ અધિવેશનમાં નવા અધ્યક્ષના નામની જાહેરાત થઈ શકે છે એવું ભાજપનાં સૂત્રોનું કહેવું છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ ભૂતપૂર્વ પ્રધાન રવીન્દ્ર ચવ્હાણની પ્રદેશાધ્યક્ષપદ પર નિમણૂક કરવા માગે છે, કારણકે લોકસભા અને વિધાનસભાની ચૂંટણી સમયે રવીન્દ્ર ચવ્હાણે કોંકણમાં તેમને આપેલી જવાબદારી પ્રમાણિક રીતે પાર પાડી હતી. બંને ચૂંટણીમાં ભાજપને કોંકણમાં સારો વિજય મળ્યો છે. છતાં રવીન્દ્ર ચવ્હાણને પ્રધાનમંડળમાં સ્થાન મળ્યું નથી. તેથી તેમને પ્રદેશાધ્યક્ષ બનાવવા માટે પ્રયાસ ચાલી રહ્યા છે. તેથી રવીન્દ્ર ચવ્હાણ ભાજપ (જુઓ પાનું ૪)

### બીડમાં સરપંચની હત્યા

# સીઆઈડી તપાસ માટે બીડ પહોંચી

બીડઃ બીડ જિલ્લાના કેજ તાલુકામાં આવેલા મસ્સાજોગ ગામના સરપંચ સંતોષ દેશમુખની હત્યાના કેસની તપાસ માટે સીઆઈડી રવિવારે બીડ પહોંચી હતી. આ કેસના ફરાર મુખ્ય આરોપીઓની મિલકત જપ્ત કરવાની પ્રક્રિયા પણ સીઆઈડીએ હાથ ધરી હતી.

મસ્સાજોગના સરપંચ દેશમુખની હત્યા મામલે રાજકારણ ગરમાયું હોવાથી તપાસ સીઆઈડીને સોંપવામાં આવી હતી. રવિવારે સીઆઈડીના સુપરિન્ટેન્ડેન્ટ સચિન પાટીલ ટીમ સાથે બીડ પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા.

આ કેસના ત્રણ આરોપી સુદર્શન ઘુલે (૨૬), કૃષ્ણા આંધળે (૨૭) અને સુધીર (જુઓ પાનું ૪)

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**